RNI NO GUJ/GUJ/2006/24237

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમૂહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ આસો સુદ -૧૨ | ગુરૂવાર તા.૨૨-૧૦-૨૦૨૬ | અંક : ૧૦૩ વર્ષ : ૨૨ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઈરાન પર 'મધર ઓફ ઓલ બોમ્બ્સ' ફેંકવાની તૈયારી?

## મિડટર્મ પછી અમેરિકા-ઈઝરાયલનું ઈરાન પર મોટા હુમલાનું પ્લાનિંગ!

વોશિંગ્ટન,

અમેરિકા અને ઈઝરાયલ મિડટર્મ ચૂંટણીઓ પછી ઈરાનના પરમાણુ અને ઊર્જા ઠેકાણાઓ પર નાના અને તીવ્ર સૈન્ય હુમલાની યોજના બનાવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, સંભવિત લક્ષ્યોમાં ઈરાનના પરમાણુ કેન્દ્રો, મિસાઈલ-ડ્રોન ભંડાર અને ઊર્જા માળખાનો સમાવેશ થાય છે. જોકે, હજુ સુધી આ હુમલાના કોઈપણ પ્લાનને સત્તાવાર મંજૂરી મળી નથી. આ ઝુંબેશ ત્રણ દિવસની ટૂંકી પરંતુ તીવ્ર હોઈ શકે છે, જેનો હેતુ ઈરાનની અર્થવ્યવસ્થાને નુકસાન પહોંચાડીને તેને પરમાણુ મુદ્દે સમજૂતી કરવા માટે મજબૂર કરવાનો છે.




ઈરાનના પહાડો નીચે છુપાયેલા પરમાણુ સેન્ટર 'પિકએક્સ માઉન્ટેન' પર હુમલાની પ્રબળ સંભાવના છે. તાજેતરમાં જ અમેરિકન પ્રમુખે જણાવ્યું હતું કે તેઓ આ જગ્યા સામે ૨૨,૦૦૦ પાઉન્ડ વજની જીબીયુ-૪૩/બી, જેને મોઆબ એટલે કે 'મધર ઓફ ઓલ બંબ્સ' કહેવામાં આવે છે, તેના ઉપયોગ પર વિચાર કરી રહ્યા છે. બીજી તરફ, અમેરિકન અધિકારીઓ એ વાતને લઈને પણ ચિંતિત છે કે જો ઓઈલ રિફાઈનરી પ્લાન્ટ્સ પર હુમલો થાય તો અમેરિકામાં પેટ્રોલના ભાવ વધી શકે છે, જેથી ઊર્જા માળખાને નિશાન બનાવવા અંગે હજુ થોડી મૂંઝવણ છે.

જો નવો હુમલો થશે તો જવાબી કાર્યવાહી મર્યાદિત નહીં રહે તેવી સ્પષ્ટ ચેતવણી ઈરાને આપી છે. તેહરાને સંકેત આપ્યો છે કે તે સાઉદી અરેબિયાના ઓઈલ પ્લાન્ટ, ડેટા સેન્ટરો અને સમુદ્ર નીચે પાથરેલા ઈન્ટરનેટ કેબલોને પણ નિશાન બનાવી શકે છે. આ દરમિયાન ઈઝરાયલ દ્વારા ઈરાનની સરહદ નજીક એક મોટો વાયુસેના અભ્યાસ કરવામાં આવ્યો છે, જે સંભવિત હુમલાના માર્ગ જેવો જ હતો. ઈઝરાયલે સ્પષ્ટ કર્યું છે કે આ માત્ર એક તાલીમ અભ્યાસ હતો જેનો ઉદ્દેશ્ય ઈરાનને કડક સંદેશ આપવાનો હતો.

## હવે સરકારી શાળાઓમાં મનસ્વી ચેકિંગ નહીં ચાલે, અનધિકૃત પ્રવેશ અને ફોટો વિડિયોગ્રાફી પર રોક

ગાંધીનગર,

ગુજરાતમાં હાલમાં રાજકીય નેતાઓ અને અન્ય લોકો દ્વારા સરકારી શાળાઓમાં અચાનક જઈને ચેકિંગ કરવા અને વિવાદો સર્જાવાના કિસ્સાઓ સામે આવ્યા બાદ સરકારે આ મોટો નિર્ણય લીધો છે.જેમાં હવે સરકારી શાળામાં મંજૂરી વિના પ્રવેશ અને ફોટો-વિડીયોગ્રાફી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રાજ્ય સરકારના આ નવા પરિપત્રની વિગતો અનુસાર હવેથી કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિ કે બહારના વ્યક્તિએ સરકારી શાળાની મુલાકાત લેવા માટે અગાઉથી લેખિત મંજૂરી મેળવવી પડશે. આ ઉપરાંત, શાળા પરિસરમાં આવતા દરેક મુલાકાતીઓની નોંધ રાખવા માટે તમામ શાળાઓમાં 'વિઝિટર રજિસ્ટર' રાખવું ફરજિયાત કરવામાં આવ્યું છે. જેથી શાળામાં કોણ આવે છે અને કોને મળે છે તેની સંપૂર્ણ પારદર્શિતા જળવાઈ રહેશે. આ પરિપત્ર મુજબ શાળાના પરિસરમાં પરવાનગી વિના ફોટા પાડવા કે વિડિયો રેકોર્ડ કરવા પર પ્રતિબંધ છે. તેમજ જે વ્યક્તિઓ આ નિયમોનું ઉલ્લંઘન કરીને શાળામાં પ્રવેશ કરશે અથવા અધિકૃત પરવાનગી વિના ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરશે તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## રશિયાનો યુક્રેન પર હુમલો: પાંચના મોત

### ડોનાલ્ડ ટ્રમ્પનું ઝેલેન્સ્કી પર રશિયા સાથે ડીલ કરવા દબાણ

મોસ્કો,

રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધમાં રશિયાએ કરેલા મિસાઈલ-કમ-ડ્રોન હુમલામાં પાંચના મોત થયા છે અને ૨૫ને ઈજા થઈ છે, એમ યુક્રેને જણાવ્યું હતું. બીજી બાજુએ રશિયન પ્રમુખ પુતિને યુક્રેન યુદ્ધને લઈને કીવ અને વોશિંગ્ટન સાથે ત્રિપક્ષીય વાતચીત કરવા સંમતિ દાખવી છે.

રશિયાએ કીવમાં કરેલા હુમલામાં ત્રણના મોત થયા હતા અને ૧૨ને ઈજા થઈ હતી.આ સિવાય શહેરના ૧૦ રહેણાક મકાનોને નુકસાન થયું હતું. આ હુમલામાં કીવ અને બીજા ત્રણ શહેરના ઉર્જા પુરવઠાને નિશાન બનાવવામાં આવ્યા હતા. પૂર્વી શહેર ખાર્કિવ પર કરવામાં આવેલા ડ્રોન હુમલામાં બેના મોત થયા હતા અને ૧૧ને ઈજા થઈ હતી. રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેમના એર ડિફેન્સે ૩૭૩થી વધુ યુક્રેનિયન ડ્રોન આંતર્યા હતા.

પુતિનના વિદેશી સલાહકાર યુરી ઉશાકોવે જણાવ્યું હતું કે સેન્ટ પીટર્સબર્ગમાં પુતિન અને ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ વચ્ચે બેઠક થઈ હતી. આ બેઠક પછી પુતિન સૈદ્ધાંતિક રીતે ત્રિપક્ષીય વાતચીત કરવા સંમત થયા હતા. આ બેઠક સાડા ત્રણ કલાક ચાલી હતી. આ ત્રિપક્ષીય સંવાદમાં રશિયા-યુક્રેન યુદ્ધ પૂરુ થયા પછી સિક્યોરિટી સિસ્ટમ સ્થાપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રશિયાના વિદેશપ્રધાન સર્ગેઈ લાવરોવે જણાવ્યું હતું કે મોસ્કો અમેરિકાની યુક્રેન અંગેની નવી દરખાસ્ત સાંભળવા તૈયાર છે, પરંતુ તે વોશિંગ્ટન પાસેથી કોઈ ચમત્કારની આશા રાખતી નથી. ટ્રમ્પે મંગળવારે વ્હાઈટ હાઉસમાં જણાવ્યું હતું કે તેઓ ઈચ્છે છે કે ઝેલેન્સ્કી ડીલ કરે. અમે યુક્રેનને કેટલું બધુ આપ્યું, બદલામાં અમને કશું મળ્યું નથી. આ દરમિયાન ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે કીવને ફરીથી રશિયાના મિસાઈલોને લઈને તેના પાર્ટનર તરફથી પૂર્વચેતવણીઓ મળવા લાગી છે.

## રિલાયન્સ-યુએસ કોમર્શિયલ ટાઈ-અપ: જામનગર બનશે ગ્લોબલ ડીપ-ટેક અને ન્યૂ એનર્જી ઈનોવેશનનું મુખ્ય કેન્દ્ર

### અમેરિકી વિદેશ મંત્રી અને એમ્બેસેડરે રિલાયન્સની ગીગા-ફેક્ટરીઝ અને ડેટા સેન્ટર્સ પ્રોજેક્ટ્સની લીધી મુલાકાત

અમદાવાદ,

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો અને યુએસ એમ્બેસેડર સર્ગીયો ગોરે બુધવારે જામનગર સ્થિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની વિશ્વની સૌથી મોટી રિફાઈનરીની મુલાકાત લીધી હતી. રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણી અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણી સાથેની તેમની આ મુલાકાત દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે ગ્રીન એનર્જી, ડીપ-ટેક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે વ્યાપારી ભાગીદારીને લઈને



મહત્વપૂર્ણ મંત્રણા થઈ હતી.

આ હાઈ-પ્રોફાઈલ મુલાકાત દરમિયાન અમેરિકન ડેલિગેશનને રિલાયન્સના મેગા રિફાઈનરી કોમ્પ્લેક્સનો પ્રત્યક્ષ અનુભવ કરાવવામાં આવ્યો હતો. અંબાણી પરિવારે તેમને રિલાયન્સની નિર્માણાધીન અને તબક્કાવાર શરૂ થઈ રહેલી 'ન્યૂ એનર્જી ગીગા-ફેક્ટરીઝ' તેમજ ડેટા સેન્ટર્સના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સની વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત, જામનગર કોમ્પ્લેક્સને માત્ર રિફાઈનિંગ પૂરતું સીમિત ન રાખતા ભવિષ્યમાં તેને ડીપ-ટેક, ઈનોવેશન અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગના ગ્લોબલ હબ તરીકે વિકસાવવાનું વિઝન પણ અમેરિકી પ્રતિનિધિમંડળ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું.

બંને પક્ષો વચ્ચે ગ્લોબલ એનર્જી માર્કેટની વર્તમાન સ્થિતિ અને પરંપરાગત તેમજ રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં રહેલી નવી વ્યાપારી તકો પર ઉંડાણપૂર્વક ચર્ચા થઈ હતી. ખાસ કરીને સસ્તી અને વિશ્વસનીય ઊર્જાનો પુરવઠો, ટેક્નોલોજીકલ અપગ્રેડેશન, મજબૂત ગ્લોબલ સપ્લાય ચેઈન અને ભવિષ્યની વૈશ્વિક માંગને પહોંચી વળવા જરૂરી જંગી રોકાણ જેવા મુદ્દાઓ આ બેઠકના કેન્દ્રમાં રહ્યા હતા.

## સાઉદી અરેબિયાના એરપોર્ટ પર મધરાતે મોટો હુમલો

### સાઉદી સિવિલ એવિએશન ઓથોરિટીએ કરી પુષ્ટિ: અમેરિકાએ પોતાના નાગરિકોને તાત્કાલિક પાછા બોલાવ્યા

બહેરીન,

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ગંભીર અને ખતરનાક વળાંક પર પહોંચી ગયો છે. સામાન્ય રીતે એરપોર્ટ અને પેસેન્જર ફ્લાઈટ્સ કોઈપણ યુદ્ધ ક્ષેત્રમાં સૌથી સંવેદનશીલ અને સુરક્ષિત ક્ષેત્ર ગણાતા હોય છે. પરંતુ સાઉદી અરેબિયાના મુખ્ય ઈન્ટરનેશનલ એરપોર્ટ અને તેલના કુવાઓ પર થયેલા ઉપરા ઉપરી હુમલાઓએ વૈશ્વિક સુરક્ષા વ્યવસ્થા સામે મોટો સવાલ ઊભો કરી દીધો છે. આ સ્થિતિની ગંભીરતા એટલી વધી ગઈ છે કે વૈશ્વિક મહાસત્તા અમેરિકાએ પણ પોતાના અધિકારીઓને તાત્કાલિક અસરથી ત્યાંથી ખસી જવાની સૂચના આપવી પડી છે.



સાઉદી અરેબિયાના પૂર્વીય પ્રાંતમાં આવેલા અને પર્શિયન ગલ્ફ પાસે બહેરીન તેમજ કતારની સરહદ નજીક સ્થિત દમ્મામના જાણીતા 'કિંગ ફહદ ઈન્ટરનેશનલ એરપોર્ટ' પર બુધવારે મોડી રાત્રે અચાનક હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૧ સાઉદી નાગરિકનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. સાઉદી સિવિલ એવિએશન ઓથોરિટીએ ગુરુવારે સવારે અધિકૃત પુષ્ટિ કરતાં જણાવ્યું કે હુમલાના કારણે એરપોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ નુકસાન પહોંચ્યું છે.

ગ્લોબલ ફ્લાઈટ ટ્રેકિંગ સર્વિસ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર માહિતી જાહેર કરવામાં આવી હતી કે મધરાતે હુમલા બાદ મુસાફરોની સુરક્ષાને ધ્યાને રાખીને ઘણી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટ્સના રૂટ તાત્કાલિક ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. આ વિસ્તાર અગાઉ પણ હૂથી બળવાખોરોની મિસાઈલો અને પ્રોજેક્ટાઈલ હુમલાઓનું નિશાન બની ચૂક્યો છે.

જોકે આ તાજા હુમલા અંગે ઈરાન સમર્થિત હૂથી જૂથ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ સાઉદી ગઠબંધને જણાવ્યું છે કે તેમણે દેશના પૂર્વીય ક્ષેત્રમાં ૪ ડ્રોન હુમલાઓને સફળતાપૂર્વક ઈન્ટરસેપ્ટ કર્યા હતા.

## ફેક વીડિયોના આધારે રાજકીય રોટલા શેકવાનું બંધ કરો

### ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અમેરિકન રાષ્ટ્રપતિ ટ્રમ્પને આપ્યો જડબાતોડ જવાબ

ફ્રાન્સ,

ફ્રાંસમાં મોંઘવારી અને જીવનનિર્વાહના વધતા ખર્ચ સામે ફાટી નીકળેલા ઉગ્ર વિરોધ પ્રદર્શનો અને આગચંપી વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે ગંભીર રાજદ્વારી ટકરાવ સર્જાયો છે.

ટ્રમ્પે ફ્રાંસમાં ચાલી રહેલી લૂંટફાટ અને હિંસા માટે સીધા મુસ્લિમ, પ્રવાસીઓ અને શિથિલ ઈમિગ્રેશન નીતિઓને જવાબદાર ઠેરવી મેક્રોનને તાત્કાલિક સરહદો સીલ કરવાની સલાહ આપી હતી.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ફ્રાંસ ટૂંક સમયમાં મુસ્લિમ શહેર બની જશે એવા નિવેદનથી રોષે ભરાયેલા ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ટ્રમ્પનું નામ



લીધા વિના તેમના દાવાઓને સંપૂર્ણ પાયા વિહોણા,અસ્વીકાર્ય અને મૂર્ખતાભર્યા ગણાવી જડબાતોડ જવાબ આપતાં ગંભીર આક્ષેપો પણ કર્યા છે. સમગ્ર

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ખુલ્લેઆમ લખ્યું હતું કે ફ્રાંસ આગ અને હિંસામાં સળગી રહ્યું છે, તેથી હવે મેક્રોને વધુ મોડું કર્યા વગર દેશની તમામ સરહદો બંધ કરી દેવી જોઈએ અને કડક હાથે પરિસ્થિતિ પર કાબૂ મેળવવો જોઈએ. મેક્રોને આક્ષેમ કર્યો છે કે પ્રવાસીઓ કે ઈસ્લામવાદીઓએ ફ્રાંસ પર કબજો જમાવી લીધો હોવાના દાવા સાવ ખોટા છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડીપફેક ટેકનોલોજીની મદદથી બનાવટી દ્રશ્યો, ફોટાઓ અને હિંસાના ફેક વીડિયો વાઈરલ કરાઈ રહ્યા છે, જે હકીકતમાં ફ્રાંસમાં ક્યારેય જોવા જ નથી મળ્યા. મેક્રોને વધુમાં એવું પણ ઉમેર્યું હતું કે કેટલાક વિદેશી નેતાઓ પોતાના દેશની આંતરિક ચૂંટણીઓ અને રાજકીય પ્રચારમાં ફાયદો મેળવવા માટે ફ્રાંસની મુશ્કેલીઓ અને એઆઈ ફેક કન્ટેન્ટનો ઉપયોગ કરી રહ્યા છે, જે તદ્દન અયોગ્ય છે.

## અમિત શાહ ઓક્ટોબરના અંતમાં યુપી ચૂંટણી માટે મેદાનમાં ઉતરશે

### ભાજપ સંગઠનને મજબૂત બનાવવા, અને યુપી સરકારની સિદ્ધિઓને જનતા સુધી પહોંચાડવા પર કેન્દ્રિત થવાની સંભાવના

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશમાં ભાજપ ઓક્ટોબરના અંત પહેલા આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે તેની તૈયારીઓ વધુ તીવ્ર બનાવી શકે છે. એવા સંકેતો મળી રહ્યા છે કે ભાજપના મુખ્ય રણનીતિકાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૩૦ અને ૩૧ ઓક્ટોબરે ઉત્તર પ્રદેશમાં પાર્ટીના ચૂંટણી પ્રચારની શરૂઆત કરી શકે છે. યુપીની ચૂંટણી ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૭ માં યોજાવાની શક્યતા છે. આનો અર્થ એ છે કે ભાજપ બરાબર ત્રણ મહિના વહેલા મેદાનમાં ઉતરવાનો અને પોતાના માટે અનુકૂળ વાતાવરણ બનાવવાનો ઈરાદો ધરાવે છે.

ભાજપ ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ ઝડપી બનાવી રહ્યું છે. એવું જાણવા મળ્યું છે કે ભાજપ રાજ્ય કાર્યકારી સમિતિની બેઠક ઓક્ટોબરના અંતમાં યોજાવાની શક્યતા છે. અમિત શાહ પાર્ટીના કાર્યકારી સમિતિના સભ્યોને સંબોધિત કરે અને ચૂંટણી રણનીતિ અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શિકા આપે તેવી અપેક્ષા છે.ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન પણ આ બેઠકમાં હાજરી આપે તેવી અપેક્ષા છે.

## ઉત્તરાખંડના મદરેસામાં હવે શુક્રવારની રજા નહીં, દરેક માટે એકસમાન વ્યવસ્થા: મુખ્યમંત્રી

### શુક્રવારની રજા નાબૂદ કરીને રવિવારે સમાન રજા જાહેર કરાઇ

દહેરાદુન,

ઉત્તરાખંડના મદરેસામાં હવે શુક્રવારની રજા રહેશે નહીં. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે દરેક માટે એકસમાન વ્યવસ્થા છે. આ વર્ષે ૧ જુલાઈના રોજ ઉત્તરાખંડમાં મદરેસાના શિક્ષણને નાબૂદ કરવામાં આવ્યું હતું. ઉત્તરાખંડ આવું કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. હવે, રાજ્યની ધામી સરકારે બીજો એક મોટો નિર્ણય લીધો છે, જેમાં મદરેસાઓ માટે શુક્રવારની રજા નાબૂદ કરીને રવિવારે સમાન રજા જાહેર કરવામાં આવી છે. આનાથી રાજકીય ચર્ચા શરૂ થઈ છે, અને મુસ્લિમ સમુદાય તરફથી વિવિધ મંતવ્યો બહાર આવી રહ્યા છે.

પોલીસ લાઈન્સ ખાતે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે રાજયમાં સમાન નાગરિક સંહિતા પહેલાથી જ અમલમાં છે.

## પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર પીઓકેના પૂંચ વિભાગમાં બીજા મોટા વિરોધ પ્રદર્શનની તૈયારી

ઈસ્લામાબાદ,

જમ્મુ અને કાશ્મીર સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિ (જેએએસી)એ ૨૪ ઓક્ટોબરથી પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર પીઓકેના પૂંચ વિભાગમાં બીજા મોટા વિરોધ પ્રદર્શનની તૈયારી કરી છે. ઈન્ટરનેટ પ્રતિબંધો, આંશિક બજાર બંધ, આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો અને રાજકીય પ્રતિનિધિત્વને લઈને પ્રદેશમાં તણાવ યથાવત છે. સુરક્ષા એજન્સીઓ અનુસાર, કોટલીને વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે, જ્યાં એક મોટી જાહેર સભા બોલાવવામાં આવી છે. તે જ દિવસે, રાવલકોટ અને અબ્બાસપુરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન કોટલીમાં મુખ્ય જાહેર સભા સાથે એકત્ર થશે. મુઝફ્ફરાબાદ અને મીરપુરમાં રોડ બ્લોક કરવાની તૈયારીઓ ચાલી રહી છે.પ્રદેશમાં સંદેશાવ્યવહાર સેવાઓ હજુ પણ સામાન્ય નથી. મુઝફ્ફરાબાદમાં લગભગ ૧૩૬ દિવસ પછી ઈન્ટરનેટ સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી. પૂંછ અને કોટલીના કેટલાક ભાગોમાં મોબાઈલ ઈન્ટરનેટ ઍક્સેસ પર પ્રતિબંધ છે, જેના કારણે વિદ્યાર્થીઓ, વેપારીઓ અને સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ વધી રહી છે. પ્રદર્શનકારીઓએ નાગરિક સુવિધાઓ પુનઃસ્થાપિત કરવા અને સુરક્ષા પ્રતિબંધો હટાવવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો છે. જેએએસી આંદોલન ઊંચા વીજળી બિલ, ઘઉંના લોટના ભાવ અને આર્થિક રાહતની માંગણીઓ સાથે શરૂ થયું હતું. બાદમાં, શાસનની જવાબદારી, નાગરિક અધિકારો, સુધારેલી જાહેર સેવાઓ અને વિધાનસભામાં રાજકીય પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓ પણ તેની માંગણીઓના ચાર્ટરમાં મુખ્ય બન્યા.

સૌરાષ્ટ્ર આસપાસ

# ઉત્તમ કાયદો વ્યવસ્થાના કારણે ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું છે તેમાં પોલીસ દળની ફરજ નિષ્ઠાનું મોટું યોગદાન : મુખ્યમંત્રી

## પોલીસ શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે વીર શહીદ પોલીસકર્મીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શ્રદ્ધાંજલિઃ અમદાવાદમાં યોજાયો પોલીસ શહીદ સ્મૃતિ દિવસ



અમદાવાદ,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રજાની સુરક્ષા, સલામતી અને કાયદો- વ્યવસ્થાની જાળવણી માટે ફરજ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપનારા વીર શહીદ પોલીસકર્મીઓને પોલીસ શહીદ સ્મૃતિ દિવસ નિમિત્તે ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પોલીસ જવાનોની અવિરત ફરજ નિષ્ઠા અને ઉત્તમ કાયદો-વ્યવસ્થાને કારણે ગુજરાત દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું છે તેમ મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતું.

દેશના નાગરિકોની સુરક્ષા માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા પોલીસકર્મીઓના શૌર્ય, સમર્પણ અને બલિદાનને યાદ કરવા દર વર્ષે ૨૧ ઓક્ટોબરે સમગ્ર દેશમાં પોલીસ શહીદ સ્મૃતિ દિવસ મનાવવામાં આવે છે.

અમદાવાદમાં યોજાયેલા આ પોલીસ શહીદ સ્મૃતિ દિવસમાં રાજ્યના શહીદ પોલીસકર્મીઓની નામાવલીનું પઠન કરવા અને પોલીસ દળ દ્વારા તેમને શિસ્તબદ્ધ સન્માન સલામી આપવામાં આવી ત્યારે પોલીસ બેન્ડ દ્વારા શોક ધૂન રજૂ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરકારના વડા તરીકેના પોતાના સેવાકાળ દરમિયાન પોલીસ દળના યોગદાનને સન્માનિત કરવા અનેક મહત્વપૂર્ણ પગલાં લીધાં છે. દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મારકનું નિર્માણ અને પોલીસ મ્યુઝિયમની શરૂઆત એ પોલીસકર્મીઓના બલિદાનને સન્માન આપવાની સાથે નવી પેઢીને પોલીસ દળની ભૂમિકા અને મહત્ત્વથી પરિચિત કરાવવાનો પ્રશંસનીય પ્રયાસ છે.

ગુજરાતમાં તાજેતરમાં નવરાત્રિ પર્વ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું તે બદલ મુખ્યમંત્રીશ્રીએ પોલીસ દળની કર્તવ્ય પરાયણતાને અભિનંદન પાઠવતાં કહ્યું કે, રાજ્યના વિકાસ અને પ્રગતિ માટે સુરક્ષિત વાતાવરણ અનિવાર્ય છે. રાજ્યમાં શાંતિ, સલામતી અને સુદૃઢ કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસ દળની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

# દુધરેજ ગામ નજીક જ્વલનશીલ પદાર્થ ભરેલી માલગાડીના ડબ્બા પાટા પરથી ઉતરી ગયા

## સુરેન્દ્રનગર જિલ્લામાં રેલવે ટ્રેક પર એક મોટી ઘટના

સુરેન્દ્રનગર,
સુરેન્દ્રનગર જીલ્લામાં એક મોટી રેલ દુર્ઘટના થતા સમગ્ર ટ્રેન વ્યવહાર ખોરવાઈ ગયો હતો. દૂધરેજ નજીક પેટ્રો કેમિકલ ભરેલી માલગાડીના ૩ જેટલા ડબ્બા અચાનક પાટા પરથી નીચે ઉતરી જતા રાજકોટ તરફ જતો મુખ્ય ટ્રેક અચાનક બંધ કરવાની ફરજ પડી હતી.

આ રેલ અકસ્માતના કારણે રાજકોટ, જામનગર, ઓખા, દ્વારકા અને વાંકાનેર તરફ જતી તમામ ટ્રેનોને અસર થઈ છે અને મુસાફરોએ કલાકો સુધી પ્લેટફોર્મ પર અટવાઈ રહેવું પડી રહ્યું છે.

બુધવારે બપોરના સમયે પેટ્રો કેમિકલ ભરેલી માલગાડી સુરેન્દ્રનગરથી રાજકોટ તરફ જઈ રહી હતી. દરમિયાન દૂધરેજ નજીકના રેલવે ટ્રેક પર અચાનક ટ્રેનના ડબ્બાઓમાં જોરદાર આંચકો આવ્યો અને ત્રણ ડબ્બા પાટા નીચે ઉતરી ગયા. ડબ્બા પાટા પરથી ઉતરતાની સાથે જ મોટો અવાજ થતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ ટ્રેનના ડ્રાઈવર અને અન્ય સ્ટાફના જીવ તાળવે ચોંટી ગયા હતા.

આ અકસ્માત રાજકોટ-સુરેન્દ્રનગર રેલવે ટ્રેક પર બન્યો છે, જેના કારણે આ માર્ગ પરનો ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે પ્રભાવિત થયો છે.

આ ઘટના બનવાથી મુખ્ય અપ લાઈનનો પાટો સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો છે. જેના કારણે સુરેન્દ્રનગરથી રાજકોટ તરફ જતો તમામ ટ્રેન વ્યવહાર બંધ કરવાની ફરજ પડી છે. સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ ઓખા, દ્વારકા, જામનગર, રાજકોટ, વાંકાનેર તરફ જતી એક્સપ્રેસ અને પેસેન્જર ટ્રેનોને વિવિધ સ્ટેશનો પર રોકી દેવામાં આવી છે. કેટલીક ટ્રેનોને ડાયવર્ટ કરવાના પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે.

# ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા રાજ્ય કક્ષાના ડાક ટિકિટ પ્રદર્શનના લોગો અને માસ્કોટનું અનાવરણ

વડોદરા,
ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા તા. ૫ થી ૭ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન અકોટા અતિથિગૃહ, અકોટા સ્ટેડિયમ પાસે, વડોદરા ખાતે રાજ્ય કક્ષાના ફિલાટેલિક પ્રદર્શન "ગુજપેક્સ-૨૦૨૬"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે, આજે શ્રી ગણેશ વી. સાવળેશ્વરકર, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ, ગુજરાત સર્કલ દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ગુજપેક્સ-૨૦૨૬ના લોગો અને મેસ્કોટનું અનાવરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ, અમદાવાદ રીજીયન તથા ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીસ (મુખ્યાલય), અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે વડોદરા અને રાજકોટ રીજીયન ના પોસ્ટમાસ્ટર જનરલ, ટપાલ વિભાગના અધિકારીઓ તથા ગુજરાતના જાણીતા ફિલાટેલિસ્ટો વીડિયો કોન્ફરન્સ દ્વારા જોડાયા હતા.

ટપાલ ટિકિટના આકારમાં ડિઝાઇન કરાયેલા આ લોગોમાં સિંહ, મોર, વડનું વૃક્ષ, ગુજરાતના નકશા સાથેનો ગ્લોબ તથા નર્મદા નદી દર્શાવવામાં આવ્યા છે, જે ગુજરાતની ઓળખ અને વડોદરાના વારસાને પ્રતિબિંબિત કરે છે.

મેસ્કોટ "મયૂર – ધ પોસ્ટલ પીકોક" આપણા રાષ્ટ્રીય પક્ષી પર આધારિત છે અને બાળકો તથા યુવાનોને ટપાલ ટિકિટ સંગ્રહ તરફ આકર્ષિત કરવાના હેતુથી તેની ડિઝાઇન કરવામાં આવી છે.

પ્રદર્શનમાં ટપાલ ટિકિટો, થીમેટિક સંગ્રહો તથા અન્ય ફિલાટેલિક સામગ્રીના સ્પર્ધાત્મક તેમજ બિન-સ્પર્ધાત્મક પ્રદર્શનો રજૂ કરવામાં આવશે.

# નવરાત્રી-દશેરાના તહેવારોમાં કાનૂની માપવિજ્ઞાન તંત્રની રાજ્યવ્યાપી ઝુંબેશમાં ૪૫૫ એકમોની તપાસ

## ૨૫૧ સામે ગુના નોંધી રૂ. ૫.૪૨ લાખની માંડવાળ ફી વસૂલાઈ

અમદાવાદ,
ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી શ્રી રમણભાઈ સોલંકીની સીધી સૂચનાથી કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા નવરાત્રી તથા દશેરાના તહેવારો દરમિયાન ગ્રાહકોને મીઠાઈ, ફરસાણ અને અન્ય ચીજવસ્તુઓની ખરીદીમાં વજન અંગે છેતરપિંડીનો ભોગ બનવું ન પડે અને ગ્રાહકોને યોગ્ય વજન મળી રહે તે હેતુથી તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં ગત તા.૧૬ અને તા.૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વિશેષ રાજ્યવ્યાપી તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશમાં સમગ્ર રાજ્યમાં ૪૫૫ જેટલી મીઠાઇ/ફરસાણ/ડ્રાયફ્રુટની દુકાનો વગેરે પર સામૂહિક



ઝુંબેશ રૂપે તપાસણી કરી ગેરરીતી બદલ કુલ ૨૫૧ એકમો સામે ગુન્હાઓ નોંધી કાયદેસરની કાર્યવાહી કરીને માંડવાળ ફી તરીકે અંદાજે રૂ.૫,૪૨,૦૦૦/- વસૂલ કરવામાં આવી છે.

આ ઝુંબેશ દરમિયાન કાનૂની માપવિજ્ઞાન તંત્રના મદદનીશ નિયંત્રક તેમજ ઈન્સપેક્ટરો દ્વારા રાજ્યની મીઠાઇ/ફરસાણ/ડ્રાયફ્રુટની દુકાનો પર તંત્રના કાયદા અને નિયમોની જોગવાઇઓનો ભંગ કરતા એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

નવરાત્રી-દશેરાના તહેવાર દરમિયાન ગ્રાહકો મીઠાઇ/ફરસાણ/ડ્રાયફ્રુટસ તેમજ અન્ય ગિફ્ટસની ખરીદી કરતા હોય છે. જેમાં ઘણી વખત તેમને મીઠાઇ/ફરસાણ/ડ્રાયફ્રુટસની ખરીદીના વજનમાં પણ છેતરવામાં આવતા હોય છે. આવા બનાવો ન બને અને ગ્રાહકો પણ પોતાના અધિકારોથી જાગૃત થાય અને છેતરાતા અટકે તેવા ગ્રાહક સુરક્ષાના હેતુથી કાનૂની માપવિજ્ઞાન તંત્ર દ્વારા સમગ્ર રાજ્યની મીઠાઇ/ફરસાણ/ડ્રાયફ્રુટસ/ગિફ્ટ શોપ વગેરે પર તંત્રના કાયદા/નિયમોની જોગવાઇઓનું પાલન થાય તે માટે આ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# જી.એમ.ડી.સી. દ્વારા ૨૦૨૫-૨૬ના વર્ષનો રૂ. ૨૨૩ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રીને અર્પણ

અમદાવાદ,
દેશની જાહેર ક્ષેત્રની અગ્રણી ખનન કંપનીઓમાંની એક ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ૨૦૨૫-૨૬ના વર્ષનો રૂ. ૨૨૩.૫૪ કરોડનો ડિવિડન્ડ ચેક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને ગાંધીનગરમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

જી.એમ.ડી.સી.ની સ્થાપના ૧૯૬૩માં થઈ છે અને રાજ્ય સરકારનું આ સાહસ ખનિજ સંસાધનોના સાયન્ટીફિક, એફિસિયન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ દ્વારા રાજ્યના ઔદ્યોગિક તેમજ આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

જી.એમ.ડી.સી. મુખ્યત્વે લિગ્નાઈટ, બોક્સાઈટ, લાઈમસ્ટોન, ફ્લોરસ્પાર અને સિલિકા સેન્ડ સહિતના ખનિજોના ખનન અને વેચાણ સાથે સંકળાયેલી છે. ગુજરાત બહાર ઓડિશા રાજ્યમાં બૈતરણી વેસ્ટ, બુરાપહાર અને કુદાનાલી-લુબરી એમ ત્રણ કોલસા બ્લોક્સ મેળવ્યા છે તેનાથી ગુજરાતની લાંબા ગાળાની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવામાં જી.એમ.ડી.સી. યોગદાન આપશે.

જી.એમ.ડી.સી. નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે પણ કાર્યરત છે તથા રેર અર્થ એલીમેન્ટ્સ, તાંબું અને અન્ય વ્યૂહાત્મક ખનિજોના ક્ષેત્રોમાં વિકાસની તકો પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

મુખ્યમંત્રીને જી.એમ.ડી.સી.ના ડિવિડન્ડની રકમના રાજ્ય સરકારના ફાળાનો આ ચેક મુખ્ય સચિવ એમ.કે.દાસે અર્પણ કર્યો હતો.

# અમદાવાદમાં ડિલિવરી સર્વિસ પ્લેટફોર્મ પોર્ટરના માધ્યમથી એમડી ડ્રગ્સ ની હેરાફેરી

## પાર્સલમાંથી અંદાજે રૂ. ૧,૫૦૦ની કિંમતનું એમડી ડ્રગ્સ મળી આવતાં નરોડા પોલીસે તપાસ શરૂ કરી

અમદાવાદ,
અમદાવાદમાં ડિલિવરી સર્વિસ પ્લેટફોર્મ પોર્ટરના માધ્યમથી એમડી ડ્રગ્સની હેરાફેરી કરવાનો મામલો સામે આવ્યો છે. ગોતા વિસ્તારમાં પહોંચાડવાના પાર્સલ અંગે શંકા જતાં પોર્ટરના કર્મચારી વસંત સોલંકીએ તપાસ કરી હતી. પાર્સલમાંથી અંદાજે રૂ. ૧,૫૦૦ની કિંમતનું એમડી ડ્રગ્સ મળી આવતાં તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. આ ઘટનાને પગલે નરોડા પોલીસે તપાસ શરૂ કરી એક યુવકને પૂછપરછ માટે બોલાવ્યો છે.

મળતી માહિતી મુજબ, પોર્ટર કર્મચારી વસંતભાઈ સોલંકીને ગોતા વિસ્તારમાં સામાન પહોંચાડવાનો




ઓર્ડર મળ્યો હતો. જોકે, ઓર્ડર અને પાર્સલ અંગે શંકા જતાં તેમણે તેની ચકાસણી કરવાનું નક્કી કર્યું હતું. આ દરમિયાન સતીશભાઈ સરાણીયાના પોર્ટર એકાઉન્ટમાં તેમની જાણ બહાર ઓર્ડર આવતા હોવાની બાબત પણ સામે આવી હતી. આથી વસંતભાઈ અને સંબંધિત પોર્ટર ડ્રાઈવરે નાના ચિલોડા ખાતે ભેગા થઈ સામાનની તપાસ કરી હતી. તપાસ દરમિયાન પાર્સલમાંથી એક પડીકી મળી આવી હતી, જેમાં એમડી ડ્રગ્સ હોવાની શંકા જતાં બંનેએ તાત્કાલિક ૧૦૦ નંબર પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં નરોડા પોલીસ હરકતમાં આવી હતી અને ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

# ગાંધીનગરના વરસોડામાં ગરબાના વિવાદમાં ફાયરિંગનો આક્ષેપ, ખેડૂતને ગોળી વાગી

## માણસા પોલીસે આઠ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી





ગાંધીનગર,
ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના વરસોડા ગામમાં ગરબા દરમિયાન સાઉન્ડ સિસ્ટમ વગાડવાના મુદ્દે થયેલો વિવાદ હિંસક બન્યો હોવાની ઘટના સામે આવી છે. ખેડૂત અરવિંદસિંહ ચાવડા પર ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. આ ઘટનામાં તેમના જમણા પગમાં ગોળી વાગતાં તેમને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. માણસા પોલીસે આઠ આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, વરસોડા ગામમાં ગરબા દરમિયાન સાઉન્ડ સિસ્ટમ વગાડવા બાબતે તકરાર થઈ હતી. આ વિવાદ અંગે ખેડૂત અરવિંદસિંહ ચાવડાએ પોલીસને જાણ કરી હોવાનું જણાવાયું છે.

# રાજ્યપાલે પોલીસ શહીદ સ્મારક દીવાલ અને મુખ્ય તાલીમ સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું

ગાંધીનગર,
રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ રાષ્ટ્રની સેવામાં પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર પોલીસ કર્મચારીઓના સન્માનમાં ૨૧ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ તેના ગાંધીનગર કેમ્પસ ખાતે પોલીસ સ્મૃતિ દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્મરણોત્સવમાં ૧૪૫ પોલીસ શહીદોની શૌર્ય, બલિદાન, નિષ્ઠા અને રાષ્ટ્રીય સુરક્ષા તેમજ જાહેર સેવા પ્રત્યેની તેમની અવિચલ પ્રતિબદ્ધતાને સન્માનિત કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. તેમનું સર્વોચ્ચ બલિદાન નાગરિકોનું રક્ષણ કરવા, જાહેર વ્યવસ્થા જાળવવા અને કાયદાનું શાસન જાળવવામાં પોલીસ કર્મચારીઓના સમર્પણના એક સ્થાયી પ્રતીક તરીકે ઊભું છે. આ પ્રસંગે પોલીસિંગ અને આંતરિક સુરક્ષામાં વ્યાવસાયિક તાલીમ, સંસ્થાકીય ક્ષમતા અને તકનીકી સજ્જતાને મજબૂત કરવાની યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

માનનીય રાજ્યપાલે યુનિવર્સિટી ખાતે અનેક સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં સર્વોચ્ચ બલિદાન આપનારા પોલીસ કર્મચારીઓની સ્મૃતિને સમર્પિત 'પોલીસ શહીદ સ્મારક દીવાલ' (ૠૈઠી સ્ઠઅિજિ' ઉઠૠૠ); શારીરિક અનુકૂલન અને અનુભવાત્મક તાલીમની સુવિધા આપવાના હેતુથી 'ફિઝિકલ ટ્રેનિંગ એન્ડ એડવેન્ચર વોલ'; અને આધુનિક તાલીમ માળખાકીય સુવિધાઓ તેમજ ટેકનોલોજી-સક્ષમ વ્યાવસાયિક ક્ષમતા પ્રત્યે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતાને દર્શાવતી 'દ્રોણાચાર્ય ફાયરિંગ સિમ્યુલેટર લેબ' નો સમાવેશ થાય છે. તેમણે પોલીસ શહીદોની સ્મૃતિને જાળવી રાખવા અને રાષ્ટ્રીય સુરક્ષામાં તેમના યોગદાનને માન્યતા આપવાની એક પહેલ તરીકે 'ગુજરાત પોલીસ શહીદ ડેશબોર્ડ' નું પણ વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું હતું.

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કુલપતિ પ્રો.(ડૉ.) બિમલ એન. પટેલે સ્વાગત પ્રવચન આપ્યું હતું, જેમાં તેમણે પોલીસિંગ, આંતરિક સુરક્ષા અને સંબંધિત ક્ષેત્રોમાં શિક્ષણ, સંશોધન, વિશિષ્ટ તાલીમ અને ક્ષમતા નિર્માણમાં યુનિવર્સિટીના નૈતિક દાયિત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

# ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત- ૨૦૮૨નું મુખ્યમંત્રીના હસ્તે વિમોચન









ગાંધીનગર,
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સાહિત્ય, કલા અને સંસ્કારના વારસાને ઉજાગર કરતા ગુજરાત દીપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૮૨નું વિમોચન કર્યું હતું. રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ વર્ષ પોતાની આગવી પરંપરા અનુસાર 'ગુજરાત દીપોત્સવી અંક' પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ વર્ષે ગુજરાત દીપોત્સવી – ૨૦૮૨માં ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક લેખો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. સર્વશ્રી ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડયા, ડૉ. કુમારપાળ દેસાઈ, રઘુવીરભાઈ ચૌધરી, શાહબુદ્દીન રાઠોડ, રતિલાલ બોરીસાગર, માધવ રામાનુજ, રાજેન્દ્ર શુક્લ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ દીપોત્સવી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવી છે.

આ દળદાર અંક ૨૮ અભ્યાસલેખો, ૨૮ નવલિકાઓ, ૧૬ વિનોદિકાઓ, ૯ નાટિકા અને ૮૯ જેટલી કાવ્ય રચનાઓથી સંપન્ન છે. સાથેસાથે પ્રકૃતિ, લોકજીવન અને માનવીય સંવેદનાઓને અભિવ્યક્ત કરતી ૫૨ જેટલી રંગીન તસવીરો અને મનમોહક ચિત્રો આ અંકને વધુ નયનરમ્ય બનાવે છે. આ પ્રસંગે રાજ્યના મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, અગ્ર સચિવ સંજીવ કુમાર, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ ડો.વિક્રાંત પાંડે, અધિક માહિતી નિયામક ડો.સંજય કચોટ તથા સંયુક્ત માહિતી નિયામક જયેશ દવે સહિત માહિતી ખાતાનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વદેશી મેળા-૨૦૨૬'નું ભવ્ય આયોજન

## 'મેઈક ઈન ઈન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં રાજકોટ મહાનગરપાલિકાની મહત્વપૂર્ણ પહેલ:સ્થાનિક ઉત્પાદનો, સ્વદેશી ચીજવસ્તુઓ, કારીગરો, કલાકારો, સ્વસહાય જૂથો અને શેરી ફેરિયાઓને મળશે પ્રોત્સાહન





રાજકોટ:દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેઈક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા તેમજ વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને 'વિકસિત ભારત' બનાવવાના રાષ્ટ્રીય સંકલ્પને વેગ આપવા માટે ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી ઉત્પાદનો અને સેવાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાના હેતુથી 'સ્વદેશી મેળા-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો તા. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬થી તા. ૩ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજકોટના રેસકોર્ષ ખાતે આવેલા શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી ખાતે યોજાશે, તેમ, રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડૉ.નેહલ શુક્લ, ડેપ્યુટી મેયરશ્રી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાશ્રી ડૉ.હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડકશ્રી સંજયસિંહ રાણા અને શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેનશ્રી કેતનભાઈ પટેલએ સંયુક્ત યાદીમાં જણાવે છે.

સ્વદેશી ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર, સ્થાનિક વેપાર-ધંધાને પ્રોત્સાહન, નાના વ્યવસાયકારોને બજાર ઉપલબ્ધ કરાવવા તેમજ સ્થાનિક કારીગરો અને કલાકારોને પોતાની પ્રતિભા અને ઉત્પાદનો રજૂ કરવા માટે એક સુયોગ્ય મંચ પૂરું પાડવાના ઉદ્દેશ સાથે આ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ મહાનગરપાલિકાની આગવી પહેલના માધ્યમથી નાગરિકોમાં સ્વદેશી ચીજવસ્તુઓ ખરીદવા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવાની ભાવનાને પ્રોત્સાહન મળશે.

મેળાની તારીખ, સમય અને સ્થળ:મેળાની તારીખ: તા. ૨૩/૧૦/૨૦૨૬થી તા. ૦૩/૧૧/૨૦૨૬.મેળાનો સમય: સવારે ૧૦:૦૦ કલાકથી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી.મેળાનું સ્થળ: શ્રી શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્ષ, રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ સ્વદેશી મેળામાં વિવિધ પ્રકારની સ્વદેશી ચીજવસ્તુઓ, સ્થાનિક ઉત્પાદનો, હસ્તકલા અને ખાદ્યપદાર્થોને પ્રોત્સાહન આપવા માટે શોપિંગ ક્લસ્ટર, ક્રાફ્ટ ક્લસ્ટર અને ફૂડ કોર્નર સહિતની વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું છે.મેળામાં કુલ ૮૫ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃત્તિઓ માટે ૫ સ્ટોલની વ્યવસ્થા રાખવામાં આવી છે. મેળામાં સ્થાનિક સ્વસહાય જૂથો , શેરી ફેરિયાઓ, સ્થાનિક કારીગરો અને કલાકારોને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે.આ વ્યવસ્થાથી નાના પાયે વ્યવસાય કરતા નાગરિકો, પરંપરાગત કારીગરો અને સ્થાનિક પ્રતિભાઓને પોતાના ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચાડવાની અનેરી તક મળશે.

સ્વદેશી મેળામાં શોપિંગ ક્લસ્ટર અને ફૂડ કોર્નર દ્વારા નાગરિકોને ખરીદી તથા ખાદ્યપદાર્થોની વિવિધતા માણવાની તક મળશે. મેળામાં સ્વદેશી ચીજવસ્તુઓના સ્ટોલ સાથે ફૂડ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું છે.આ આયોજન દ્વારા સ્થાનિક વ્યવસાયકારોને પોતાના ઉત્પાદનોનું પ્રદર્શન અને વેચાણ કરવાની અનેરી તક મળશે, જ્યારે નાગરિકોને એક જ સ્થળે વિવિધ સ્વદેશી ઉત્પાદનો અને સ્થાનિક વ્યવસાયોની જાણકારી મેળવવા સાથે ખરીદીનો અનુભવ માણી શકાશે.

ભારતની પરંપરાગત કલા, હસ્તકલા અને સ્થાનિક કારીગરોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવું એ સ્વદેશી મેળાનો એક મહત્વપૂર્ણ હેતુ છે. સ્થાનિક કારીગરો અને કલાકારોને પોતાની બનાવટની ચીજવસ્તુઓ રજૂ કરવા તથા ગ્રાહકો સુધી સીધા પહોંચવાની તક મળે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.આ પ્રકારના મંચના માધ્યમથી સ્થાનિક કારીગરોની મહેનત અને કૌશલ્યને યોગ્ય અને આગવી ઓળખ મળી શકે છે. સાથે જ, પરંપરાગત કલા અને સ્થાનિક ઉત્પાદનો પ્રત્યે નાગરિકોમાં રસ વધે તથા સ્વદેશી વસ્તુઓના ઉપયોગને પ્રોત્સાહન મળે તે દિશામાં પણ આ મેળો ઉપયોગી બનશે.

સ્થાનિક ઉત્પાદનોની વિશિષ્ટ ઓળખ ઊભી કરવા અને તેને વધુ વ્યાપક સ્તરે પ્રોત્સાહિત કરવા માટે સ્વદેશી મેળામાં 'એક જિલ્લો, એક ઉત્પાદન' અંતર્ગત બ્રાન્ડિંગ સંબંધિત કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પહેલમાં રાજકોટના સ્થાનિક ઉત્પાદકોને વિશેષ સ્થાન આપવામાં આવશે. સ્થાનિક ઉત્પાદનોની ઓળખ, તેમની વિશિષ્ટતા અને તેમની સાથે જોડાયેલી કારીગરીને લોકો સમક્ષ રજૂ કરવા માટે આ પ્રકારની બ્રાન્ડિંગ પ્રવૃત્તિઓ મહત્વપૂર્ણ બની રહેશે. સ્થાનિક ઉત્પાદનોને યોગ્ય ઓળખ અને પ્રોત્સાહન મળે તો પરંપરાગત કારીગરો તથા સંબંધિત વ્યવસાયકારોને નવી તકો પ્રાપ્ત થઈ શકે છે. આથી ઉક્ત પહેલ સ્વદેશી ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર સાથે સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓને પણ પ્રોત્સાહિત કરશે.

સ્વદેશી મેળા – ૨૦૨૬માં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે વિશેષ સાંસ્કૃતિક કોર્નર બનાવવામાં આવશે. આ કોર્નરમાં સ્થાનિક કલાકારોને પ્રાધાન્ય આપવામાં આવશે, જેથી રાજકોટના કલાકારોને પોતાની કલા અને પ્રતિભા રજૂ કરવા માટે યોગ્ય મંચ મળી રહે. ખાસ કરીને ઊભરતા કલાકારોને પ્રોત્સાહન આપવા માટે આ સાંસ્કૃતિક કોર્નરનું આયોજન કરવામાં આવ્યું છે. મેળા દરમિયાન કોઈપણ નાગરિક, કલાકાર સાંજે ૬:૦૦થી રાત્રે ૯:૦૦ કલાક દરમિયાન પોતાની કલા રજૂ કરી શકશે. આ વ્યવસ્થા દ્વારા ગાયન, સંગીત અને અન્ય સાંસ્કૃતિક અભિવ્યક્તિઓ સાથે જોડાયેલી સ્થાનિક પ્રતિભાઓને બહોળા જનસમુદાય સમક્ષ પોતાની કળા રજૂ કરવાની તક મળશે. સાથે જ, મેળામાં ખરીદી માટે આવતા નાગરિકો માટે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો અનુભવ પણ આકર્ષણરૂપ બનશે.સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન આપવાની આ પહેલ શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવાની સાથે પ્રતિભાશાળી નાગરિકોને આગળ આવવા માટે પ્રેરિત કરશે.

સ્વદેશી ચીજવસ્તુઓ અને સ્થાનિક ઉત્પાદનોનો ઉપયોગ વધે તે માટે નાગરિકોની જાગૃતિ અને સહભાગિતા અત્યંત મહત્વપૂર્ણ છે. સ્થાનિક વેપારીઓ, સ્વસહાય જૂથો, શેરી ફેરિયાઓ અને કારીગરો દ્વારા તૈયાર કરવામાં આવતાં ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાથી સ્થાનિક વ્યવસાયિક પ્રવૃત્તિઓને વેગ આપવાની તક મળે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ મેળો નાગરિકોને સ્થાનિક ઉત્પાદનો વિશે જાણવાની, તેમની ગુણવત્તા અને વિશિષ્ટતાને સમજવાની તથા સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી તરફ પ્રેરિત કરવાનો પ્રયાસ છે.'મેઈક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ની ભાવનાને દૈનિક જીવનમાં ઉતારવા માટે સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ એક મહત્વપૂર્ણ પગલું બની શકે છે. સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાથી સ્થાનિક વ્યવસાયકારો અને કારીગરોને બજાર સાથે જોડાવાની અનેરી તક મળે છે અને સ્વદેશી અર્થતંત્રને મજબૂત બનાવવાના પ્રયાસોને પણ વેગ મળે છે.રાજકોટ મહાનગરપાલિકા શહેરના નાગરિકોને આ સ્વદેશી મેળાની મુલાકાત લેવા, સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને 'આત્મનિર્ભર ભારત' તથા 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં સહભાગી બનવા રાજકોટ મહાનગરપાલિકાના મેયરશ્રી ડૉ.નેહલ શુક્લ, ડેપ્યુટી મેયરશ્રી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનરશ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાશ્રી ડૉ.હિરેનભાઈ ખીમાણિયા, શાસક પક્ષ દંડકશ્રી સંજયસિંહ રાણા અને શિશુ કલ્યાણ ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેનશ્રી કેતનભાઈ પટેલ દ્વારા અપીલ કરવામાં આવે છે.

# હિરાસર એરપોર્ટ પાસે હાઈટેક પોલીસ ટ્રેનીંગ એકેડેમી આકાર લેશે

રાજકોટ:રાજકોટ-અમદાવાદ રોડ પર આવેલ હિરાસર એરપોર્ટ નજીક ૧૫૦ એકર જમીન પર અત્યાધુનિક હાઈટેક પોલીસ ટ્રેનિંગ એકેડેમી આકાર લેશે, જે માટે શહેર પોલીસે રાજ્ય સરકારમાં પ્રપોઝલ મોકલી આપી છે. આ કેન્દ્ર શરૂ થવાથી નવા ભરતી થયેલા જવાનોને જિલ્લા લેવલે તાલીમ લેવાની મર્યાદામાંથી મુક્તિ મળશે અને અત્યાધુનિક ટેકનોલોજી આધારિત હાઈટેક તાલીમ મળી રહેશે. ગુજરાતના ગૃહ વિભાગ અને પોલીસ પ્રશાસન દ્વારા કાયદો-વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને જવાનોને આધુનિક સમયના પડકારો સામે સજ્જ કરવા માટે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટના નવનિર્મિત હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટની નજીક હવે એક વિશાળ અને અત્યાધુનિક 'હાઈટેક પોલીસ ટ્રેનિંગ એકેડેમી' સ્થાપવા જઈ રહી છે.

રાજકોટ શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓની લાંબા સમયની મહેનત અને આયોજનના ભાગરૂપે આ પ્રોજેક્ટ માટે ૧૫૦ એકર જમીન નક્કી કરવામાં આવી છે. આ અંગેની સત્તાવાર દરખાસ્ત રાજ્ય સરકારને મોકલી દેવામાં આવી છે. સરકાર તરફથી લીલી ઝંડી મળતાની સાથે જ રાજકોટના વિકાસમાં અને તેની ઓળખમાં વધુ એક મોટું છોગું ઉમેરાશે.

વર્તમાન સમયમાં ગુજરાત રાજ્યમાં મુખ્યત્વે માત્ર બે જ મોટી પોલીસ તાલીમ સંસ્થાઓ કાર્યરત છે, જેમાં ગાંધીનગર પાસે આવેલી કરાઈ પોલીસ એકેડેમી અને જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ સેન્ટરનો સમાવેશ થાય છે. દર વર્ષે પોલીસ વિભાગમાં થતી હજારો જવાનોની ભરતી સામે આ બંને સેન્ટરો પર ટ્રેનિંગનું ભારણ ખૂબ જ વધી જતું હતું.અપૂરતી જગ્યા અને સંસાધનોના કારણે ભરતી થયેલા નવા જવાનોને ઘણી વખત જે-તે જિલ્લા કક્ષાના હેડક્વાર્ટર કે સ્થાનિક સ્તરે પ્રાથમિક તાલીમ લેવી પડતી હતી. જિલ્લા લેવલે કરાઈ કે જૂનાગઢ જેવી વ્યવસાયિક અને હાઈટેક તાલીમ આપવી શક્ય બનતી નથી. આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજકોટમાં ત્રીજી મોટી રાજ્ય કક્ષાની એકેડેમી બનાવવાનું આયોજન કરાયું છે.

૧૫૦ એકરના વિશાળ કેમ્પસમાં બનનારી આ નવી એકેડેમી માત્ર પરંપરાગત શારીરિક તાલીમ પૂરતી સીમિત નહી રહે, પરંતુ તેને સંપૂર્ણપણે ડિજિટલ અને સ્માર્ટ ટેક્નોલોજીથી સજ્જ કરવામાં આવશે.આ પ્રોજેક્ટ માટે હિરાસર એરપોર્ટ પાસેની જમીન પસંદ કરવા પાછળનું મુખ્ય કારણ તેની ઉત્તમ કનેક્ટિવિટી છે. એરપોર્ટ નજીક હોવાથી રાજ્ય અને દેશભરના ઉચ્ચ અધિકારીઓ, વિષય નિષ્ણાતો અને ગેસ્ટ લેક્ચરર્સ માટે અહી આવવું અત્યંત સરળ બનશે. આ ઉપરાંત, રાજકોટ અમદાવાદ હાઈવે નજીક હોવાને કારણે ગુજરાતના કોઈપણ ખૂણેથી ટ્રેનિંગ માટે આવતા જવાનો સરળતાથી પહોંચી શકશે. આ એકેડેમી શરૂ થવાથી રાજકોટ માત્ર એક ઓદ્યોગિક અને શૈક્ષણિક હબ જ નહી, પરંતુ સુરક્ષા ક્ષેત્રે પણ રાજ્યનું અગ્રણી કેન્દ્ર બનીને ઉભરશે.

આજના ડિજિટલ યુગમાં વધી રહેલા ઓનલાઈન ફ્રોડ અને સાયબર ગુનાઓ ઉકેલવા માટે જવાનોને ખાસ લેબમાં હાઈટેક ટ્રેનિંગ અપાશે. ઈલેક્ટ્રોનિક અને સિમ્યુલેટર આધારિત એડવાન્સ શૂટિંગ રેન્જથી લાઈવ ફાયરિંગ વગર પણ સચોટ નિશાનબાજી શીખી શકાય સહિતની તાલીમ પણ મળી શકે તેવા શંસાધનો સાથે એકેડેમી તૈયાર થઈ શકે છે.

# કોર્પોરેટરો વિસ્તારમાં જઇ મોબાઈલમાં કામ મૂકશે, અધિકારી સ્થળ પર દોડશે અને રોજેરોજ પ્રોગ્રેસ રીપોર્ટ મળશે

## PMU હેઠળ નવી સિસ્ટમનું તુરંતમાં લોન્ચીંગ : ઈજનેરે સ્થળ પરથી જ નોંધ કરવી પડશે

રાજકોટ:રાજકોટ મહાપાલિકા દ્વારા મહાનગરમાં કરવામાં આવતા રોજિંદા સામાન્ય કામોથી માંડી મોટા મોટા પ્રોજેકટસના કામ પર નજર અને મોનીટરીંગ રાખવા ગત વર્ષે દૈનિક રીપોટ'ગની વ્યવસ્થા સાથેના પ્રોજેકટ મેનેજમેન્ટ યુનિટની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. કમિશનર તુષાર સુમેરાના આ પીએમયુમાં વિદેશમાં પણ કામ કરી ચુકેલા ઇજનેરોની ભરતી કરવામાં આવી છે અને હવે સીધા કોર્પોરેટરો પ્રશ્નો અને કામો રજૂ કરી શકે, અધિકારીઓ ફિલ્ડમાં પહોંચે અને કમિશનરની સ્ક્રીન પર ડે ટુ ડે કામના અપડેટ અને પ્રોગ્રેસ સીધા નજરે પડે તે રીતની સોફટવેર સાથેની સિસ્ટમનું તુરંતમાં લોન્ચ કરવા તૈયારી થઇ ગઇ છે.

કમિશનરે જનરલ બોર્ડમાં આ અંગે ચૂંટાયેલી બોડીને માહિતગાર કરી હતી અને હવે રીયલ ટાઇમ વર્ક થઇ શકે અને કોર્પોરેટરો પોતાના મોબાઇલમાંથી કામની પ્રગતિ જોઇ શકે તેવી આ વ્યવસ્થા છે.

શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત શહેરના વિવિધ ટેકનિકલ પ્રોજેક્ટોના અમલીકરણમાં ઝડપી ગતિ લાવવા માટે ૧૧ માસના કરાર આધારીત ફિલ્ડ એન્જીનીયરોની નિમણૂક કરવામાં આવી છે. કંટ્રોલ રૂમ અને વોર રૂમ સાથેના નવા વિઝનમાં સરકાર તરફથી મળતા ભંડોળનો સમયસર યોગ્ય ઉપયોગ થાય અને લોકોને સારામાં સારૂ ઈન્ફ્રાસ્ટ્રકચર મળે તે હેતુથી પ્રથમ વખત આ આયોજન જાહેર કરવામાં આવ્યું હતું.

સરકાર તરફથી કોર્પો.ને આવતું નાણા ભંડોળ સારી



રીતે વપરાય, સારા સમયમાં વપરાય, સારું ક્વોલીટી મોનીટરીંગ થઇ શકે અને સમયમર્યાદામાં સારામાં સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર લોકોને આપી શકાય તેવા હેતુ સાથે તાજેતરમાં નવા રીંગરોડ પર બ્રીજના કામમાં થયેલી ક્ષતિ બદલ પીએમયુના રીપોર્ટ પરથી બે ઈજનેરોને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા. આ રીતે પીએમયુ એકશન મોડમાં આવ્યું છે અને હવે ચૂંટાયેલા લોકોને ઝડપથી કામના પરિણામ અને અપડેટ મળે તેવી વ્યવસ્થા તુરંતમાં જાહેર થવાની છે.

રાજકોટમાં ગત વર્ષે ૩૪૪ કિ.મી.ના સૌથી મોટી સંખ્યામાં રોડના કામ કરવામાં આવ્યા છે. કટારીયા ચોકે ૧૬૭ કરોડના ખર્ચે ઓવરબ્રીજ અને અંડરબ્રીજના કામ ચાલુ છે. આરોગ્ય કેન્દ્ર, ફાયર સ્ટેશન સહિતના કામો પણ ચાલી રહ્યા છે. સરકાર અને ખુદ મુખ્યમંત્રી અવારનવાર કામની કવોલિટી પર ભાર મુકે છે. આથી મનપાના ઈજનેરો દ્વારા ગુણવત્તા પર કરવામાં આવતા કામ ઉપર પણ વધુ ચોકકસ મોનીટરીંગ થઇ શકે તે માટે આ યુનિટ ઉભુ કરવામાં આવ્યું છે.

નવી વ્યવસ્થા હેઠળ ઈજનેરો કયારે પોતાના વોર્ડમાં જાય છે, કામ મૂકે છે અને કરાવે છે અથવા ઉપર ફોરવર્ડ કરે છે તેનો ડિજીટલ ડેટા રહેશે. ઝોનના વડા, ડે.કમિશનર, સીટી ઈજનેર, કમિશનર સુધી આ ફિલ્ડવર્કના અપડેટ જશે. પૂરી ચેનલમાંથી જો કોઇ અધિકારી કામમાં વિલંબ રાખે તો સ્ક્રીન પર રેડ સિગ્નલ દેખાવા લાગશે. આ રીતે અધિકારીઓને ફિલ્ડમાં રહેવાનું ફરજીયાત થઇ જશે. હાલ લાયન સફારી પાર્ક, લાલપરી તળાવ, રેસકોર્સ અને માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમનું નવું કામ ચાલુ છે. જેના ઉપર મોનીટરીંગ ગોઠવાયેલું છે.

રાજકોટમાં જુદા જુદા કામો વધુ સુવ્યવસ્થિત, પરિણામલક્ષી અને ટેકનિકલી મજબૂત બનાવવા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ યુનિટની રચના કરવામાં આવી છે. બે દાયકાની વિકાસ યાત્રા આગળ વધારવા આ યુનિટની રચના કરવાનો મુખ્ય હેતુ શહેરમાં ચાલતા નાના-મોટા તમામ પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ - શરૂઆતથી લઈને લોકાર્પણ સુધીની સતત દેખરેખ, આયોજન, દૈનિક મોનીટરીંગ અને દૈનિક રિપોર્ટિંગ કરવાની એક સંકલિત વ્યવસ્થા ઉભી થાય અને આ યુનિટ શહેરના દરેક પ્રોજેક્ટને લાઈફ સાયકલ ટ્રેકિંગ સિસ્ટમ હેઠળ આવરી લે, જેથી પ્રોજેક્ટ શરૂ થવાથી લઈ પૂર્ણતા સુધીનો દરેક તબક્કો સમયસર, પારદર્શક અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તેમજ લોકોને સારું ક્વોલીટીવાળું અને સમયમર્યાદામાં સારામાં સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપી શકાય તેવો છે.

# પોલીસ સંભારણા દિવસની હેડ ક્વાર્ટરમાં ઉજવણી શહીદ જવાનોને ગૌરવભેર શ્રદ્ધાંજલિ અપાઈ

## ડ્યુટી ફર્સ્ટ માની બલીદાન આપનાર અમર જવાનોને યાદ કરાયા



રાજકોટ:

દેશની આંતરિક સુરક્ષા, શાંતિ અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા વીર પોલીસ જવાનોની સ્મૃતિમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ 'પોલીસ સંભારણા દિવસ' ની અત્યંત ભાવુક અને ગૌરવપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. શહેરના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા આ ખાસ સ્મરણાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓની આંખો શહીદોની યાદમાં નમ થઈ ગઈ હતી. 'ડ્યુટી ફર્સ્ટ' ના મંત્રને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી દેશ માટે શહીદ થનારા જવાનોના બલિદાનને સલામી આપવા માટે આ ખાસ પરેડ અને શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગરિમાપૂર્ણ પ્રસંગે ઉપસ્થિત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ શહીદ જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, "જે જવાનોએ પોતાની ફરજને જ સર્વસ્વ માનીને દેશ અને નાગરિકોની રક્ષા કાજે પોતાના અમૂલ્ય જીવ ન્યોછાવર કરી દીધા છે, તેમનું ઋણ આખો સમાજ અને પોલીસ વિભાગ ક્યારેય ચૂકવી શકશે નહીં. શહીદ જવાનોના પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે, પરંતુ તેઓ ક્યારેય પોતાને એકલા ન સમજે. આખો પોલીસ પરિવાર હંમેશા તેમની પડખે ઊભો છે અને તેમને વિભાગ તરફથી સતત માનભેર હૂંફ અને સહયોગ મળતો રહેશે.

હેડ ક્વાર્ટર ખાતે આયોજિત આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં પોલીસ કમિશનરની સાથે એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી રાકેશ દેસાઈ, ડીસીપી હેતલ પટેલ, ટ્રાફિક ડીસીપી હરપાલસિંહ જાડેજા સહિતના તમામ ઝોનના ડીસીપી, એસીપી, પીઆઈ અને મોટી સંખ્યામાં પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન શહીદોના સન્માનમાં હથિયાર નમાવીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું અને બે મિનિટનું મૌન પાળીને અમર શહીદોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. તમામ અધિકારીઓએ વારાફરતી શહીદ સ્મારક પર પુષ્પચક્ર અર્પણ કરીને વીર જવાનોની બહાદુરીને નમન કર્યા હતા.

# ગુમશુદા મહિલાની ભાળ આપવા અંગે

રાજકોટ:રાજકોટ શહેરના વીર હનુમાન ટાઉનશિપ, સાનિધ્ય ગ્રીનવાળી શેરી, સી-૨૦૧ ખાતે રહેતાં ૪૦ વર્ષીય ગીતાબેન જયેન્દ્રભાઈ રાઠોડ ગત તારીખ ૧૮ ઓક્ટોબરના રોજ સાંજના ૬:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યાં ગયેલ છે.

તેઓ શ્યામ વર્ણ, મધ્યમ બાંધો અને આશરે ૫.૪ ફૂટ ઊંચાઈ ધરાવે છે. તેમણે ગ્રે કલરનો ડ્રેસ પહેરેલ છે તેમજ જમણા હાથની કલાઈ પર મોરપીંછનું ટેટૂ ત્રોફાવેલ છે.

આ વર્ણનવાળાં મહિલા બાબતે કોઈને પણ જાણકારી કે ભાળ મળે તો તુરંત જ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૩૪૦ અથવા મો. નં. ૬૩૫૯૬ ૨૭૪૧૫ તથા ૯૭૨૩૦ ૨૬૩૬૦ પર સંપર્ક કરવા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ શહેરના ૮૦ ફૂટ રોડ, પુનીત નગર મેઈન રોડ પર આવેલ રિદ્ધિ-સિદ્ધિ સોસાયટી ખાતે રહેતાં ૨૬ વર્ષીય તનીષાબેન મેહુલપરી પરી ગત તારીખ ૦૮ ઓક્ટોબરના રોજ પોતાના ઘરેથી ચાલ્યાં ગયેલ છે. તેઓ શરીરે મધ્યમ બાંધો ધરાવે છે.

આ વર્ણનવાળી યુવતી બાબતે કોઈને પણ જાણકારી કે ભાળ મળે તો તુરંત જ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૩૪૦ અથવા મો. નં. ૬૩૫૯૬ ૨૭૪૧૫ તથા ૯૮૭૯૫ ૬૫૪૬૫ પર સંપર્ક કરવા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

**ગુમશુદા યુવકની ભાળ આપવા અંગે**

રાજકોટ શહેરના વાવડી વિસ્તારમાં નવા ૮૦ ફૂટ રોડ પર, સુરભિ બિલ્ડિંગ પાછળ, બગદાદી પાર્ક ખાતે રહેતા ૨૦ વર્ષીય મસુમલી મકસુદભાઈ પીજારા ગત તારીખ ૧૪ ઓક્ટોબરના રોજ પોતાના ઘરેથી નીકળી ગયેલ છે. તેઓ શરીરે મધ્યમ બાંધો ધરાવે છે અને તેમણે કાળા રંગનો શર્ટ પહેરેલ છે.

આ વર્ણનવાળા યુવક બાબતે કોઈને પણ જાણકારી કે ભાળ મળે તો તુરંત જ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નં. ૦૨૮૧-૨૫૬૩૩૪૦ અથવા મો. નં. ૬૩૫૯૬ ૨૭૪૧૫ તથા ૯૫૭૪૨ ૪૧૬૬૦ પર સંપર્ક કરવા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

# બે વર્ષમાં મહાપાલિકાએ કાર્યક્રમો પાછળ ૧૯.૪૧ કરોડનો ધુમાડો કરી નાંખ્યો!

## નાના-મોટા ખાતમુહૂર્ત, વીઆઈપીની મુલાકાત સહિતના પ્રસંગોએ શાસકોએ સ્વપ્રસિધ્ધિ પાછળ બેફામ ખર્ચ કર્યા

રાજકોટ:રાજકોટ મહાપાલિકામાં જંગલેશ્ર્વર ડિમોલીશન વખતના ૨૭ લાખના ચર્ચાસ્પદ ફૂડ ખર્ચ નામંજૂર કરીને તપાસ સમિતિ રચવામાં આવી છે અને કાર્યક્રમો તથા પ્રસંગો પાછળ કરવામાં આવતા ખર્ચ સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે ત્યારે મહાપાલિકાના શાસકો અને અધિકારીઓએ નાના મોટા કાર્યક્રમ સહિતના પ્રસંગોએ છેલ્લા બે વર્ષમાં ૧૯.૪૧ કરોડનો અધધધ ખર્ચ કર્યાનું સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે.

શેરીઓમાં કરવામાં આવતા ખાતમુહૂર્ત જેવા કામથી માંડી વીવીઆઈપીની મુલાકાત જેવા પ્રસંગોએ ટેન્ડર વગર મોટા ખર્ચ કરવામાં આવતા હોય, બે વર્ષમાં આટલો ધુમાડો થયાની માહિતી સામાન્ય સભાને આપવામાં આવી છે. સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા અલગ અલગ નાના મોટા ૮૯ કાર્યક્રમો પાછળ આટલો ખર્ચ કરાયાની માહિતી ઠરાવ નંબર સાથે (કાર્યક્રમવાઇઝ નહી) આપવામાં આવી છે. ચૂંટાયેલી બોડી દ્વારા નાના મોટા કાર્યક્રમ યોજાતા હોય છે.

કયારેક એકાએક ઉપરથી આવતા કાર્યક્રમો પાછળ મર્યાદા બહારના ખર્ચ પણ ટેન્ડર વગર થઇ જાય છે. શાસકોની સૂચનાથી અધિકારીઓ આ કામ કરતા હોય છે. પરંતુ હવે આવા કામોના કારણે અધિકારીઓને ફસાવાનું થતું હોય, થોડા મહિનાથી કાર્યક્રમો કંટ્રોલમાં આવ્યા છે. તેમાં વધુમાં વધુ ટેન્ડરથી જ ખર્ચ થાય તેવા પ્રયાસો પણ શરૂ થયા છે. મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિકાસ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કુલ રૂ. ૧૯,૪૧,૪૫,૩૧૭નો ખર્ચ કરવામાં આવ્યો હોવાનું મનપાની સામાન્ય સભામાં પૂછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં જણાવાયું છે. વોર્ડ નં. ૧૫નાં કોંગ્રેસના કોર્પોરેટર સુધાબા રામદેવસિંહ વાઘેલાએ સાંસ્કૃતિક વિકાસ વિભાગના ખર્ચ અને તેની મંજૂરી અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં આ માહિતી આપી છે.

છેલ્લા બે વર્ષ દરમિયાન સાંસ્કૃતિક વિકાસ વિભાગે કુલ કેટલો ખર્ચ કર્યો, કયા-કયા કાર્યક્રમો પાછળ કેટલી રકમ ખર્ચવામાં આવી તેમજ કેટલા ખર્ચને સ્ટેન્ડિંગ કમિટી અને સામાન્ય સભાની મંજૂરી મળી હતી તેની વિગત ખર્ચ મંજૂરીની તારીખ સાથે માંગી હતી. વિભાગે આપેલા જવાબ મુજબ તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૪થી તા. ૧૨ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીના સમયગાળામાં વિવિધ કાર્યક્રમો પાછળ કુલ રૂ. ૧૯,૪૧,૪૫,૩૧૭નો ખર્ચ થયો છે.આ પૈકી કાર્યક્રમો પાછળ ૧૭.૫૭ કરોડ અને પગારનો ૧.૮૩ કરોડનો ખર્ચ સાંસ્કૃતિક વિભાગમાં થયો છે. આ કાર્યક્રમોના કુલ ખર્ચ પૈકી રૂ. ૨,૬૫,૧૩,૮૮૮ના ખર્ચને સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી મળી શકે તેવો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે.

આ સિવાયનો તમામ ખર્ચ મંજૂર કરાયેલા રેટ કોન્ટ્રાકટ અને તત્કાલ અપાતા ઓર્ડર પરથી કરવાની પરંપરા દાયકાઓથી ચાલુ છે. આ ખર્ચ પૈકી કોઈપણ ખર્ચની મંજૂરી સામાન્ય સભામાં લેવામાં આવી ન હોવાનું લેખિત જવાબમાં જણાવાયું છે. આ રીતે અત્યાર સુધી તત્કાલની જેમ નકકી થતા કાર્યક્રમો પાછળ કઇ રીતે આડેધડ ખર્ચ થતા હતા તે જાહેર થઇ રહ્યું છે. જોકે હવે ટેન્ડર બહાર પાડીને કાર્યક્રમ સહિતના ખર્ચ થઇ રહ્યા છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# નવરાત્રિ પૂરી થવા છતાં ઠંડીની અસર ગાયબ

ગુજરાતમાં સામાન્ય રીતે નવરાત્રિના પ્રારંભ સાથે કે ઓક્ટોબરના મધ્ય સુધીમાં વહેલી સવારે અને રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ શરૂ થઈ જતો હોય છે, પરંતુ ચાલુ વર્ષે ઓક્ટોબર મહિનો પૂરો થવા આવ્યો હોવા છતાં ઠંડી હજુ સુધી ગાયબ છે અને તેના બદલે રાજ્યના નવથી વધુ શહેરોમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. છેલ્લા ચોવીસ કલાકમાં સૌથી વધુ ગરમી ૪૦.૬ ડિગ્રી સાથે રાજકોટ ટોપ પર રહ્યું, જ્યારે ભૂજમાં ૩૯ ડિગ્રી અને અમદાવાદમાં ૩૮.૦૧ ડિગ્રી ગરમી નોંધાઈ છે. વધતી જતી ગરમી તથા ઉકળાટના કારણે લોકોએ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખાસ કરીને નવરાત્રિ શરૂ થયા પહેલા જ આંશિક ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે, જોકે આ વખતે નવરાત્રી પૂરી થવા છતાંય ઠંડીની અસર અનુભવાતી નથી, તેનાથી વિપરીત રાજ્યના અનેક શહેરો તપી રહ્યાં છે.સૌથી મહત્વની વાત એ છે કે રાજ્યનું સૌથી ઓછું તાપમાન કચ્છ જિલ્લાના નલિયામાં નોંધાતું હોય છે, જોકે અહીં પણ નવાઈની વચ્ચે તાપમાન ૩૮.૬ ડિગ્રી નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગુજરાતમાં તાપમાન યથાવત રહેશે અને આગામી સાત દિવસ હવામાન સૂકું રહેશે, એટલે હજુ પણ ઠંડી શરૂ થવાના કોઈ આસાર નથી. જ્યારે બુધવારે બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા અને તાપીમાં છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની શક્યતા છે.શિયાળાની ઋતુના આગમનમાં થયેલા આ વિલંબ પાછળ હવામાન નિષ્ણાતોએ કેટલાક ચોક્કસ ભૌગોલિક અને વૈજ્ઞાનિક કારણો જવાબદાર ગણાવ્યા છે. ઉત્તર તરફથી આવતા પવનોમાં વિલંબ એ મુખ્ય કારણ છે, કારણ કે ગુજરાતમાં ઠંડીની શરૂઆત મુખ્યત્વે ઉત્તર ભારત તરફથી આવતા ઠંડા અને સૂકા પવનો પર આધાર રાખે છે. હાલમાં હિમાલય કે ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં હજુ સુધી હિમવર્ષા કે તે પ્રકારના ઠંડા મોજા શરૂ થયા નથી, જેના કારણે ગુજરાત તરફ શીત લહેર ફુંટાવાના શરૂ થયા નથી. આ ઉપરાંત ક્લાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વૉમિંગના કારણે તાપમાનમાં થઈ રહેલા વધારાની અસર ગુજરાત પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. ઋતુચક્ર બદલાવાના કારણે ઉનાળા અને ચોમાસાની અવધિ લંબાતી જાય છે, જ્યારે શિયાળાની ઋતુ સંકોચાઈ રહી છે.રાત્રિના તાપમાનમાં અપેક્ષિત ઘટાડો ન થવો પણ એક મહત્વનું કારણ છે. વાતાવરણમાં સતત પલટો આવવાને કારણે લઘુત્તમ તાપમાન અપેક્ષિત ઘટાડો નોંધાવી રહ્યું નથી, જેના કારણે રાત્રે પણ પંખા-એસી ચાલુ રાખવાની જરૂર પડે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે ચોમાસાની વિદાય સામાન્ય કરતા મોડી થઈ હતી અને વાતાવરણમાં હજુ પણ ભેજનું પ્રમાણ જળવાઈ રહ્યું છે. જમીન અને હવામાં ભેજનું ઊંચું પ્રમાણ તથા હિમાલયમાં હિમવર્ષા મોડી થવાના કારણો પણ ઠંડીના વિલંબ માટે જવાબદાર છે. આમ, ચોમાસાની આડઅસર, ઉત્તર ભારતના પવનોમાં વિલંબ અને વૈશ્વિક તાપમાન વધારો એ ત્રણેય પરિબળો એકસાથે ગુજરાતમાં ઓક્ટોબરના અંત સુધી ઠંડીને ગાયબ રાખ્યા છે.

# જીવન સંધ્યાના આરે પહોંચેલા સિનિયર સિટીઝનો પણ દિવાળી પર્વનો આનંદ લઈ શકે

**તહેવારોનો આનંદ અનોખો હોય છે વહેલી સવારે સિનિયર સિટીઝનો પણ ચાલતા ચાલતા મંદિરોમાં દર્શન કરવા જાય છે. જે પોઝિટિવ છે તે તહેવારોનો આનંદ લઈ શકે છે. જે લોકો ૬૦ વર્ષ વટાવી ચૂક્યા છે તે લોકો પણ આનંદથી જીવે છે. અને તહેવારોનો આનંદ પણ માણે છે આ માટે મનમાં ઉત્સાહ હોવો જોઈએ.**

**પ્રાંસગિક** — સુરેશ ભટ્ટ

અમેરિકાના મહાન હૃદયરોગ નિષ્ણાત ડોક્ટર પોલ ડુડલી વ્હાઈટે કહ્યું હતું કે, "સ્વસ્થ હૃદય માટે ચાલવું એ સૌથી સારી દવા છે, અને તે દવા બધા માટે મફત છે."

આ એક વાક્યમાં જીવનના ઉત્તરાર્ધનું આખું રહસ્ય છુપાયેલું છે. સાઠ વર્ષ એ જીવનની સાંજ નથી, એ તો જીવનની એવી બપોર છે જ્યાં તડકો નરમ હોય છે અને પડછાયા લાંબા હોય છે. ઘણા લોકો માને છે કે સાઠ પછી શરીર નબળું પડવું એ કુદરતનો નિયમ છે, પણ ખરેખર તો કુદરત ક્યારેય કોઈને નબળું પાડતી નથી. નબળાઈ તો ત્યારે આવે છે જ્યારે આપણે ધીરે ધીરે જીવન સાથેનું જોડાણ ઓછું કરવા લાગીએ છીએ. જે શરીરને રોજ હલનચલન મળે છે તે શરીર ક્યારેય ઘરડું થતું નથી. ચાલવું એ માત્ર કસરત નથી, એ એક પ્રાર્થના છે. સવારના પહોરમાં જ્યારે તમે તમારા ઘરની બહાર નીકળો છો, ખુલ્લી હવામાં શ્વાસ લો છો, આજુબાજુના લોકોને જુઓ છો, ઝાડના પાંદડા ફરકતા જુઓ છો ત્યારે તમારા પગની સાથે તમારું મન પણ ચાલવા લાગે છે. જે પગ અટકી જાય છે તેની સાથે વિચારો પણ અટકી જાય છે. તેથી વડીલોએ પોતાની ચાલને ક્યારેય અટકવા દેવી જોઈએ નહીં. ધીમે ચાલો પણ ચાલતા રહો, કારણ કે ગતિમાં જ જીવનનો પ્રવાહ વહે છે.

આ ઉંમરે બીજી સૌથી મોટી સંપત્તિ એટલે ગાઢ અને મીઠી નિંદર. આપણા સમાજમાં એવી ખોટી માન્યતા છે કે ઓછું ઊંઘવું એ સજાગતાની નિશાની છે, પરંતુ તબીબી વિજ્ઞાન સ્પષ્ટ કહે છે કે જે વ્યક્તિ સાત કલાકની શાંત ઊંઘ નથી લેતો તેનું મગજ દિવસ દરમિયાન પૂરેપૂરું ખીલતું નથી. રાત્રે જ્યારે આપણે ગાઢ નિંદરમાં હોઈએ છીએ ત્યારે આપણું શરીર અંદરથી પોતાની જાતને નવેસરથી ગોઠવે છે. દિવસભરનો થાક ઉતરે છે, યાદશક્તિ તાજી થાય છે અને સવારે ઉઠતાની સાથે એક નવી ઊર્જાનો અનુભવ થાય છે. જે વડીલો રાત્રે મોડે સુધી ટેલિવિઝન જોતા રહે છે અથવા નકામી ચિંતાઓમાં જાગતા રહે છે તેઓ બીજા દિવસે પોતાની જાત સાથે પણ પ્રસન્ન રહી શકતા નથી. ઊંઘને પ્રેમ કરો, તે તમારા સ્વાસ્થ્યની સૌથી વફાદાર મિત્ર છે.

ભોજનની વાત આવે ત્યારે ઘણા સિનિયર સિટીઝન એવું વિચારે છે કે હવે ઓછું ખાવું અને સાદું ખાવું એટલે માત્ર ખીચડી અને રોટલી ખાવી. પણ શરીરને આ ઉંમરે સૌથી વધુ જરૂર હોય છે બળની અને બળ આવે છે પ્રોટીનમાંથી. જેમ જેમ ઉંમર વધે તેમ તેમ સ્નાયુઓ કુદરતી રીતે પાતળા થવા લાગે છે. જો ખોરાકમાં દૂધ, છાશ, પનીર, મગ, તુવેર, ચણા જેવા પ્રોટીનયુક્ત પદાર્થો ન હોય તો હાથ પગની તાકાત ધીરે ધીરે ઓછી થવા લાગે છે. ઘણી વખત વડીલો ફરિયાદ કરે છે કે હવે બોટલનું ઢાંકણું પણ ખુલતું નથી કે શાક સમારતા હાથ દુખે છે, તેનું કારણ ઉંમર નથી પણ ખોરાકમાં પ્રોટીનની ખામી છે. ખોરાકને દવા બનાવો તો દવાને ખોરાક તરીકે લેવી પડતી નથી.આપણા શરીરને સૂર્ય સાથે જૂનો નાતો છે. સવારનો તડકો એ કુદરતનું મફત વિટામિન છે. જે લોકો આખો દિવસ ઘરની ચાર દિવાલોમાં બેસી રહે છે, બારી બંધ રાખે છે અને સૂર્યના પ્રકાશથી દૂર ભાગે છે તેમના હાડકાં અંદરથી નબળા થવા લાગે છે. સૂર્યપ્રકાશ વિના શરીરમાં વિટામિન ડી બનતું નથી અને વિટામિન ડી વિના હાડકાં મજબૂત રહેતા નથી. રોજ સવારે થોડીવાર માટે અગાસીમાં, આંગણામાં કે બગીચામાં બેસીને તડકાનો સ્પર્શ લેવો એ કોઈ જૂની ટેવ નથી, એ તો આધુનિક વિજ્ઞાન પણ કહે છે તેવી સૌથી સારી સારવાર છે. સૂર્ય તમને ઉજાસ જ નથી આપતો, તે તમને ટેકો પણ આપે છે.નિવૃત્તિ પછી ઘણા લોકો વિચારે છે કે હવે મારે કોઈ ભારે કામ કરવું નથી. આ વિચાર સાંભળવામાં સારો લાગે છે પણ તે શરીર માટે નુકસાનકારક છે. પોતાની થેલી જાતે ઉપાડવી, પોતાના રૂમની સાફસફાઈ કરવી, છોડને પાણી આપવું, બાળકને તેડવું, આ બધી નાની નાની પ્રવૃત્તિઓ તમારા સ્નાયુઓને કહે છે કે હજુ તમારી જરૂર છે. જ્યારે તમે શરીરને કામ આપવાનું બંધ કરી દો છો ત્યારે શરીર પણ કામ કરવાની તૈયારી છોડી દે છે. તાકાત કોઈ દુકાનમાં મળતી નથી, તે રોજિંદા કામમાંથી જ જન્મે છે. તેથી આરામને આળસ ન બનવા દો, આરામની વચ્ચે પણ થોડું કામ શોધી લો.જીવનમાં સૌથી વધુ થકવનારી વસ્તુ જો કોઈ હોય તો તે છે સતત ફરિયાદ કરવાની ટેવ. જે વ્યક્તિ આખો દિવસ પોતાના નસીબ, પોતાના સંતાનો, પોતાના ઘૂંટણના દુખાવા કે સમાજ વિશે ફરિયાદ કર્યા કરે છે તે વ્યક્તિ ક્યારેય પ્રસન્ન રહી શકતી નથી. ફરિયાદ કરવાથી દુખાવો ઓછો થતો નથી, ઉલટાનો વધે છે. તેના બદલે જો તમે સક્રિય રહો, લોકો સાથે હળો મળો, ભજન મંડળીમાં જાઓ, કોઈ રમત રમો, બાળકો સાથે વાર્તા કરો તો તમારું મન પણ હળવું રહેશે. આત્મવિશ્વાસ એ કોઈ બહારથી આવતી વસ્તુ નથી, તે તમારી પોતાની ગતિમાંથી જન્મે છે.ઘણી વખત આપણે પોતાની જાતને જ કહી દઈએ છીએ કે હવે મારાથી નહીં થાય, હું ઘરડો થઈ ગયો છું. આ વાક્ય એક નાનું વાક્ય નથી, એ તો મગજને અપાયેલો હુકમ છે. મગજ એવો માલિક છે જે તમારી વાત તરત માની લે છે. તમે જો તેને કહેશો કે હું નબળો છું તો તે શરીરને નબળું બનાવી દેશે, અને તમે જો કહેશો કે હું હજુ ઘણું કરી શકું છું તો તે તમને નવી શક્તિ આપશે. તેથી પોતાની ઉંમરને ક્યારેય પોતાની લાચારી ન બનવા દો. સાડી પહેરતા કે ધોતી પહેરતા જે ઉત્સાહ યુવાનીમાં હતો તે જ ઉત્સાહ સાઠ પછી પણ રાખી શકાય છે, બસ મનને એમ કહેવાનું છે કે હજુ તો ઘણું બાકી છે.



યાદ રાખો, નબળાઈ એક રાતમાં આવતી નથી. તે ટીપે ટીપે ભેગી થાય છે. આજે તમે ચાલવાનું બંધ કર્યું, કાલે તમે તડકામાં બેસવાનું બંધ કર્યું, પરમ દિવસે તમે લોકોને મળવાનું બંધ કર્યું અને ધીરે ધીરે તાકાત ઓછી થવા લાગી. જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે તેમ ટેવે ટેવે તાકાત પણ ભરાય છે. તેથી આજથી જ એક નાનો સંકલ્પ કરો. સક્રિય રહેવું, વ્યસ્ત રહેવું અને જીવનને દરરોજ એક નવું કારણ આપવું કે મારે મજબૂત રહેવું છે. જ્યારે તમારી પાસે જીવવાનું કારણ હશે ત્યારે શરીર પોતે જ તે કારણ માટે તાકાત શોધી લાવશે. સિનિયર સિટીઝન એટલે થાકેલી વ્યક્તિ નહીં, પણ અનુભવનો ખજાનો છે. તમારા અનુભવને, તમારા સ્મિતને અને તમારી હાજરીને આ દુનિયાને હજુ ઘણી જરૂર છે, માટે મજબૂત રહો, મસ્ત રહો અને દરરોજ સવારે ઉગતા સૂરજને કહો કે હું તૈયાર છું.

# વૃંદાવનથી ડાકોર સુધીઃ એક જ ચંદ્ર-અનેક રાસ

આસો માસની શરદ પૂર્ણિમા એટલે પ્રકૃતિ અને પરમાત્માના દિવ્ય મિલનની અનોખી રાત્રિ છે. શરદ પૂનમની દિવ્ય રાત્રિએ સોળે કળાએ ખીલેલો ચંદ્ર પૃથ્વી પર અમૃત વરસાવી રહ્યો હોય ત્યારે માનવમન પર બ્રહ્માંડના બે પરમ ધામ-વૃંદાવન અને ડાકોર અંકિત થાય છે, વૃંદાવન એ ભક્તિનું હૃદય છે, તો ડાકોર એ ભક્તિનું શ્રેષ્ઠ સમર્પણ છે. બંને ઉર્જાથી ધબકતા આધ્યાત્મિક તીર્થસ્થાનો છે. વૃંદાવન કનૈયાની લીલાઓનું દિવ્ય ધામ છે, તો ડાકોર વાત્સલ્ય અને ભક્તવત્સલતાનું જીવંત પ્રતીક છે. વૃંદાવનની પવિત્ર રજ-કણમાં રાધા-કૃષ્ણ ધબકે છે, જ્યારે ડાકોરમાં ભક્ત બોડાણાની ભક્તિથી પ્રસન્ન થઈ તથા તેનો આત્મિક પ્રેમ જોઈને પ્રભુ સ્વયં શ્રી દ્વારિકાના નાથ ડાકોર પધારે છે. જ્યારે માનવના હૃદયમાં વૃંદાવનના યમુના કિનારે રચાયેલા મહારાસનું અનોખું દ્રશ્ય તથા ડાકોરના ગોમતી તળાવના તીરે પરમ ભક્ત બોડાણાની પ્રેમલક્ષણા ભક્તિનું ભવ્ય ચિત્ર અંકિત થાય છે, ત્યારે જીવાત્મા પરમાત્મા તરફ વળે છે, અને આત્મસાક્ષાત્કાર સહજ બની જાય છે.આભમાં ચમકતો ચંદ્ર તો એક જ છે, પરંતુ વૃંદાવનથી લઈને ડાકોર સુધી વિસ્તરેલી એ રાસની દિવ્યતા અને આનંદ અનેક સ્વરૂપે અણમોલ છે. ભારતીય ચિંતન કહે છે : ''સત્ય એક છે, પણ તેની અભિવ્યક્તિ અનેક છે.'' વૃંદાવનનો મહારાસ રાધા અને ગોપીઓની નિર્મળ, નિષ્કામ અને નિઃસ્વાર્થ ભક્તિ છે, જ્યાં 'માધુર્ય ભાવ'નું સર્વોચ્ચ શિખર અનુભવાય છે. ડાકોરનો ભક્તિપ્રકાશએ ભક્ત બોડાણાની અનન્ય અને સમર્પિત ભક્તિ છે, જ્યાં રાસનું સ્વરૂપ બદલાઈને 'વાત્સલ્ય ભાવ'માં પરિવર્તિત થાય છે.ભક્તિના ભાવો બદલાય છે, રાસની શૈલી બદલાય છે, પણ તત્ત્વ તો એક જ છે. વૃંદાવનના કાન્હા અને ડાકોરના શ્રી રણછોડરાયજી બંને એક જ છે. પ્રભુની લીલાઓ ખરેખર અનન્ય, અકળ અને અદ્ભૂત છે. જ્યાં આવી શુદ્ધ, ભાવપૂર્ણ અને અંતરની આસ્થાથી તરબતર ભક્તિ પ્રગટે છે, ત્યાં અખિલ બ્રહ્માંડના નાથ દોડીને આવે છે. ભગવાન પોતાના ભક્તને વરે છે, સ્વીકારી લે છે, હર્ષથી અપનાવે છે, ભેટે છે, અને ભક્તના પ્રેમને વશ થઈ જાય છે. ભગવાન ભક્ત પર પ્રસન્ન થઈને તેના પર આશીર્વાદ અને કૃપાનો વરસાદ વરસાવે છે. ભક્ત બોડાણા, ભક્ત નરસિંહ મહેતા, ભક્તરાજ પ્રહલાદ, શબરી, મીરાંબાઈ, દ્રોપદીપ વગેરે ભક્તિમાર્ગના ઉત્તમ ઉદાહરણો છે. મીરાંબાઈએ ગાયું છે કે : 'મેરે તો ગિરધર ગોપાલ દૂસરા ન કોઈપ'શરદ પૂનમની રાત્રિનું શીતળ અને મનોરમ સૌંદર્ય નિહાળીને આનંદ માણવાનો તો છે જ, પરંતુ એ શીતળતા અને તેજને માનવે પોતાના અંતરમાં પ્રગટાવવાનું છે. વર્ષાઋતુ પછી ખીલેલી ધરાનું હરિત અને રળિયામણું દ્રશ્ય માનવને પ્રેરણા આપે છે કે પ્રત્યેકે પોતાના જીવનને નવરંગી, ઉમંગી, ચેતનવંતુ અને હરિયાળું બનાવવું જોઈએ. આ એવી પવિત્ર ક્ષણ તથા અનોખો અવસર છે જ્યાં બહારી સૌંદર્ય એ જ માનવીની 'આધ્યાત્મિક સાધના' બની જાય છે. આકાશનો ચંદ્ર ભલે મૌન છે, પણ એનું મૌન માનવને ઘણું બધું સમજાવી જાય છે, પૂર્ણિમાની આ 'અમૃતરાત્રિ' પોતાના 'મૌન પગરવ' દ્વારા માનવને ચૈતન્યશીલ અને સકારાત્મક દિશા તરફ ગતિ કરવાની સુંદર પ્રેરણા પૂરી પાડે છે.

# ગ્રીન ગેસ હાઇડ્રોજન હવે રસોઈ પણ પકવશે

**પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એટલે કે પીએનજીઆરબીએ ઘરગથ્થુ વપરાશ માટે પૂરા પડાતા પાઇપ્ડ નેચરલ ગેસ એટલે કે પીએનજીમાં કદના આધારે પાંચ ટકા જેટલું હાઈડ્રોજન ભેળવવા માટેની માર્ગદર્શિકાનો મુસદ્દો જાહેર કર્યો છે.**

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

દેશમાં ઈંધણમાં વૈકલ્પિક ઉર્જા ભેળવવાનો પ્રયોગ હવે પેટ્રોલ પૂરતો સીમિત રહ્યો નથી. હવે રસોડા સુધી પહોંચતા પાઈપ ગેસમાં પણ હાઈડ્રોજન ઉમેરવાની તૈયારી ચાલી રહી છે. ઉર્જા નિયમનકારી સંસ્થાએ આ અંગે એક પ્રારંભિક માર્ગદર્શિકા બહાર પાડી છે જેમાં ઘરેલુ પાઈપ ગેસમાં પાંચ ટકા સુધી હાઈડ્રોજન મિક્સ કરવાની વાત છે. આ પાછળનો વિચાર દેશને આયાતી ગેસ પરથી મુક્ત કરવાનો અને પ્રદૂષણ ઓછું કરવાનો છે. જોકે આ વિચારને જમીન પર ઉતારવો એટલો સહેલો નથી. હાઈડ્રોજન ખૂબ જ ઝડપથી આગ પકડી લેતો ગેસ છે તેથી તેને સામાન્ય પાઈપમાંથી મોકલવો જોખમી છે. તેના માટે ખાસ મજબૂત પાઈપ, નવા મીટર અને સતત દેખરેખ રાખતી સિસ્ટમ જોઈએ. આ બધું ઉભું કરવા માટે ગેસ વહેંચતી કંપનીઓએ મોટું રોકાણ કરવું પડશે. હાલમાં જ આંતરરાષ્ટ્રીય ગેસના ભાવ વધવાને કારણે તેમનો નફો ઘટ્યો છે ત્યારે આ નવું રોકાણ તેમના માટે વધારાનો ભાર બનશે. નિષ્ણાતોના મતે ગ્રીન હાઈડ્રોજનની કિંમત સામાન્ય કુદરતી ગેસ કરતા લગભગ ત્રણ ગણી વધારે છે તેથી પાંચ ટકા મિશ્રણ પણ ગેસના છૂટક ભાવમાં વધારો કરશે. નિયમનકારે આ પ્રક્રિયાને ખૂબ જ નિયંત્રિત રાખી છે. કંપનીએ સંપૂર્ણ સલામતી રિપોર્ટ આપવો પડશે, બહારની એજન્સી પાસે તપાસ કરાવવી પડશે અને માત્ર નાના વિસ્તારમાં જ પ્રયોગ તરીકે શરૂઆત કરવી પડશે. વળી આ પ્રયોગ માત્ર ઘરના રસોડા પૂરતો જ રહેશે, ગાડીઓના સીએનજીમાં કે હોટલ ઉદ્યોગના ગેસમાં તેને મંજૂરી નથી. ટૂંકમાં સ્વચ્છ ઉર્જાનો આ પ્રયોગ સારો છે પરંતુ તેની કિંમત અને જોખમ બંને વધારે છે અને તેનો સીધો પ્રભાવ સામાન્ય પરિવારના માસિક બજેટ પર પડવાનો છે.

દેશમાં પેટ્રોલમાં ઈથેનોલના મિશ્રણની ટકાવારી વધારીને વીસ ટકા કરવા સામે જે વિરોધ ઉઠ્યો હતો તેનો પડઘો હજુ શાંત થયો નથી ત્યાં જ રસોડા સુધી પહોંચતા ઈંધણમાં એક નવો મોટો ફેરફાર કરવાની તૈયારી શરૂ થઈ ગઈ છે. પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ એટલે કે પીએનજીઆરબીએ ઘરગથ્થુ વપરાશ માટે પૂરા પડાતા પાઈપ્ડ નેચરલ ગેસ એટલે કે પીએનજીમાં કદના આધારે પાંચ ટકા જેટલું હાઈડ્રોજન ભેળવવા માટેની માર્ગદર્શિકાનો મુસદ્દો જાહેર કર્યો છે. આ પગલા પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની કુદરતી ગેસની વધતી જતી માંગને પહોંચી વળવા માટે જે મોટા પ્રમાણમાં આયાત કરવી પડે છે તેના પરની નિર્ભરતા ઘટાડવાનો અને સાથે સાથે સ્વચ્છ ઉર્જા તરફ આગળ વધવાનો છે. પરંતુ આ નિર્ણય જેટલો પર્યાવરણની દ્રષ્ટિએ આકર્ષક લાગે છે તેટલો જ તેની પાછળ છુપાયેલા ટેકનિકલ, આર્થિક અને સુરક્ષાના પડકારો પણ મોટા છે જેનો સીધો બોજ આખરે સામાન્ય ગ્રાહકના ખિસ્સા પર પડે તેવી પૂરેપૂરી શક્યતા છે.

આ પ્રકારના મિશ્રણનો વિચાર નવો નથી. પીએનઆર જીબી વર્ષ બે હજાર ત્રેવીસથી આ દિશામાં વિચારણા કરી રહ્યું છે. વિશ્વના ઘણા દેશોમાં પ્રાયોગિક ધોરણે કુદરતી ગેસમાં હાઈડ્રોજન ભેળવવાના પ્રયોગો થઈ રહ્યા છે કારણ કે હાઈડ્રોજન સળગે ત્યારે તેમાંથી માત્ર પાણીની વરાળ નીકળે છે કાર્બન નીકળતો નથી. આમ તેને ગ્રીન એનર્જીના ભવિષ્ય તરીકે જોવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે આપણું હાલનું માળખું આ માટે તૈયાર છે ખરું.

હાલમાં જે પાઈપલાઈન દ્વારા ઘરો સુધી પીએનજી પહોંચાડવામાં આવે છે તે પરંપરાગત કુદરતી ગેસ માટે બનાવવામાં આવી છે. હાઈડ્રોજન એ ખૂબ જ હળવો અને અત્યંત જ્વલનશીલ વાયુ છે. તેની જ્વલનશીલતા મિથેન કરતા અનેક ગણી વધારે હોય છે અને તેમાં આગ ખૂબ જ ઝડપથી લાગે છે અને જો દુર્ઘટના સર્જાય તો વિસ્ફોટ પણ અત્યંત ઝડપી અને તીવ્ર હોય છે. આ કારણોસર હાઈડ્રોજન મિશ્રિત ગેસના વહન માટે સામાન્ય પાઈપલાઈન ચાલે નહીં. તેના માટે વધુ મજબૂત, ખાસ પ્રકારના સ્ટીલની અને લીકેજ પ્રૂફ પાઈપલાઈન જોઈએ. સાથે સાથે પ્રેશર રેગ્યુલેટર, મીટર, વાલ્વ અને ઘરમાં વપરાતા ગેસના ચૂલા સુધીની તમામ સિસ્ટમમાં ફેરફાર કરવા પડે. આ ફેરફાર માત્ર ટેકનિકલ નથી પરંતુ ખૂબ જ ખર્ચાળ છે.

આ ખર્ચ કોણ ભોગવશે તે સૌથી મોટો સવાલ છે. દેશમાં પીએનજીનું વિતરણ કરતી મોટી કંપનીઓ જેવી કે ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ, મહાનગર ગેસ લિમિટેડ, ગુજરાતમાં કાર્યરત સાબરમતી ગેસ અને અદાણી ટોટલ ગેસ જેવી કંપનીઓએ આ માટે સલામતી ઓડિટ, નવા સાધનો, મોનિટરિંગ સિસ્ટમ અને કર્મચારીઓની તાલીમ પાછળ કરોડો રૂપિયાનું નવું રોકાણ કરવું પડશે. કોઈ પણ ખાનગી કંપની આટલું મોટું રોકાણ પોતાના નફામાંથી લાંબો સમય સુધી સહન કરી શકે નહીં. સ્વાભાવિક રીતે આ ખર્ચની વસૂલાત ગ્રાહકો પાસેથી કરવામાં આવશે. એટલે કે રસોડાનો ગેસ મોંઘો થવાની તૈયારી છે.આ આર્થિક દબાણ એવા સમયે આવી રહ્યું છે જ્યારે ગેસ કંપનીઓ પહેલેથી જ મુશ્કેલીમાં છે. આંતરરાષ્ટ્રીય બજારમાં લિક્વિફાઈડ નેચરલ ગેસ એટલે કે એલએનજીના ભાવમાં પશ્ચિમ એશિયામાં તણાવ ખાસ કરીને ઈરાન અને અમેરિકા વચ્ચેના સંઘર્ષની અસરને કારણે ભારે અસ્થિરતા જોવા મળી છે. ભાવ વધતા કંપનીઓનો નફો સીધો ઘટ્યો છે. ચાલુ નાણાકીય વર્ષના પહેલા ત્રિમાસિક ગાળામાં જ ઈન્દ્રપ્રસ્થ ગેસનો નફો વાર્ષિક ધોરણે ચુમ્માલીસ ટકા જેટલો ઘટીને બસો અડત્રીસ કરોડ પર આવી ગયો હતો જ્યારે મહાનગર ગેસનો નફો પણ ઓગણચાલીસ ટકા ઘટીને એકસો ત્રાણું કરોડ રહી ગયો હતો. આવી સ્થિતિમાં નવું મૂડી રોકાણ કંપનીઓ માટે વધુ ભારે બનશે.

આ ઉપરાંત હાઈડ્રોજન પોતે પણ સસ્તો નથી. સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડર મુજબ ગ્રીન હાઈડ્રોજનનો ભાવ હાલમાં જીએસટી સાથે પ્રતિ કિલો ત્રણસો સત્યાશીથી ત્રણસો સત્તાણું રૂપિયા જેટલો છે. જો તેને ઉર્જાના માપદંડ એમએમબીટીયુમાં ગણીએ તો તેની પડતર કિંમત બે હજાર આઠસો એંસીથી બે હજાર નવસો પચાસ રૂપિયા જેટલી થાય છે. જ્યારે સ્થાનિક કુદરતી ગેસની બેન્ચમાર્ક કિંમત ઓક્ટોબર મહિનામાં માત્ર અગિયાર દશાંશ બાવીસ ડોલર પ્રતિ એમએમબીટીયુ હતી. એટલે કે ગ્રીન હાઈડ્રોજન સ્થાનિક ગેસ કરતા લગભગ બે દશાંશ સાત ગણો મોંઘો છે. આટલો મોંઘો ગેસ પાંચ ટકા ભેળવવાથી પણ પીએનજીના ભાવમાં નોંધપાત્ર વધારો થશે. હાલમાં દિલ્હીમાં ગ્રાહકો પ્રતિ સ્ટાન્ડર્ડ ક્યુબિક મીટર પચાસ દશાંશ ઓગણસાઠ રૂપિયા ચૂકવી રહ્યા છે તેમાં હજુ વધારો થશે.સુરક્ષા અને અમલીકરણને ધ્યાનમાં રાખીને પીએનજીઆરબીએ આ ગાઈડલાઈન્સમાં કેટલાક કડક નિયમો મૂક્યા છે. આ મુસદ્દા મુજબ કોઈ પણ ગેસ વિતરણ કંપની જો પાંચ ટકા હાઈડ્રોજન ભેળવવા માંગતી હોય તો તેણે સીધું ભેળવી શકાશે નહીં. તેના માટે તેણે પીએનજીઆરબીને વિગતવાર અરજી કરવી પડશે. તે અરજી સાથે ડિટેઈલ્ડ સેફ્ટી એન્ડ રેડીનેસ રિપોર્ટ એટલે કે સલામતી અને તૈયારી અંગેનો સંપૂર્ણ અહેવાલ જોડવો પડશે. આ ઉપરાંત કંપનીએ એક સ્વતંત્ર નિષ્ણાત એજન્સીની નિમણૂક કરવી પડશે જે તેની પાઈપલાઈન, સ્ટોરેજ અને વિતરણ વ્યવસ્થાની સુરક્ષા અને કાર્યક્ષમતાની સમીક્ષા કરશે. તમામ મંજૂરીઓ મળ્યા પછી અને પ્રિ સ્ટાર્ટ સેફ્ટી ચેક સફળ થયા પછી જ મિશ્રણ શરૂ કરી શકાશે. એટલું જ નહી હાઈડ્રોજનનું મિશ્રણ ગમે ત્યાં નહી પરંતુ નાના અને સ્પષ્ટ રીતે નિર્ધારિત કરેલા પાઈપલાઈનના સેક્શનમાં જ એક જ પોઈન્ટ પરથી કરવાનું રહેશે જેથી કોઈ લીકેજ થાય તો તેને તરત જ નિયંત્રિત કરી શકાય.



સૌથી મહત્વની બાબત એ છે કે આ મિશ્રણ હાલ પૂરતું માત્ર ઘરગથ્થુ ગ્રાહકો માટે જ મર્યાદિત રાખવામાં આવ્યું છે. વાહનોમાં વપરાતા સીએનજીમાં કે હોટલ રેસ્ટોરન્ટ અને ઉદ્યોગોમાં વપરાતા કોમર્શિયલ પીએનજીમાં આ પ્રકારનું બ્લેન્ડિંગ કરવાની મંજૂરી આપવામાં આવી નથી. તેના માટે અલગથી વિચારણા કરવામાં આવશે. આનો અર્થ એ થયો કે સરકાર પહેલા ઘરના રસોડામાં તેની સફળતા અને સુરક્ષા ચકાસવા માંગે છે.આમ જોવા જઈએ તો આ નિર્ણયના બે પાસા છે. એક તરફ તે ભારતને સ્વચ્છ ઉર્જા લક્ષ્યાંક તરફ લઈ જશે અને આયાત પરની નિર્ભરતા ઘટાડશે જે લાંબા ગાળે દેશના અર્થતંત્ર માટે ફાયદાકારક છે. પરંતુ બીજી તરફ તેની તાત્કાલિક કિંમત સામાન્ય માણસે ચૂકવવી પડશે. મોંઘી પાઈપલાઈન, મોંઘો હાઈડ્રોજન અને મોંઘી સલામતી વ્યવસ્થાનો બધો જ બોજ આખરે રસોડાના બિલમાં ઉમેરાશે. આ ગાઈડલાઈન્સ અંગે હિતધારકો પાસેથી અગિયાર નવેમ્બર સુધી સૂચનો મંગાવવામાં આવ્યા છે ત્યારે ગેસ કંપનીઓ અને ગ્રાહક સંગઠનો આ વધારાના ખર્ચની વહેંચણી કેવી રીતે થશે તે અંગે સ્પષ્ટતા માંગે તે સ્વાભાવિક છે. જો આ ખર્ચ ગ્રાહકો પર નાખવામાં આવશે તો પીએનજી જેને અત્યાર સુધી એલપીજી કરતા સસ્તો અને સુરક્ષિત વિકલ્પ માનવામાં આવતો હતો તેની સસ્તાઈનું સમીકરણ બદલાઈ જશે.

# ટેમ્બા બાવુમા અને સિમોન હાર્મરે આઠમી વિકેટ માટે ૧૮૩ રનની ભાગીદારી સાથે નવો ટેસ્ટ રેકોર્ડ બનાવ્યો

સિડની,

ઓસ્ટ્રેલિયાના બોલરોએ વિચાર્યું કે સાત વિકેટ ગુમાવ્યા પછી દક્ષિણ આફ્રિકાનો દાવ ઝડપથી સમાપ્ત થઈ જશે, પરંતુ કેપ્ટન ટેમ્બા બાવુમા અને સિમોન હાર્મરે રમતને પલટી નાખી. સાથે મળીને, તેઓએ એક એવી ભાગીદારી બનાવી જેનાથી ઓસ્ટ્રેલિયન બોલરો વિકેટ માટે મરણિયા બની ગયા. બાવુમા અને હાર્મરે આઠમી વિકેટ માટે ૧૮૩ રન ઉમેર્યા, દક્ષિણ આફ્રિકાના ટેસ્ટ ઈતિહાસમાં એક નવો રેકોર્ડ બનાવ્યો. તેમની ભાગીદારીએ ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી જ નહીં પરંતુ ૪૦૦ રનનો આંકડો પણ પાર કરી





દીધો.ગકેબારાહાના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટ દરમિયાન, દક્ષિણ આફ્રિકાએ સાત વિકેટે ૨૪૨ રનથી રમત ફરી શરૂ કરી. કેપ્ટન બાવુમાએ ૩૩૪ બોલમાં શાનદાર ૧૭૯ રન બનાવ્યા, જ્યારે નવમા નંબરે બેટિંગ કરતા સ્પિનર સિમોન હાર્મરે ૧૫૭ બોલમાં ૮૨ રન બનાવ્યા. તેમની ઈનિંગને કારણે, દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં નવ વિકેટે ૪૨૫ રન બનાવ્યા.

બાવુમા અને હાર્મરે ૨૭૭ બોલમાં આઠમી વિકેટ માટે ૧૮૩ રનની ભાગીદારી કરી. આ ટેસ્ટ ક્રિકેટમાં દક્ષિણ આફ્રિકાની આઠમી વિકેટ માટે અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી છે. આ જોડીએ જાન્યુઆરી ૨૦૦૧માં સેન્ચુરિયનમાં શ્રીલંકા સામે બનાવેલા નીલ મેકેન્ઝી અને શોન પોલોકના ૧૫૦ રનના અગાઉના રેકોર્ડને પાછળ છોડી દીધો. આ યાદીમાં ગેરી કર્સ્ટન અને મોન્ડે ઝોન્ડેકી વચ્ચેની ભાગીદારી પણ શામેલ છે. ઓગસ્ટ ૨૦૦૩માં લીડ્સ ખાતે ઈંગ્લેન્ડ સામે આઠમી વિકેટ માટે ૧૫૦ રન ઉમેર્યા હતા. બાવુમાએ હાર્મર સાથે રેકોર્ડ ભાગીદારી કરી તે પહેલાં, તેમણે માર્કો જેનસેન સાથે સાતમી વિકેટ માટે ૧૩૨ રન પણ ઉમેર્યા હતા. જેનસેનએ ૧૦૦ બોલમાં ૮૫ રન બનાવ્યા હતા. આ રીતે, દક્ષિણ આફ્રિકાએ એક સમયે મુશ્કેલીમાં મુકાયેલી ઈનિંગને મોટા સ્કોરમાં ફેરવી દીધી.

ઈંગ્લેન્ડના સ્ટુઅર્ટ બ્રોડ અને જોનાથન ટ્રોટ સૌથી વધુ ટેસ્ટ ભાગીદારીનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે? તેમણે ઓગસ્ટ ૨૦૧૦માં લોર્ડ્સમાં પાકિસ્તાન સામે પ્રથમ ઈનિંગમાં ૩૩૨ રન ઉમેર્યા હતા. યાદીમાં બીજા ક્રમે પાકિસ્તાનના સકલૈન મુશ્તાક અને વસીમ અકરમ છે, જેમણે ઓક્ટોબર ૧૯૯૬માં શેખુપુરા ખાતે ઝિમ્બાબ્વે સામે આઠમી વિકેટ માટે ૩૧૩ રનની ભાગીદારી કરી હતી.

# ઓપનર શેફાલી વર્માએ ૫ છગ્ગા ફટકારીને હરમનપ્રીત કૌરનો રેકોર્ડ તોડ્યો

રાયપુર,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમની વિસ્ફોટક ઓપનર શેફાલી વર્માએ ટી૨૦ ક્રિકેટમાં વધુ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ઝિમ્બાબ્વે સામેની ત્રીજી ટી ૨૦ મેચ દરમિયાન, શેફાલીએ પોતાની વિસ્ફોટક બેટિંગ દર્શાવી અને એક વર્ષમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ તોડ્યો. નોંધપાત્ર રીતે, તેણીએ આ સંદર્ભમાં ઈતિહાસ રચ્યો છે, તેણીએ ટીમની સાથી હરમનપ્રીત કૌરને પાછળ છોડી દીધી છે.

ભારતીય મહિલા ટીમની શક્તિશાળી બેટ્સમેન શેફાલી વર્માએ આ વર્ષે છગ્ગાનો વરસાદ કરીને એક મહત્વપૂર્ણ રેકોર્ડ બનાવ્યો છે. તે ભારત માટે મહિલા



ટી૨૦ ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ છગ્ગા મારનારી બેટ્સમેન બની ગઈ છે. આ વર્ષે અત્યાર સુધીમાં તેણે ૫૨ છગ્ગા ફટકાર્યા છે, આ સંદર્ભમાં હરમનપ્રીત કૌરને પાછળ છોડી દીધા છે. કૌરે ૨૦૧૮ માં મહિલા ટી૨૦ ક્રિકેટમાં ૫૧ છગ્ગા ફટકાર્યા હતા, પરંતુ હવે શેફાલી વર્માએ તેને પાછળ છોડી દીધી છે.

મહિલા ટી૨૦ ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ છગ્ગા મારવાના રેકોર્ડની વાત કરીએ તો, આ યાદીમાં સોફી ડિવાઈન અને લિઝેલ લી જેવી દિગ્ગજ ખેલાડીઓનો સમાવેશ થાય છે.

# ઈન્ટરવ્યૂ દરમિયાન કોચનું નામ લીધા પછી ભૂતપૂર્વ કેપ્ટન હરમનપ્રીત કૌર રડી પડી

રાયપુર,

કેપ્ટન પદ છોડ્યા પછી, હરમનપ્રીત કૌરની ઈનિંગે તેના ચહેરા પર સ્મિત અને આંખોમાં આંસુ લાવી દીધા. ઝિમ્બાબ્વે સામેની ત્રીજી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૪૧ બોલમાં અણનમ ૯૧ રન બનાવ્યા બાદ ભારતીય બેટ્સમેન ભાવુક થઈ ગઈ. લાંબા સમયથી રન માટે સંઘર્ષ કરી રહેલી હરમનપ્રીત કૌરે તેના શાનદાર ઈનિંગનો શ્રેય તેના બેટિંગ કોચ હિમાંશુને આપ્યો. ઈન્ટરવ્યૂ દરમિયાન, તે ગૂંગળાવી ગઈ અને રડી પડી. પછી તેણે માઈક્રોફોન ફેંકી દીધો અને ઈન્ટરવ્યૂ અધવચ્ચે જ છોડી દીધો.

રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ



સ્ટેડિયમમાં, હરમનપ્રીતે તેની બેટિંગથી ઝિમ્બાબ્વેના બોલરોને મુશ્કેલીમાં મુક્યા. તેણીએ ૧૦ ચોગ્ગા અને પાંચ છગ્ગા ફટકાર્યા, અને માત્ર ૨૫ બોલમાં તેની અડધી સદી પૂર્ણ કરી. તેણીની ઈનિંગથી ભારતે સાત વિકેટે ૨૧૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. હરમનપ્રીતને તેના શાનદાર પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

ભારતીય ટીમની જીત પછી મેચ પછીની પ્રેઝન્ટેશનમાં, હરમનપ્રીતે તેની બેટિંગ પર ટિપ્પણી કરવાને બદલે તેના કોચનો આભાર માન્યો. તેણીએ કહ્યું કે તેણીને બેટિંગ ખૂબ ગમતી હતી અને ફક્ત તેની બેટિંગનો આનંદ માણવા માંગતી હતી, અને સારી વાત એ હતી કે તેણીએ રન બનાવ્યા.પોતાની ઈનિંગ્સ પ્લાનિંગ વિશે, તેણીએ સમજાવ્યું કે જ્યારે તેણીએ પહેલા બોલ પર ફોર ફટકારી, ત્યારે તેણીને ખબર પડી કે પીચ સારી છે. તે શોટથી તેણીને ઘણો આત્મવિશ્વાસ મળ્યો, અને તેણીએ આ રીતે રમવાનું ચાલુ રાખવાનું અને શું થાય છે તે જોવાનું નક્કી કર્યું. બેટ સ્વિંગ તેની સૌથી મોટી તાકાત છે, અને તે નેટમાં સતત તેનો અભ્યાસ કરવા માંગે છે.હરમનપ્રીતે તેના બેટિંગ કોચ હિમાંશુને તેની શાનદાર ઈનિંગ્સ માટે શ્રેય આપતા કહ્યું કે તે તેનો આભાર માનવા માંગે છે.

# આઈસીસી ટી૨૦ રેન્કીંગમાં નંબર વન સ્થાન માટે ઈશાન કિશન અને અભિષેક શર્મા વચ્ચે કટ્ટર સ્પર્ધા

મુંબઈ,

આઈસીસી ટી ૨૦ રેક્કિંગમાં નંબર વન સ્થાન માટેનો જંગ વધુ તીવ્ર બની રહ્યો છે. બે ભારતીય બેટ્સમેન, ઈશાન કિશન અને અભિષેક શર્મા, હાલમાં કટ્ટર સ્પર્ધામાં છે. આ અંતર એટલું નાનું છે કે તે ફક્ત એક મેચ પછી બદલાઈ શકે છે. દરમિયાન, શ્રેયસ ઐયર પણ ધીમે ધીમે આગળ વધી રહ્યો છે. ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની શ્રેણી સમાપ્ત થયા પછી આઈસીસીએ આ રેક્કિંગ જાહેર કર્યા.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી પહેલા, આઈસીસીએ તાજેતરની ટી૨૦ રેક્કિંગ જાહેર



કરી છે. ભારતનો ઈશાન કિશન નંબર વન પર છે. તેનું રેટિંગ હાલમાં ૮૯૩ છે. અભિષેક શર્મા ૮૮૪ રેટિંગ સાથે બીજા ક્રમે છે. આનો અર્થ એ કે બંને ભારતીય બેટ્સમેન વચ્ચે ફક્ત ૯ રેટિંગ પોઈન્ટનો તફાવત છે, જે બહુ વધારે નથી. લાંબા સમયથી નંબર વન સ્થાન પર રહેલો અભિષેક પોતાનું સ્થાન પાછું મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે, પરંતુ તે ઈશાનને પાછળ છોડી શક્યો નથી. જોકે, એક મેચમાં મોટી ઈનિંગ બધું બદલી શકે છે.પાકિસ્તાનના નવા કેપ્ટન, સાહિબજાદા ફરહાન પણ અભિષેક શર્માની નજીક પહોંચી ગયા છે. તેમનું રેટિંગ હાલમાં ૮૮૩ છે, જેનો અર્થ એ કે તે અભિષેકથી માત્ર એક રેટિંગ પોઈન્ટ પાછળ છે. ભારતીય ટીમના કેપ્ટન શ્રેયસ ઐયરે છેલ્લા કેટલાક દિવસોમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, હાલમાં તે ૭૯૮ ના રેટિંગ સાથે ચોથા સ્થાને છે. આ વર્ષના રેક્કિંગમાં ટોચના ૧૦ માં એકમાત્ર ફેરફાર એ છે કે વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન શાઈ હોપ બે સ્થાન આગળ વધીને ૭૫૯ ના રેટિંગ સાથે નવમા ક્રમે પહોંચી ગયા છે.આ દરમિયાન, ભારતના તિલક વર્મા થોડા નીચે સરકી ગયા છે.

# કલા ખરીદી શકાતી નથી : રાજપાલ યાદવ સહિતના કલાકારોએ દલેર મહેંદીને સમર્થન જાહેર કર્યું

મુંબઈ,

ગાયક દલેર મહેંદી હાલમાં ઉત્તરાખંડના ટિહરીમાં કુંજપુરી મેળા દરમિયાન થયેલા વિવાદને કારણે સમાચારમાં છે. એક લાઈવ પર્ફોર્મન્સ દરમિયાન, ઉત્તરાખંડ સરકારના કેબિનેટ મંત્રી સુબોધ ઉનિયાલે કથિત રીતે તેમના દારૂના સેવન વિશે પૂછપરછ કરી. આ પછી, ઘણા સ્ટાર્સ દલેર મહેંદીના સમર્થનમાં બહાર આવ્યા છે. તેમના ભાઈ અને ગાયક મીકા સિંહ અને અભિનેતા અનુપમ ખેર પણ તેમનું સમર્થન કરી રહ્યા હતા. અભિનેતા રાજપાલ યાદવે હવે દલેર મહેંદીનો બચાવ કર્યો છે, અને કહ્યું છે કે ગાયક દારૂ પીતો નથી અને તેમની તબિયત સારી નથી. તેમણે સ્ટેજ પર મંત્રીના વર્તન પર પણ સવાલ ઉઠાવ્યા હતા અને કલા અને કલાકારો માટે આદરની વિનંતી કરી હતી.

બુધવાર, ૨૧ ઓક્ટોબરના રોજ, રાજપાલ યાદવે તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વિડિઓ શેર કર્યો હતો, જેમાં દલેર મહેંદીને ટેકો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે દલેર મહેંદી દારૂ પીતા નથી અને તેમણે તેમની સાથે ફિલ્મ "વેલકમ ટુ ધ જંગલ" માં કામ કર્યું હતું. રાજપાલે સમજાવ્યું હતું કે ગાયક હાલમાં બીમાર છે અને લોકો તેમને સારું અનુભવ કરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દારૂના દુરૂપયોગના આરોપો વચ્ચે આ નિવેદનને દલેર મહેંદીના સમર્થન તરીકે જોવામાં આવી રહ્યું છે. વિવાદ પછી, સોશિયલ મીડિયા ગાયક વિશે ચર્ચાઓથી ભરેલું છે. રાજપાલે તેમને ટેકો આપવા માટે પોતાના અનુભવોનો ઉલ્લેખ કર્યો છે.

દલેર મહેંદીને ટેકો આપતા રાજપાલ યાદવે ઉત્તરાખંડના મંત્રી સુબોધ ઉનિયાલના વર્તન પર પણ નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે કલા અને કલાકારોનું સન્માન કરવું જોઈએ. મંત્રીને સંબોધતા રાજપાલે કહ્યું, "એવું લાગે છે કે તમે કલા ખરીદી લીધી છે. કલા ક્યારેય ખરીદી શકાતી નથી. કલા જીવન છે. જીવનનો આદર કરો." રાજપાલના નિવેદન બાદ, વધુ એક ફિલ્મી વ્યક્તિત્વે વિવાદમાં વધારો કર્યો છે.

# ટાઈગર શ્રોફ પર હુમલા બાદ જુહુ અને બાંદ્રામાં ફિલ્મ સ્ટાર્સના ઘરો પર સુરક્ષા વધારી દેવામાં આવી

મુંબઈ,

બોલિવૂડ અભિનેતા ટાઈગર શ્રોફના શૂટિંગ બાદ, મુંબઈ પોલીસ સતર્ક થઈ ગઈ છે. જુહુ અને બાંદ્રામાં ફિલ્મ સ્ટાર્સના ઘરો પર સુરક્ષા વધારી દેવામાં આવી છે, જેમાં અક્ષય કુમારનો પણ સમાવેશ થાય છે. બાંદ્રામાં પણ પોલીસ તૈનાત વધારવામાં આવી છે. દરમિયાન, અક્ષય કુમાર સહિત અનેક કલાકારોની ટીમો પણ વધારાની સુરક્ષા સાવચેતી રાખી રહી છે. દરમિયાન, તપાસ દરમિયાન બહાર આવેલી માહિતી અનુસાર, કથિત ગેંગસ્ટર અનિલ પંડિતે આશરે અઢી મહિના પહેલા હુમલાનું કાવતરું ઘડ્યું હતું. એવો આરોપ છે કે તેણે ગુનો અંજામ આપવા માટે ત્રણ યુવાનોની ભરતી





કરી હતી અને તેમાંથી એક ૧૮ વર્ષીય રેહાન અંસારીને ૩૭,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. પોલીસ હવે આ કેસમાં આરોપીની ભૂમિકા અને કાવતરા સાથે સંબંધિત પાસાઓની તપાસ કરી રહી છે.

તપાસ મુજબ, અનિલ પંડિતે ઓગસ્ટ ૨૦૨૬ માં હરિયાણાના સોનીપતના રહેવાસી રેહાન અંસારીનો વોઈસ ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલ કોલ દ્વારા સંપર્ક કર્યો હતો. એવો આરોપ છે કે આ વાતચીત દરમિયાન ટાઈગર શ્રોફ પર હુમલો કરવાની યોજનાને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. અનિલ પંડિતે કથિત રીતે રેહાનને ૩૭,૦૦૦ રૂપિયા પણ મોકલ્યા હતા. તપાસ એજન્સીઓએ એ પણ નક્કી કરવાની જરૂર છે કે આરોપીએ ટાઈગર ઉપરાંત અન્ય કોઈ મોટી સેલિબ્રિટીને નિશાન બનાવવાની યોજના બનાવી હતી કે નહીં. એવો આરોપ છે કે કાવતરા સંબંધિત વાતચીત વોઈસ ઓવર ઈન્ટરનેટ પ્રોટોકોલ દ્વારા કરવામાં આવી હતી, જે ઈન્ટરનેટ આધારિત કોલિંગ ટેકનોલોજી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, રેહાન અંસારી અને તેનો સાથી ફૂલ સિંહ, બંને ૧૮ વર્ષીય, ૭ ઓક્ટોબરે મુંબઈ આવ્યા હતા. ત્યાં તેમણે અનિલ પંડિતના કથિત સહયોગી ઋત્વિક રોશન (૨૨)નો સંપર્ક કર્યો હતો. પંડિતે કથિત રીતે ત્રણેય યુવાનોને અમેરિકામાં સારા ભવિષ્યનું વચન આપ્યું હતું. ત્યારબાદ, તેઓએ ટાઈગર શ્રોફની ગતિવિધિઓ પર નજર રાખવાનું શરૂ કર્યું. તપાસ એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે ત્રણેય આરોપીઓએ અભિનેતાના દિનચર્યા અને સમયપત્રક વિશે કેવી રીતે માહિતી મેળવી.

૧૮ ઓક્ટોબરે સાંજે લગભગ ૬:૩૦ વાગ્યે, ત્રણેય આરોપીઓ જુહુના પુષ્પા નરસી પાર્ક પહોંચ્યા, જ્યાં ટાઈગર શ્રોફ એક કાર્યક્રમમાં હાજરી આપવાના હતા. એવો આરોપ છે કે ભીડમાં ભળી ગયા પછી ત્રણેય માણસો અભિનેતાની રાહ જોતા હતા. સાંજે ૭ વાગ્યાની આસપાસ, ફૂલ સિંહે કથિત રીતે પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | ફ | શ | ધ | ફ | કા | બ | ન | જ્ઞા | ભ | લ | રા |
| ણા | રા | ર | ભ | મ | રો | ન | એ | ઐ | ત | દ | સ |
| ઓ | ભા | બ | જ | સ | આ | ળ | ભો | રા | રો | બ | બૂ |
| ગ | તી | ળ | ર | ડી | કા | ર | વ | કા | ગ | સા | ઓ |
| રા | ગ | પ્ર | લી | ણે | લ | દ | ક | બં | તી | દા | શિ |
| કા | ળ | ગ | ગ | ગ | ન | લા | પ્ર | સા | દ | ગ | બા |
| કા | પ્રા | ગ | ત | અઃ | ણે | મો | બા | આ | સ | દ | ર |
| ઓ | મા | ડો | મા | ક | સ | ણિ | ધ | કા | બા | ર | પ્ર |
| સા | ણિ | મ | બં | ગ | પ્ર | સ | મા | કી | ઊ | મા | વા |
| બિ | ક | ગં | ળ | લ | બં | લી | મ | ર | દ | કા | બૂ |
| ન | ર | લ | રો | આ | વિ | હિ | અ | લ | ક | દ | ગી |
| કા | મા | જ | ન | ડો | મા | સા | બં | ર | મા | ભા | ગ |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# ફિલ્મની રિલીઝ પહેલા સુવર્ણ મંદિરમાં પ્રાર્થના કરતી વખતે સારા અલી ખાન રડી પડી





મુંબઈ,

સારા અલી ખાન અને આયુષ્માન ખુરાના તેમની આગામી ફિલ્મ 'ઉડતા તેર'ના પ્રમોશન માટે અમૃતસરમાં હતા. બંને કલાકારોએ સુવર્ણ મંદિરમાં શ્રી હરમંદિર સાહિબના દર્શન પણ કર્યા હતા. સારા અને આયુષ્માન ત્યાંથી ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કર્યા હતા. આ દરમિયાન, વાહેગુરુના આશીર્વાદ લેતા બંનેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં, સારા અલી ખાન પ્રાર્થના કરતી વખતે રડતી જોવા મળે છે. અભિનેત્રીનો આ ભાવનાત્મક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે સુવર્ણ મંદિરમાં આશીર્વાદ લેતી વખતે રડતી જોવા મળે છે.

અભિનેત્રી સારાએ આયુષ્માન સાથેનો ફોટો શેર કરીને ચાહકોને પવિત્ર સ્થળની મુલાકાતની ઝલક આપી. બંને કલાકારો સફેદ પોશાક પહેરેલા હતા, અને સારાએ માથું દુપટ્ટાથી ઢાંકેલું હતું. તેઓ પ્રાર્થનામાં હાથ જોડીને ઉભા હતા. ફોટા સાથે, સારાએ લખ્યું, "દશેરાની શુભકામનાઓ. દરેકને ખૂબ પ્રેમ, શુભકામનાઓ અને ખુશીઓ મળે.ફોટા તેમના શાંત ક્ષણને કેદ કરે છે, જ્યારે તેમની મુલાકાતનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થયો છે. સારા અલી ખાન એક ભાવનાત્મક ક્લિપમાં જોવા મળે છે. દરબાર સાહિબમાં પ્રાર્થના કરતી વખતે તેની આંખોમાં આંસુ આવી ગયા.

'ઉડતા તેર' ૨૩ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, અને તે પહેલાં, ટીમે સુવર્ણ મંદિરની મુલાકાત લીધી હતી.

# પશ્ચિમ બંગાળમાં રણબીર કપૂરની 'રામાયણ' ફિલ્મને કરમુક્ત જાહેર કરાઈ : મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જાહેરાત કરી

મુંબઈ,

બોલીવુડ અભિનેતા રણબીર કપૂરની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ' રિલીઝ પહેલા જ સમાચારમાં છે. નિતેશ તિવારી દ્વારા નિર્દેશિત આ પૌરાણિક ફિલ્મ માટે દર્શકો ભારે ઉત્સાહ અનુભવી રહ્યા છે. હવે, ફિલ્મને લઈને વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ રાજ્યમાં "રામાયણ" ફિલ્મને કરમુક્ત કરવાની જાહેરાત કરી છે. તેમણે વિજયાદશમીના અવસર પર આ જાહેરાત કરીને ફિલ્મને લગતી ચાલી રહેલી ચર્ચાને નવો વળાંક આપ્યો છે. મુખ્યમંત્રીએ ભારતીય પૌરાણિક કથાઓ પર આધારિત ફિલ્મોના મહત્વ અને ભવિષ્યમાં આવી વધુ ફિલ્મો બનાવવાની શક્યતા વિશે પણ વાત કરી.

વિજયાદશમીના અવસર પર આયોજિત એક કાર્યક્રમમાં, સુવેન્દુ અધિકારીએ ફિલ્મ "રામાયણ" ફિલ્મની કરમુક્ત રિલીઝની જાહેરાત કરી. તેમણે જણાવ્યું હતું કે "ધ કેરળ સ્ટોરી," "ધ કાશ્મીર ફાઈલ્સ" અને "ધ બંગાળ ફાઈલ્સ" જેવી ફિલ્મોને અગાઉ ઓફર કરવામાં આવી હતી અથવા કરમુક્તિ આપવામાં આવી હતી. આ પછી, રાજ્યમાં "રામાયણ" ને પણ કરમુક્ત કરવામાં આવશે. મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં ભગવાન કૃષ્ણ, અર્જુન અને મહાભારતની વાર્તાઓ પર આધારિત ભવિષ્યની ફિલ્મો માટે પણ આશા વ્યક્ત કરી. તેમના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ભારતીય ધાર્મિક અને પૌરાણિક સિનેમાની આસપાસની ચર્ચા ફરી એકવાર તીવ્ર બની છે. જોકે, કરમુક્તિની જાહેરાતના વિગતવાર અમલીકરણ અને તેની સત્તાવાર શરતો હજુ અલગથી જાહેર કરવામાં આવી નથી.

"રામાયણ" ભારતીય મહાકાવ્યની વાર્તાને ભવ્ય રીતે મોટા પડદા પર લાવવા માટે તૈયાર છે. રણબીર કપૂર ફિલ્મમાં ભગવાન રામનું પાત્ર ભજવશે, જ્યારે સાઈ પલ્લવી સીતાનું પાત્ર ભજવશે. દક્ષિણ ભારતના જાણીતા અભિનેતા યશ રાવણનું પાત્ર ભજવશે, જ્યારે રવિ દુબે લક્ષ્મણનું પાત્ર ભજવશે. ફિલ્મમાં રકુલ પ્રીત સિંહ, કુણાલ કપૂર, વિવેક ઓબેરોય અને ફૈઝલ મલિક સહિત અન્ય ઘણા કલાકારો પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે.

# રાજકોટમાં ભંગારના વેપારીઓને પોલીસની હેરાનગતિ મુદ્દે આવેદન અપાયું

## જૂના કચરા-ભંગાર અને સ્ક્રેપનો વેપાર કરતા વેપારીઓના પ્રતિનિધિઓ અને આગેવાનોનું કલેક્ટરને આવેદન



રાજકોટ,
રાજકોટ શહેરમાં જૂના કચરા-ભંગાર અને સ્ક્રેપનો વેપાર કરતા આશરે એક જેટલા વેપારીઓના પ્રતિનિધિઓ અને આગેવાનો દ્વારા રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એકત્ર થઈને કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે.આ આવેદનપત્ર પાઠવતી વખતે વેપારીઓએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં જૂના ભંગાર તેમજ સ્ક્રેપનો વ્યવસાય કરતા નાના-મોટા વેપારીઓને પોલીસ દ્વારા ખોટી રીતે હેરાન-પરેશાન કરવામાં આવી રહ્યા છે.

આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે કેટલાક ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓ દ્વારા ભંગારના વેપારીઓ પાસે જૂના સામાન, ગાડીઓના સ્પેરપાર્ટ્સ, બોનેટ કે ટાયર વગેરે ખરીદવા બદલ બિલ અને ખરીદીના કાગળો માંગવામાં આવે છે.

વેપારીઓ મુજબ, ભંગારમાં આવતો સામાન એક્સિડન્ટ થયેલી જૂની ગાડીઓ, જૂના વાહનો કે વપરાયેલો સામાન હોય છે. આવા જૂના અને ભંગાર સામાનના પાકા બિલ કે પંચનામા હોવા વ્યવહારિક રીતે શક્ય નથી હોતા. છતાં, આ બાબતનો ગેરલાભ ઉઠાવીને કેટલાક પોલીસ કર્મચારીઓ તેમને ખોટી રીતે હેરાન કરે છે.વેપારી આગેવાનોએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેઓ કોઈ પણ પ્રકારના ચોરીના સામાન કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા નથી કે ટેકો આપતા નથી. તેઓ માત્ર પોતાની મહેનત અને પરસેવાની કમાણીથી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે.

# રાજકોટમાં એસ.બી.આઈ.પેન્શનર્સ એસો. દ્વારા થેલેસેમીયા પીડિત દિકરીઓને સાઈકલની ભેટ



રાજકોટ,
સ્ટેટ બેંક ઓફ ઇન્ડિસયાના નિવૃત પેન્શનરોના બનેલ સંગઠન એસ.બી. આઈ.પેન્શનર્સ એસોસિએશન રાજકોટ વિભાગ દ્વારા સભ્ય કલ્યાણની સાથે સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે નવરાત્રિના નવલા દિવસો દરમિયાન થેલેસેમીયાનો ભોગ બનેલ માં જગદંબાના અવતાર સમી નવ કુમારીકાઓ દીકરીઓને સાયકલનું વિતરણ બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર રાજેશ પુષ્પકનગધન, જાણીતા બિઝનેસમેન યોગેશભાઈ જસાણી સહિતના મહાનુભાવોના હસ્તે નવ થેલેસેમિક દીકરીઓ ધ્રુવિકા ભાસ્કર, કેયલ મૂલવાણી, ખુશી ચૌહાણ, અકીસા નિઝામભાઈ, દેવ્યાંશિ પરમાર, બંસરી દિલીપભાઈ, નાઝ ફૈઝલભાઈ, વિધિ સોલંકી, ચાંદની ઠાકુર સહિતની કુમારીકાઓને સાયકલ ભેટ આપી હતી

આ સેવાકાર્યમાં ઓફીસર એસોસિએશનના પવનકુમાર શર્મા, ઓબીસી વેલફેર એસોસિએશનના રાજેશ ડાંગર, બેંકના ચીફ મેનેજર આશિષ રંજન, થેલેસેમીયા જનજાગળતિ અભિયાન સમિતિના હસુભાઈ શાહ, દિનેશભાઈ ગોવાણી તેમજ પેન્શનર્સ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેલ. સમગ્ર આયોજનની સફળતા માટે પેન્શનર્સ એસોસિએશનના શરદભાઈ દવે, અનુપમ દોશી, દક્ષિણભાઈ જોષી, જનાર્દન આચાર્ય, જીતુભાઈ ગણાત્રા, શીરીષ કચ્છી , કે.સી.પંડયા, ધીરેન માંકડ સહિતના પેન્શનર્સ સાથીઓ કાર્યરત રહેલ

# જુનાગઢનાં કાળવા ચોકમાં મોડી રાત્રે યુવાન ઉપર છરીથી હુમલો : રોકડ પણ લૂંટી લીધી

જુનાગઢ,
જૂનાગઢના આંબેડકર નગર ઘોડા ના તબેલા પાસે રહેતા ફરિયાદી ધવલભાઈ રમેશભાઈ ડોડીયા ઉંમર ૨૯ અને તેના મિત્રો સાથે ગાળવા ચોકમાં નાસ્તો કરવા માટે ગયેલ ત્યારે એક અજાણ્યા છોકરાએ બેસવા બાબતે બોલાચાલી કરી તમારે બાંધવું છે તેમ કહી થોડીવારમાં અન્ય યુવકો સાથે જપાજપી કરી રૂપિયા ૨૦૮ ની લૂંટ કરી લોહી લુહાણ કરી દઈ પટ્ટા વડે માર માર્યાની અને જાનથી મારી નાખવાની ધમકીની ફરિયાદ નોંધાય છે

આ અંગેની વિગત મુજબ ફરિયાદી ધવલભાઈ રમેશભાઈ ડોડીયા અને તેના મિત્રો રાત્રિના સુમારે કાળવા ચોકમાં ભૂમિ પાન પાસે નાસ્તો કરવા ગયેલ ત્યારે એક અજાણ્યો છોકરો ઉંમર ૨૦ થી ૨૨ વર્ષનો ત્યાં આવી એક બાજુ બેસો તેમ કહેલ તમારે બાંધવું છે .

તો બોલો જેથી ધવલભાઈ ડોડીયા એ ના પાડેલ બાદ ફરિયાદી અને તેના મિત્રો એવન પાસે ગયેલ ત્યારે આ છોકરો ત્યાંથી જતો રહેલ ત્યારે ફરી પાછા આ જાણ્યા છોકરા સાથે આરોપીઓ દેવ રાજુ સોલંકી, યોગેશ બગડા, વિશાલ માંડવીયા, માનવ સોલંકી તથા બે અજાણ્યા છોકરાઓ એ આવી વિશાલ માંડવીયા માનવ સોલંકી અને તેની સાથેના જાણ્યા છોકરાઓએ ધવલભાઈ ડોડીયા ને ભૂંડી ગાળો ભાંડી વિશાલ માંડવીયા એક આટલો પકડી રૂપિયા ૨૬૦ ની લૂંટ કરી પટ્ટા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે બીએનએસ ૧૧૮ એક ૧૫૨ બે ૨૯૬ બી ૧૫૧ ૩૧૧ ૫૪, ૧૩૫ મુજબ ગુનો નોંધી એ ડિવિઝન પોલીસ ઇન્સ્પેક્ટર વાય એન સોલંકી એ તપાસ હાથ ધરી છે.

# ખેલ મહાકુંભની અંડર-૧૧ ચેસ સ્પર્ધામાં પી.વી. મોદી સ્કુલનો છાત્ર રાજકોટમાં પ્રથમ

રાજકોટ,
ગુજરાત સરકાર દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી અંડર-૧૧ (૧૧ વર્ષથી નાની ઉંમરની) કક્ષાની રમતગમત ચેસ સ્પર્ધામાં રાજકોટના ઉભરતા બાળ ખેલાડી દીપ શૈલેષભાઈ ઈસરાણીએ સમગ્ર રાજકોટ શહેરમાં પ્રથમ નંબર (ગોલ્ડ મેડલ) મેળવીને ઝળહળતી સફળતા હાસલ કરી છે. દીપ ઈસરાણીએ પોતાની અસાધારણ રમત અને મહેનતના જોરે આ સિદ્ધિ મેળવેલ છે. દીપ શૈલેષભાઈ ઈસરાણી એ આ અગાઉ પણ અનેક વખત જિલ્લા અને રાજ્ય કક્ષાએ ચેસ સ્પર્ધામાં નંબર મેળવેલ છે.

દીપ ઈસરાણી રાજકોટની જાણીતી પી.વી. મોદી સ્કૂલમાં ધોરણ-૫ માં અભ્યાસ કરે છે. તેની આ સુવર્ણ સફળતાથી પી.વી. મોદી સ્કૂલ પરિવારમાં ભારે હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. શાળાના સંચાલકો અને શિક્ષકોએ દીપની આ સિદ્ધિને બિરદાવી તેને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી છે.

ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં રાજકોટ શહેરમાં ટોચનું સ્થાન મેળવીને દીપ ઈસરાણીએ સાબિત કરી દીધું છે કે જો મનમાં દ્રઢ સંકલ્પ અને યોગ્ય માર્ગદર્શન હોય તો કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે. દીપ આગામી સમયમાં રાજ્ય કક્ષાએ રાજકોટ શહેર તરફ થી ભાગ લેશે.

# રાજકોટ ખાતે ક્ષત્રિય રાજપૂત સમાજ-રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ ગુજરાત દ્વારા શસ્ત્રપૂજન - વીરાંજલી શહિદ વંદના



રાજકોટ,
શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજ તથા શ્રી રાજપુત ક્ષત્રિય મહાપરિષદ, ગુજરાત (સુપ્રિમ કાઉન્સિલ) દ્વારા રાજકોટ ખાતે વિજયા દશમી (દશેરા) નિમિતે પરંપરાગત શષા પૂજન તથા વીરાંજલી શહીદ વંદના શ્રી ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ રામનાથપરા વાડી ખાતે યોજાયેલ. ક્ષત્રિય રાજપૂત પરંપરા અને સંસ્કતિ મુજબ રાજપૂતોની દિવાળી એટલે દશેરા નિમિતે શાસ્ત્રોકત અને વિધિવત રીતે શસ્ત્ર પૂજન કરવામાં આવેલ તથા લશ્કળરી દળ, અર્ધલશ્કરી દળ અને પોલીસ દળમાં વીરગતિ પાળેલા જવાનોને પુષ્પાંજલી અર્પણ કરી શહીદ વંદના દ્વારા વિરાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં યુવાનોને સનાન સંસ્કતિ અને રાષ્ટ્રને મજબૂત બનાવવા અંગે વકવ્યઅપાયુ હતુ. આ કાર્યક્રમમાં સ્વધર્મ ક્ષાત્રધર્મ બજાવવા ઉપસ્થિેત રહેનાર સર્વે ક્ષત્રિય રાજપૂત સંસ્થાના આયોજકો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવેલ હોવાનું યાદીમાં જણાવાયું છે.

# શનિવારે રાજકોટના શાપર ખાતે આયુષ મેળો, વિનામૂલ્યે સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ યોજાશે

રાજકોટ,
શાપર (વેરાવળ) ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન હોલ, શાપર ખાતે શનિવાર ને તા.૨૪મી ઓક્ટોબરે સવારે ૮થી બપોરે ૧ સુધી દરમ્યાન આયુષ મેળો, વિનામૂલ્યે સર્વરોગ આયુર્વેદ, હોમિયોપેથી નિદાન-સારવાર કેમ્પ યોજાશે.

જેમાં ૦ થી ૧૨ વર્ષના બાળકોને વિનામૂલ્યે સુવર્ણપ્રાશનનાં ટીપાં પીવડાવવામાં આવશે. આ સાથે પંચકર્મ માર્ગદર્શન, ઔષધીય વનસ્પતિઓનું પ્રદર્શન, આયુર્વેદ મુજબ દિનચર્યા, ઋતુચર્યા તેમજ સ્વસ્થ જીવનશૈલી પ્રદર્શન-ચાર્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, રાજકોટ અને શાપર (વેરાવળ) ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન, શાપરના સંયુક્ત ઉપક્રમે આ આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લાની જનતાને આ મેળામાં આયુષની સેવાઓનો લાભ લેવા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, રાજકોટ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજકોટમાં વહાલુડીના વિવાહમાં દીકરીઓને કન્યાદાન કરવાનો લ્હાવો લેવાની તક

રાજકોટ, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા દ્વારા છેલ્લા આઠ વર્ષથી પ્રતિવર્ષ માતા-પિતા કે પિતા વિહોણી દીકરીઓના જાજરમાન લગ્ન યોજવામાં આવે છે જે અંતર્ગત રાજકોટવાસીઓ હંમેશા સત્કર્મોની અનુમોદના કરતા હોય છે.

ત્યારે જેમને દીકરી નથી તેવા દંપતિઓને દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ આયોજિત વહાલુડીના વિવાહ ૯ ની દીકરીઓને કન્યાદાન કરવાનો લહાવો લેવા આગળ આવવા અને દીકરીઓના આશીર્વાદના અધિકારી બનવા જણાવ્યું છે. કન્યા દાન કરવા માંગતા દંપતિઓએ વિશેષ માહિતી પૂછપરછ માટે મુકેશ દોશી નો સંપર્ક કરવો.

# જૂનાગઢ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

## નાગરિકોના પ્રશ્નો સાંભળી તેના ત્વરિત નિકાલ માટે જરૂરી સૂચનાઓ આપી

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,
જૂનાગઢ જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીની અધ્યક્ષતા હેઠળ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા સ્વાગતમાં રજૂ થયેલી અરજીઓ અંગે અરજદારોના પ્રશ્નો રૂબરૂ સાંભળી, તેમના પ્રશ્નોના ત્વરિત અને અસરકારક નિવારણ માટે સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી.

જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં બિનઅધિકૃત દબાણ દૂર કરવા, જાહેર રસ્તો ખુલ્લો કરાવવા, પ્રદુષણ, પાણીના કનેક્શન સહિતના વિવિધ પ્રશ્નો અંગે અરજીઓ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ અરજદારોની હાજરીમાં સંબંધિત અધિકારીઓ પાસેથી અરજીઓની સ્થિતિ અને કાર્યવાહી અંગે વિગતો મેળવી નાગરિકોના પ્રશ્નોના નિરાકરણમાં સંવેદનશીલતા જાળવી અરજદારોને યોગ્ય અને ઝડપી પ્રતિસાદ મળે તે માટે સંબંધિત વિભાગોના અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા અને પ્રશ્નોનો ત્વરિત નિકાલ લાવવા સંલગ્ન વિભાગોને સૂચના આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, જિલ્લા પોલીસ વડાશ્રી સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.એસ.બારડ, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદાર શ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરધારમાં બી.જી.ગરૈયા હોમિયોપેથિક મેડિકલ કોલેજ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



રાજકોટ,
રાજકોટ:શ્રી બી.જી. ગરૈયા હોમિયોપેથિક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ તથા શ્રી ગાંધી લક્ષ્મીચંદ સુંદરજી માધ્યમિક શાળાના સંયુક્ત ઉપક્રમે સરધાર મુકામે તા. ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા દરમિયાન એક નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગ્રામ્ય વિસ્તારના કુલ ૧૨૨ દર્દીઓએ વિનામૂલ્યે સચોટ નિદાન અને તબીબી માર્ગદર્શનનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં હોમિયોપેથિક સારવારના નિષ્ણાત તબીબો ડો. માધવી વાગડિયા અને ડો. શેખર ગરાય દ્વારા દર્દીઓની સઘન તપાસ કરવામાં આવી હતી. તબીબો દ્વારા એસિડિટી, પેટના દુખાવા, કબજિયાત, સ્ત્રીઓના રોગો (જેવા કે સફેદ પાણી પડવું અને માસિક અનિયમિતતા), કાયમી શરદી, દમ, સાંધા તથા કમરના દુખાવા, હરસ-મસા, સોરાયસિસ, શ્લીપસ, કિડની અને ગોલ બ્લેડરની પથરી, પેશાબ સંબંધિત તકલીફો તેમજ વાણ ભરવા જેવી વિવિધ શારીરિક સમસ્યાઓ અંગે યોગ્ય નિદાન કરી દર્દીઓને આરોગ્યલક્ષી પરામર્શ આપવામાં આવ્યો હતો.

# રાજકોટમાં શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે સંધ્યા આરતીના સમયમાં ફેરફાર

રાજકોટ,
રાજકોટવાસીઓના કષ્ટ દૂર કરતા મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ) દર્શનાર્થે પધારતા સમસ્ત હરિભક્તો માટે સંધ્યા આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શ્રી બાલાજી હનુમાનજી મંદિર, રાજકોટ ખાતે આગામી તારીખ ૨૨/૧૦/૨૦૨૬ ને ગુરુવારથી સંધ્યા આરતીના નિત્યક્રમ સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

બદલાતી ઋતુ અને ભક્તોની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને હવેથી દાદાની સંધ્યા આરતી નિયમિત સાંજે ૬:૪૫ કલાકે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે કરવામાં આવશે. આ અંગેની વ્યવસ્થા મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી છે.

મંદિરના પૂજ્ય સંતો દ્વારા રાજકોટ શહેર તેમજ આસપાસના તમામ ધર્મપ્રેમી ભાવિક ભક્તોને સમયમાં થયેલા આ ફેરફારની નોંધ લઈ, તારીખ ૨૨/૧૦/૨૦૨૬ ને ગુરુવારથી સાંજે ૬:૪૫ કલાકે યોજાનાર સંધ્યા આરતી અને હનુમાન દાદાના દિવ્ય દર્શનનો લાભ લેવો.

# રાજકોટ જિલ્લા આર.ટી.ઓ.ની ટ્રાન્સપોર્ટ વાહનોની સીરિઝ જી.જે.-૦૩-સી.વી.નું રીઈ-ઓકશન તા.૨૩ ઓક્ટોબરથી શરૂ કરાશે

રાજકોટ,
પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા ટ્રાન્સપોર્ટ (પેસેન્જર અને ગુડ્સ રીક્ષા) પ્રકારનાં વાહનોને લગતી સીરિઝ જી.જે.-૦૩-સી.વી.રીઈ-ઓકશન તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન સિલ્વર નંબરનું ઓનલાઇન રીઈ-ઓકશન તા.૨૩/૧૦/૨૦૨૬થી શરૂ કરવામાં આવશે. જેમાં ગોલ્ડન કે સિલ્વર નંબર મેળવવા માટે ઈચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરીને ભાગ લઈ શકશે.

આ સીરિઝના ગોલ્ડન કે સિલ્વર પસંદગીના નંબર મેળવવા માટે તા. ૨૩થી તા. ૨૫ ઓક્ટોબર દરમિયાન ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તેમજ તા. ૨૫ થી તા. ૨૭ ઓક્ટોબરનાં સાંજે ૦૪ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૨૭ ઓક્ટોબરનાં રોજ સાંજે ૪.૧૫ કલાકે પરિણામ ઓનલાઇન જાહેર થશે.

વાહન નોંધણીની ઓનલાઇન પ્રક્રિયા અરજદારે વેબસાઇટ પર જવાનું રહેશે. ત્યારબાદ વેબસાઈટમાં દર્શાવેલા ઓનલાઇન સર્વિસ પર ક્લિક પર ક્લિક કરવાનું રહેશે.ત્યારબાદ પબ્લિક યુઝર પસંદ કરીને આઈ.ડી. બનાવવાનું રહેશે. ત્યારબાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરવાનું રહેશે. પસંદગીનો નંબર સિલેક્ટ કરીને દર્શાવેલી ફી પૈકી ઓછામાં ઓછી ફી ભરવાની રહેશે. ત્યારપછી હરાજીમાં ભાગ લઈને નંબર મેળવ્યા બાદ ૦૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવાની રહેશે.હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીએથી અપ્રુઅલ લઈને નંબર મેળવવાનો રહેશે.અરજદારે વાહન ખરીદીના ૦૭ દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. વાહન ખરીદી તારીખથી ૦૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલ હોવું ફરજિયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# જુનાગઢમાં મહિલાનો મોબાઈલ ફોન હેક કરી સાયબર ફ્રોડ કરનાર બે શખ્સો ઝડપાયા

જુનાગઢ,
જુનાગઢ સી ડિવિઝન વિસ્તારમાં મહિલાનો ફોન હેક કરી રૂપિયા ૧.૫૦ લાખ નો સાઈબર ફ્રોડ કરનાર બે શખ્સોને પોલીસે અમદાવાદથી દબોચી લઈને પૂછપરછ કરતાં આ ચકસોએ અન્ય લોકો સામે પણ સાયબર ફ્રોડ કર્યાની કબુલાત આપી નથી રાજકોટ ગ્રામ્યના ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પણ આ જ સાયબર ફ્રોડ કર્યાની ઘટના સામે આવી છે.

જૂનાગઢના રાયજીનગર મા આવેલા મોનાર્ક રેસીડેન્સી માં રહેતા પૂજાબેન હિરેનભાઈ પ્રવીણભાઈ વાઢેર નામની મહિલા નો મોબાઇલ ચાર્જીંગમાં હતો ત્યારે અચાનક ડિસ્પ્લે પર યોર ફોન હેઝ બિન અપ ગ્રેટ યુ માય લવ મેસેજ આવ્યો હતો અને ફોન થઈ ગયો હતો ત્યારબાદ ફોન હેક કરીને કેનેરા બેંક તથા બફક્ષાસ જ્ઞર બફજ્ઞિમફ ના એકાઉન્ટ માંથી કુલ રૂપિયા ૧.૫૦ લાખની રકમ ટ્રાન્સફર કરી લીધી હતી.

૩૦ સપ્ટેમ્બર ના રોજ સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પી.આઈ પીઝા અને તેમની ટીમે અમદાવાદ થી ઘાટલોડીયા શિવનગર સોસાયટી મહથી અને ગણપતસિંહ ઠાકર રામ ચૌધરી રે સરખેજ અમદાવાદ મૂળ રાજસ્થાન વાળા બંનેને દબોચી લીધા હતાઅને તેમની પ્રાથમિક તેઓએ રાજકોટ ગ્રામ્ય વિસ્તારના ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પણ આવા જ સાયબર ફ્રોડ કર્યાની કબુલાત આપી હતી હજુ પણ વધુ ફ્રોડ ની શક્યતા જોવા મળી રહ્યું પોલીસ સૂત્રમહથી જાણવા મળી રહ્યું છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સફળ ઉદ્યોગસાહસિકોની સફર- સ્ટાર્ટઅપ્સ અને રોકાણની તકો પર મંથન



રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એક દિવસીય ઉદ્યોગસાહસિકોની સફર-સ્ટાર્ટપ્સનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ન્યૂ ઓડિટોરિયમ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, ઈનોવેટર્સ, ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ સ્થાપકો, રોકાણકારો, તથા શૈક્ષણિક ક્ષેત્રના પ્રતિનિધિઓને એક મંચ પર લાવી નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમ કુલપતિ પ્રો. ડો. ઉત્પલ જોશીના માર્ગદર્શન હેઠળ યોજાયો રજિસ્ટ્રર ડો. અજયસિંહ જાડેજા, પ્રો. ડો. મહેશ એન. જીવાણી, દર્શન દસાણી, જતિન કટારિયા, સુભાષ ઝાલા સહિત વિવિધ ક્ષેત્રોના ઉદ્યોગસાહસિકો, બિઝનેસ લીડર્સ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

પ્રો. ડૉ. મહેશ એન. જીવાણીએ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસમાં શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા અને વિદ્યાર્થીઓના નવીન વિચારોને વ્યવસાયિક સાહસોમાં પરિવર્તિત કરવા માટે જરૂરી માર્ગદર્શન, સંસ્થાકીય સહયોગ અને ઉદ્યોગજગત સાથેના જોડાણના મહત્વા અંગે વાત કરી હતી.

# પાકિસ્તાન કે વિશ્વના કોઈપણ અન્ય દેશ સાથે અમેરિકાના સંબંધો ભારત સાથેના તેના સંબંધોના ભોગે નહીં જ હોય

## યુએસ વિદેશ મંત્રીએ ભારતની મુલાકાત દરમિયાન વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વેપાર, ઉર્જા, ટેકનોલોજી અને સંરક્ષણ સહયોગ અંગે ચર્ચા કરી

નવીદિલ્હી,

યુએસ વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ભારત સાથેના તેમના દેશના સંબંધો અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કર્યું કે પાકિસ્તાન કે વિશ્વના કોઈપણ અન્ય દેશ સાથે અમેરિકાના સંબંધો ભારત સાથેના તેના સંબંધોના ભોગે નહીં હોય. વોશિંગ્ટન અને ઈસ્લામાબાદ વચ્ચે વધતા સંપર્કો અંગે ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં રુબિયોએ આ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અમેરિકા ભારત સાથેના પોતાના સંબંધોને અન્ય કોઈ દેશ સાથેના પોતાના સંબંધો સાથે સ્પર્ધા તરીકે જોતું




નથી.

બુધવારે ધ ઈન્ડિયન એક્સપ્રેસ સાથેની એક મુલાકાતમાં, રુબિયોને પૂછવામાં આવ્યું કે શું અમેરિકા અને પાકિસ્તાન વચ્ચેના વધતા સંબંધો ૧૯૭૦ ના દાયકાની પરિસ્થિતિની યાદ અપાવે છે, જ્યારે તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સન અને તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, હેનરી કિસિંજર પર પાકિસ્તાન પ્રત્યે પક્ષપાતી હોવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. રુબિયોએ જવાબ આપ્યો કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ તે યુગથી ઘણી અલગ છે અને આજના વિશ્વને ૧૯૭૦ ના દાયકાના લેન્સથી જોવું જોઈએ નહીં.

રુબિયોએ કહ્યું કે પાકિસ્તાન એવા દેશોમાંનો એક છે જેની સાથે યુએસના સંબંધો છે. તેમણે એમ પણ કહ્યું કે આ સંબંધોનો ઉપયોગ સંભવિત સંઘર્ષોને રોકવા અને તણાવ ઓછો કરવા માટે થઈ શકે છે. તેમના મતે, વિવિધ દેશો સાથે સંબંધોને સંતુલિત કરવું પડકારજનક છે, પરંતુ તે યુએસ વિદેશ નીતિનો ભાગ હોવો જોઈએ.

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર અંગે, રુબિયોએ જણાવ્યું હતું કે બંને દેશો આ કરારને અંતિમ સ્વરૂપ આપવાની ખૂબ નજીક છે. કેટલાક મુદ્દાઓ પર કામ કરવાનું બાકી છે. તેમણે ભારત સાથે વેપાર કરાર માટે અમેરિકાની પ્રતિબદ્ધતાનો પણ ઉલ્લેખ કર્યો.

રુબિયો ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે ભારતમાં છે. મંગળવારે, તેમણે મુંબઈમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન, બંને દેશોએ વેપાર, ઊર્જા, ટેકનોલોજી, સંરક્ષણ અને લોકો-થી-લોકોના સંપર્કો સહિત દ્વિપક્ષીય સહયોગના વિવિધ પાસાઓની સમીક્ષા કરી.

# દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તા બગડી, સિઝનમાં પહેલીવાર જીઆરએપી-૧ લાગું

## દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ જાહેરાત કરી

નવીદિલ્હી,

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણ વધતાં, આ સિઝનમાં પહેલીવાર ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (જીઆરએપી-૧) હેઠળ પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ આ જાહેરાત કરી. હવાની ગુણવત્તામાં બગાડ બાદ આ પગલું લેવામાં આવ્યું છે. બુધવારે બપોરે રાજધાનીના હવા ગુણવત્તા સૂચકાંક(એકયુઆઇ) ૨૪૪ નોંધવામાં આવ્યો હતો, જે 'ખરાબ' શ્રેણીમાં આવે છે. અધિકારીઓના મતે, પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓ વાતાવરણમાં પ્રદૂષકોના સંચયનું કારણ બની રહી છે, જે હવાની ગુણવત્તાને અસર કરે છે.

અધિકારીઓના મતે, દિલ્હીનો એકયુઆઇ સતત વધી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગ અને ભારતીય ઉષ્ણકટિબંધીય હવામાનશાસ્ત્ર સંસ્થાની આગાહીઓ પણ આગાહી કરે છે કે આગામી બે દિવસ સુધી હવાની ગુણવત્તા 'ખરાબ' શ્રેણીમાં રહેશે. આને ધ્યાનમાં રાખીને, સીએકયુએમ પેટા-સમિતિએ સમગ્ર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં જીઆરએપી-૧ હેઠળ નિર્ધારિત તમામ પગલાં તાત્કાલિક અસરથી લાગુ કરવાનો નિર્ણય લીધો.

જીઆરએપીનો પ્રથમ તબક્કો ત્યારે લાગુ કરવામાં આવે છે જ્યારે એકયુઆઇ ૨૦૧ અને ૩૦૦ ની વચ્ચે હોય છે, એટલે કે, 'ખરાબ' શ્રેણીમાં હોય છે. આ હેઠળ, પ્રદૂષણ અટકાવવા માટે નીચેના પગલાં લેવામાં આવી રહ્યા છેઃ બાંધકામ અને તોડી પાડવાના સ્થળોએ ધૂળ નિયંત્રણ નિયમોનો કડક અમલ.,રસ્તા પર છંટકાવ અને યાંત્રિક સફાઈને તીવ્ર બનાવવી., ખુલ્લામાં કચરો બાળવા અને તંદૂરમાં કોલસો કે લાકડાનો ઉપયોગ કરવા પર કડક પ્રતિબંધ.,પ્રદૂષિત વાહનો અને ઉદ્યોગો પર દેખરેખ વધારવી.

# ઉત્તરાખંડ સરકારે મદ્રસાઓમાં શુક્રવારની રજા નાબૂદ કરી

દહેરાદુન,

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીના નેતૃત્વ હેઠળની ઉત્તરાખંડ સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણયની જાહેરાત કરી હતી જેમાં, મદ્રાસાઓમાં શુક્રવારની રજા નાબૂદ કરવામાં આવી છે અને તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા કર્મચારીઓ માટે રવિવારે રજા જાહેર કરવામાં આવી છે. આ વર્ષે ૧લી જુલાઈએ ઉત્તરાખંડમાં મદ્રાસા શિક્ષણ પ્રણાલી નાબૂદ કરવામાં આવી હતી, જેનાથી તે આવું પગલું ભરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું હતું. હવે, ધામીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે - તેમણે મદ્રાસાઓમાં શુક્રવારની રજા નાબૂદ કરી છે અને તેના બદલે રવિવારે રજા જાહેર કરી છે. આ પગલાને કારણે રાજકીય ચર્ચા શરૂ થઈ છે અને મુસ્લિમ સમુદાયમાં પણ આ અંગે ભિન્ન ભિન્ન મંતવ્યો જોવા મળી રહ્યા છે.

પોલીસ લાઈન્સ ખાતે એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ જણાવ્યું હતું કે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા પહેલેથી જ અમલમાં છે. તેમણે દલીલ કરી હતી કે દરેક માટે સમાન નિયમો અને કાયદા હોવા જોઈએ, અને આ સિદ્ધાંત શિક્ષણ ક્ષેત્રે પણ લાગુ પડે છે. મુખ્યમંત્રી ધામીએ જાહેરાત કરી કે હવેથી રાજ્યની તમામ મદ્રાસાઓમાં શુક્રવારને બદલે રવિવારે રજા રહેશે.

જો કે, કોંગ્રેસે શુક્રવારની રજા રદ કરવાના નિર્ણયને માત્ર એક 'રાજકીય સ્ટંટ' ગણાવીને ફગાવી દીધો છે.

# ઈરાને તેના સમૃદ્ધ યુરેનિયમને ત્રીજા દેશમાં મોકલવાના પ્રસ્તાવને ફગાવી દીધો

## હસ્તાંતરણ યોજના અંગે પાકિસ્તાનના આસિમ મુનીરને તેહરાનનો સ્પષ્ટ જવાબ

તેહરાન,

ઈરાને તેના સમૃદ્ધ યુરેનિયમને ત્રીજા દેશમાં મોકલવાના પ્રસ્તાવને ફગાવી દીધો છે. ઈરાનના સુરક્ષા પ્રમુખ મોહસેન રેઝાઈએ પાકિસ્તાનના સંરક્ષણ પ્રમુખ આસિમ મુનીરને સ્પષ્ટ કર્યું છે કે તેહરાન કોઈપણ પરમાણુ સામગ્રીને દેશની બહાર જવા દેશે નહીં. ઈરાન અને અમેરિકા વચ્ચેના સંઘર્ષને સમાપ્ત કરવાના પાકિસ્તાનના પ્રયાસોના ભાગરૂપે, ઈસ્લામાબાદે પ્રસ્તાવ મૂક્યો હતો કે તેહરાને તેના સમૃદ્ધ યુરેનિયમનો કેટલોક હિસ્સો અન્ય દેશમાં મોકલી આપવો જોઈએ.

ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ રેઝાઈએ પાકિસ્તાની સૈન્ય નેતાને કહ્યું, "સમૃદ્ધ પરમાણુ સામગ્રીનો એક નાનકડો અંશ પણ ઈરાનની બહાર જશે નહીં." પાકિસ્તાની નેતા હાલમાં તેહરાનની મુલાકાતે છે, જેનો ઉદ્દેશ્ય ઈરાન અને અમેરિકા વચ્ચે શાંતિ સમજૂતી કરાવવા માટેના નવા પ્રયાસોનો ભાગ છે.

તેમણે વધુમાં કહ્યું, "આવી સામગ્રી ઈરાની લોકો માટે એક મોટી સંપત્તિ અને રાષ્ટ્રીય ધન સમાન છે, જેનો ઉપયોગ દેશની અંદર જ થવો જોઈએ."

રેઝાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્યાં સુધી વોશિંગ્ટન વિશ્વાસ કેળવવા માટે અર્થપૂર્ણ પગલાં નહીં ભરે ત્યાં સુધી અમેરિકા સાથે કોઈ વાટાઘાટો થશે નહીં — "એક એવી પ્રક્રિયા જેની શરૂઆત ઈરાનની શરતો પૂરી કરવાથી થવી જોઈએ."

ઈરાનના મુખ્ય વાટાઘાટકાર અને સંસદના સ્પીકર મોહમ્મદ બાગેર ઘાલીબાફ તેમજ રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પણ મુનીર સમક્ષ આવી જ વાત દોહરાવી હતી.

મુનીર સાથેની મુલાકાત દરમિયાન, પેઝેશ્કિયાને અમેરિકાની ધમકીઓ હેઠળ વાટાઘાટો કરવાના વિચારને નકારી કાઢ્યો અને કહ્યું, "અમેરિકનોએ પહેલા ધમકીઓ અને પ્રતિબંધો હટાવવા પડશે; તો જ આપણે વાતચીત કરી શકીએ છીએ."

"આજે, આપણો દેશ અમેરિકા પર વિશ્વાસ કરતો નથી. તેને લાગે છે કે જો આપણે વાટાઘાટોમાં જોડાઈશું, તો તેઓ (અમેરિકનો) ફરીથી આપણા પર હુમલો કરશે."ઘાલીબાફે કહ્યું, "અમારી પાસે કહેવા માટે નવું કંઈ નથી; જ્યાં સુધી અમેરિકા સાત શરતો પૂરી નહીં કરે ત્યાં સુધી તે ઈરાનનો વિશ્વાસ જીતી શકશે નહીં." તેમણે નોંધ્યું કે "ધમકીઓ અને સૈન્ય કવાયતો ઈરાનના વ્યૂહાત્મક નિર્ણયોને પ્રભાવિત કરી શકતી નથી."

# સ્મૃતિ ઈરાનીએ મહિલાઓ અંગેની ટિપ્પણીઓ બદલ રાહુલ ગાંધીની આકરી ટીકા કરી





નવી દિલ્હી,

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના રાષ્ટ્રીય મહાસચિવ સ્મૃતિ ઝુબિન ઈરાનીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) વિશેની ટિપ્પણીઓ બદલ કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે મહિલાઓ પ્રત્યેના રાહુલ ગાંધીના વલણ પર સવાલ ઉઠાવ્યા અને તેમના પર અપમાનજનક નિવેદનો કરવાનો આરોપ લગાવ્યો. સોશિયલ મીડિયા પર રાહુલ ગાંધીની તાજેતરની પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા, સ્મૃતિ ઈરાનીએ આક્ષેપ કર્યો કે યુનિફોર્મ પહેરેલી એક મહિલા પોલીસ અધિકારી સાથે તેમણે જે રીતે વર્તન કર્યું, તેના પરથી મહિલાઓ પ્રત્યેનો તેમનો અભિગમ સ્પષ્ટ થાય છે. તેમણે એવો પણ પ્રશ્ન કર્યો કે જ્યારે રાહુલ ગાંધી વારંવાર આવા નિવેદનો કરતા હોય, ત્યારે મહિલાઓને જ તેમની ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપવા માટે શા માટે કહેવામાં આવે છે.

# હિન્દુ મંદિરમાં થયેલા સામૂહિક ગોળીબારના પ્રયાસની તપાસ ફેડરલ હેટ ક્રાઈમ તરીકે કરો

## ૧૦૦ થી વધુ યુએસ કાયદા નિર્માતાઓએ એફબીઆઇ ડિરેક્ટર કાશ પટેલને પત્ર લખ્યો

વોશિંગ્ટન,

૧૦૦ થી વધુ યુએસ કાયદા નિર્માતાઓએ એફબીઆઇ ડિરેક્ટર કાશ પટેલને પત્ર લખીને ઈલિનોઈસમાં એક હિન્દુ મંદિરમાં થયેલા સામૂહિક ગોળીબારના પ્રયાસની તપાસ ફેડરલ હેટ ક્રાઈમ તરીકે કરવા વિનંતી કરી છે. તેઓએ ભારતીય-અમેરિકનોને લક્ષ્ય બનાવતા ઓનલાઈન ધમકીઓને સંબોધવા માટે લેવામાં આવતા પગલાં વિશે પણ જવાબો માંગ્યા છે.

કોંગ્રેસમેન રાજા કૃષ્ણમૂર્તિના નેતૃત્વમાં કાયદા નિર્માતાઓનો આ પત્ર, શિકાગો નજીક ઓરોરામાં શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ૧૯ વર્ષીય બંદૂકધારીએ ગોળીબાર કરવાનો પ્રયાસ કર્યાના થોડા દિવસો પછી આવ્યો છે. તેની શોટગન જામ થઈ જતાં તેની યોજના નિષ્ફળ ગઈ, જેના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ. કોંગ્રેસના ૧૦૫ સભ્યો (ચાર યુએસ સેનેટર સહિત) ના પત્રમાં, ટ્રમ્પ વહીવટીતંત્રના નિવેદનોની પણ ટીકા કરવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે આ નિવેદનો વંશીય અને ધાર્મિક રૂઢિગત માન્યતાઓને કાયદેસર બનાવવા માટે સેવા આપે છે. પત્ર પર સહી કરનારાઓમાં ભારતીય-અમેરિકન કોંગ્રેસમેન પ્રમિલા જયપાલ, રો ખન્ના, અમી બેરા અને સુહાસ સુબ્રમણ્યમનો સમાવેશ થાય છે. તેમણે હોમલેન્ડ સિક્યુરિટી વિભાગની એક પોસ્ટનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં એક શીખ વ્યક્તિનો ફોટો હતો જેમાં સંદેશ હતોઃ "અમારી શેરીઓ પરથી ઉતરી જાઓ, તમને વાહન ચલાવતા નથી આવડતું, શ્રી સિંહ." તેમણે શિક્ષણ વિભાગની એક પોસ્ટનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં "કોલેજ ફૂટબોલને ફરીથી મહાન બનાવો" લખ્યું હતું. ટેક્સાસ યુનિવર્સિટીની ફૂટબોલ રમતમાં દક્ષિણ એશિયનોની ભાગીદારી અંગે ટેક્સાસ રિપબ્લિકન દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ આ પોસ્ટ આવી છે. પત્રમાં, કાયદા નિર્માતાઓએ જણાવ્યું હતું કે, "અમને એ વાતની પણ ખૂબ ચિંતા છે કે વહીવટીતંત્રના સંદેશાવ્યવહારે આ સમુદાયો પ્રત્યે નફરત ઘટાડવાને બદલે વધારી છે." કાયદા નિર્માતાઓએ જણાવ્યું હતું કે વંશીય તિરસ્કાર, ધાર્મિક સંદર્ભો અને સામૂહિક હિંસા માટેની તૈયારીઓનું આ સંયોજન વ્યાપક ફેડરલ પ્રતિભાવની માંગ કરે છે.

# અલ્હાબાદ હાઈકોર્ટે એમબીબીએસમાં વરિષ્ઠ નાગરિકોને ૧% ક્વોટા આપવાનો ઈનકાર કર્યો

## અનામતનો વિચાર સંબંધિત વિધાનસભા અથવા સરકાર દ્વારા કરવો જોઈએ

અલ્હાબાદ,

અલહાબાદ હાઈકોર્ટે તાજેતરમાં નીટ દ્વારા એમબીબીએસ અને અન્ય તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લાયક વરિષ્ઠ નાગરિકો માટે ૧% અનામત અથવા વિશેષ ક્વોટાની માંગ કરતી અરજીને ફગાવી દેતા સિંગલ જજના આદેશને સમર્થન આપ્યું હતું. અશોક બહારની ખાસ અપીલનો નિકાલ કરતા, ન્યાયાધીશ રાજન રોય અને મનજીવ શુક્લાની બેન્ચે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત અનામતનો વિચાર સંબંધિત વિધાનસભા અથવા સરકાર દ્વારા કરવો જોઈએ.

બેન્ચે નોંધ્યું હતું કે હાલમાં પ્રસ્તાવિત અનામત માટે કોઈ જોગવાઈ નથી અને અરજદારની રજૂઆતમાં આદેશની રિટની જરૂર હોય તેવા કોઈપણ અમલ કરી શકાય તેવા અધિકારનો સમાવેશ થતો નથી. કોર્ટે જણાવ્યું હતું કે, એમબીબીએસ અને અન્ય તબીબી અભ્યાસક્રમોમાં પ્રવેશમાં લાયક વરિષ્ઠ નાગરિકો માટે અનામતની માંગણી કરતી રજૂઆત આવા કોઈપણ અધિકાર પર આધારિત નથી."

# નવા ઉત્તર પ્રદેશમાં કોઈ કાયદાથી ઉપર નથી; રાજ્યમાં થયેલા ફેરફારોની ઝલક યોગીએ શેર કરી

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોલીસ સ્મારક દિવસ પર શહીદ પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી



લખનૌ,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોલીસ સ્મારક દિવસ પર શહીદ પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપી. તેમણે 'ઠ' પર નવા ઉત્તર પ્રદેશમાં થયેલા ફેરફારોનો ફોટો પણ શેર કર્યો અને કહ્યું કે નવા ઉત્તર પ્રદેશમાં કોઈ કાયદાથી ઉપર નથી. મુખ્યમંત્રીએ લખ્યું, "આજે, પોલીસ સ્મારક દિવસ પર, હું તે બધા બહાદુર પોલીસ કર્મચારીઓને કૃતજ્ઞતાપૂર્વક સલામ કરું છું જેમણે દેશની સુરક્ષા, સમાજની શાંતિ અને નાગરિકોના જીવનનું રક્ષણ કરતી વખતે પોતાના જીવનનું સર્વોચ્ચ બલિદાન આપ્યું. ફરજની વેદી પર પોતાના જીવનનું બલિદાન આપનારા આ બહાદુર પોલીસ કર્મચારીઓની બહાદુરી, હિંમત અને સમર્પણ આપણા બધા માટે સતત પ્રેરણાનો સ્ત્રોત છે."

મુખ્યમંત્રીએ પાછલી સરકારના કાર્યોની પણ ટીકા કરી. તેમણે કહ્યું કે ૨૦૧૭ પહેલા રાજ્ય માફિયા શાસન હેઠળ હતું. તે સમયે, કાયદાના ઉલ્લંઘન કરનારા તત્વોનું મનોબળ એટલું ઊંચું હતું કે બહાદુર પોલીસ અધિકારીઓને મથુરાના જવાહર બાગમાં કાયદાનું રક્ષણ કરતી વખતે પોતાના જીવનું બલિદાન આપવું પડ્યું. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે નવા ઉત્તર પ્રદેશમાં કોઈ પણ કાયદાથી ઉપર નથી. ઉત્તર પ્રદેશ અશાંતિના રાજ્યમાંથી ઉજવણીના રાજ્યમાં પરિવર્તિત થયું છે. પોલીસને ગુનેગારો સામે અસરકારક કાર્યવાહી કરવાની સ્વતંત્રતા મળી છે. ૨.૨૬ લાખથી વધુ પોલીસ ભરતીઓ, તાલીમ ક્ષમતામાં ૧૦ ગણો વધારો, સાત મુખ્ય શહેરોમાં કમિશનરેટ સિસ્ટમની સ્થાપના, દરેક જિલ્લામાં સાયબર પોલીસ સ્ટેશન અને દરેક પોલીસ સ્ટેશનમાં મહિલા હેલ્પ ડેસ્કથી પોલીસ સિસ્ટમ વધુ કાર્યક્ષમ, આધુનિક અને જવાબદાર બની છે.

# આજથી મુંબઈમાં 'ઈન્ડિયા કેમ ૨૦૨૬'ની ૧૪મી આવૃત્તિનું આયોજન; ગ્લોબલ કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગને એકસાથે લાવશે

મુંબઈ,

કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, રસાયણ અને ખાતર મંત્રાલય, ભારત સરકાર, ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ના સહયોગથી, બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, નેસ્કો (NESCO), મુંબઈ ખાતે ૨૨ થી ૨૪ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન 'ઈન્ડિયા કેમ ૨૦૨૬'ની ૧૪મી આવૃત્તિનું આયોજન કરશે.

આ ફ્લેગશિપ દ્વિવર્ષીય (બીજી વર્ષે યોજાતો) કાર્યક્રમ ભારતના કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ક્ષેત્રમાં સહયોગ, વેપાર અને રોકાણની તકો શોધવા માટે નીતિ નિર્માતાઓ, વૈશ્વિક ઉદ્યોગપતિઓ, રોકાણકારો, ટેકનોલોજી પ્રદાતાઓ, સંશોધકો અને અન્ય હિતધારકોને એકસાથે લાવશે.આ કાર્યક્રમની ૧૪મી આવૃત્તિની થીમ "એડવાન્ટેજ ભારતઃ એન ઈમર્જિંગ ગ્લોબલ કેમિકલ્સ હબ" છે. ઈન્ડિયા કેમ ૨૦૨૬ માં આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદનું આયોજન કરવામાં આવશે, જે આ કાર્યક્રમને ભારતની ઔદ્યોગિક




ક્ષમતાઓ, તકનીકી પ્રગતિ અને વૈશ્વિક ઉત્પાદન તેમજ સોર્સિંગ ડેસ્ટિનેશન તરીકેની ક્ષમતા દર્શાવવા માટેના એક મુખ્ય મંચ તરીકે સ્થાપિત કરશે.કેન્દ્રીય રસાયણ અને ખાતર તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી. નડ્ડા આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. કેન્દ્રીય રસાયણ અને ખાતર તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીઓ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ પણ આ કાર્યક્રમમાં હાજરી આપશે.ભારતીય કેમિકલ ઉદ્યોગ નોંધપાત્ર વૃદ્ધિ માટે તૈયાર

ભારત વિશ્વમાં રસાયણોનો છઠ્ઠો સૌથી મોટો ઉત્પાદક અને એશિયામાં ચોથો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. આ સ્થાનને ધ્યાનમાં લેતા, ૧૪મી ઈન્ડિયા કેમ ૨૦૨૬ ખૂબ મહત્વ ધરાવે છે.ભારતીય કેમિકલ ઉદ્યોગ ૨૦૩૦ સુધીમાં USD 300 બિલિયન અને ૨૦૪૦ સુધીમાં USD 1 ટ્રિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે, જેમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી રહી છે. આ ક્ષેત્રની વૃદ્ધિની ક્ષમતા વધતી માંગ, નિકાસની તકો, જનસાંખ્યિકીય લાભ, પ્રમાણમાં ઓછો માથાદીઠ વપરાશ અને અનુકૂળ સરકારી પહેલો દ્વારા સમર્થિત છે.ગવર્નન્સ સુધારાઓ, વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ, મજબૂત વેપાર અને રોકાણ નીતિઓ, મજબૂત નિયામક ફ્રેમવર્ક અને સ્પર્ધાત્મક ખર્ચે કુશળ શ્રમની ઉપલબ્ધતા દ્વારા વૈશ્વિક સ્તરે પસંદગીના ડેસ્ટિનેશન તરીકે ભારતના ઉભરવાને સમર્થન મળી રહ્યું છે.

# પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર પીઓકેના પૂંચ વિભાગમાં બીજા મોટા વિરોધ પ્રદર્શનની તૈયારી

## ઈન્ટરનેટ પ્રતિબંધો, આંશિક બજાર બંધ, આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો અને રાજકીય પ્રતિનિધિત્વને લઈને પ્રદેશમાં તંગદીલી

ઈસ્લામાબાદ,

જમ્મુ અને કાશ્મીર સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિ (જેએએસી)એ ૨૪ ઓક્ટોબરથી પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર પીઓકેના પૂંચ વિભાગમાં બીજા મોટા વિરોધ પ્રદર્શનની તૈયારી કરી છે. ઈન્ટરનેટ પ્રતિબંધો, આંશિક બજાર બંધ, આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો અને રાજકીય પ્રતિનિધિત્વને લઈને પ્રદેશમાં તણાવ યથાવત છે. સુરક્ષા એજન્સીઓ અનુસાર, કોટલીને વિરોધ પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર તરીકે નિયુક્ત કરવામાં આવ્યું છે, જ્યાં એક મોટી જાહેર સભા બોલાવવામાં આવી છે. તે જ દિવસે, રાવલકોટ અને અબ્બાસપુરમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન કોટલીમાં મુખ્ય જાહેર સભા સાથે એકત્ર થશે. મુઝફ્ફરાબાદ અને મીરપુરમાં રોડ બ્લોક કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

પ્રદેશમાં સંદેશાવ્યવહાર સેવાઓ હજુ પણ સામાન્ય નથી. મુઝફ્ફરાબાદમાં લગભગ ૧૩૬ દિવસ પછી ઈન્ટરનેટ સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી. પૂંછ અને કોટલીના કેટલાક ભાગોમાં મોબાઈલ ઈન્ટરનેટ ઍક્સેસ પર પ્રતિબંધ છે, જેના કારણે વિદ્યાર્થીઓ, વેપારીઓ અને સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ વધી રહી છે. પ્રદર્શનકારીઓએ નાગરિક સુવિધાઓ પુનઃસ્થાપિત કરવા અને સુરક્ષા પ્રતિબંધો હટાવવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો છે.

જેએએસી આંદોલન ઊંચા વીજળી બિલ, ઘઉંના લોટના ભાવ અને આર્થિક રાહતની માંગણીઓ સાથે શરૂ થયું હતું. બાદમાં, શાસનની જવાબદારી, નાગરિક અધિકારો, સુધારેલી જાહેર સેવાઓ અને વિધાનસભામાં રાજકીય પ્રતિનિધિત્વ જેવા મુદ્દાઓ પણ તેની માંગણીઓના ચાર્ટરમાં મુખ્ય બન્યા. પાકિસ્તાનમાં રહેતા કાશ્મીરી શરણાર્થીઓ માટે વિધાનસભામાં ૧૨ અનામત બેઠકો રદ કરવાની માંગ વિવાદનો મુખ્ય મુદ્દો છે.જેએએસી દલીલ કરે છે કે આ બેઠકોની વર્તમાન વ્યવસ્થા પ્રદેશના સ્થાનિક મતદારોના પ્રતિનિધિત્વને અસર કરે છે. જુલાઈથી સપ્ટેમ્બર સુધી ચાલેલા વિશાળ વિરોધ પ્રદર્શન દરમિયાન, પાકિસ્તાની સેનાએ ૧૫૦ વિરોધીઓને મારી નાખ્યા હતા. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની સેનાએ આશરે ૨૦૦ મહિલાઓ અને છોકરીઓનું અપહરણ પણ કર્યું હતું, જેમનો હજુ સુધી કોઈ પત્તો નથી. પ્રદર્શનકારીઓને આતંકવાદી જાહેર કરવામાં આવ્યા હતા. નરસંહાર માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં રેન્જર્સ પણ તૈનાત કરવામાં આવ્યા હતા.

બ્રિગેડિયર ડૉ. વિજય સાગર ધીમન (નિવૃત્ત) ને જણાવ્યું હતું કે જો સ્થાનિક કઠપૂતળી સરકાર અને પાકિસ્તાની સુરક્ષા અધિકારીઓ ૨૪ ઓક્ટોબરના એકત્રીકરણ પહેલાં JAAC નેતૃત્વ સાથે નક્કર અને આદરણીય રાજકીય કરાર પર પહોંચશે નહીં, તો પરિસ્થિતિ નિયંત્રણ બહાર થઈ શકે છે.

# રાજકોટની કીયાન એમ એક્સપોર્ટ કંપની પાસેથી ફેબ્રિક્સ મંગાવી રૂા. ૫.૪૪ કરોડની છેતરપિંડી

## મુંબઈના પ્રેમચંદ અશોક મિત્તલ સામે ઈઓડબલ્યુમાં ફરિયાદ નોંધાઈ, મિત્તલે કાપડ ખરીદીને રૂપિયા ન ચૂકવ્યા

રાજકોટ : મોરબી રોડ પર કીયાન એમ એક્સપોર્ટ નામની કંપની પાસેથી કાપડની ખરીદી કરી રૂા. ૫.૪૪ કરોડ નહીં ચૂકવી છેતરપિંડી કર્યાની મુંબઈમાં રહેતા પ્રેમચંદ અશોક મિત્તલ સામે ઈઓડબલ્યુમાં ફરિયાદ નોંધાઇ છે. જેના આધારે તપાસ આગળ ધપાવાઇ છે.

કંપનીના ડીરેક્ટર રાજેશભાઈ માલવિયા અને તેનો પુત્ર દર્શ છે. કંપની દ્વારા લીગલ કામ માટે ઓથોરાઈઝ કરાયેલા કેનીલ સરધારા (ઉ.વ.૨૫, રહે. શક્તિ સોસાયટી શેરી નં.૧૪, સંત કબીર રોડ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ૨૦૨૪ના ડીસેમ્બર મહિનામાં તેની કંપનીના સેલ્સના એક્સપોર્ટ હેડ તરીકે કામ કરતાં તૃષાબેન પટેલનો આરોપીએ સંપર્ક કરી કંપનીનો નંબર મેક્સિકો ખાતેથી મેળવ્યાનું કહી કાપડની ખરીદીની વાત કરી હતી. જેથી આરોપીને કંપનીની વીઝીટ કરવા માટે બોલાવતા આવ્યો હતો.

તે વખતે આરોપીએ પોતાની કંપનીનું નામ મારૂતી એક્સપોર્ટ હોવાનું જણાવ્યું હતું. કંપની મુંબઈમાં હોવાનું પણ કહ્યું હતું. ૨૦૨૫ના ફેબ્રુઆરી મહિનામાં તેની કંપનીનો ભારત મંડપમમાં સ્ટોલ હતો. ત્યાં પણ આરોપીએ મુલાકાત લીધી હતી. ત્યારબાદ ૨૦૨૫ના જાન્યુઆરી મહિનામાં આરોપીએ સાટિન ડાઈંગ પ્રિન્ટના કાપડનો ઓર્ડર આપ્યો હતો. કટકે-કટકે પેમેન્ટ ચૂકવી દીધું હતું. આ પછી આરોપી અવારનવાર માલ લઈ સમયસર પેમેન્ટ ચૂકવી દેતો હતો.

એક દિવસ આરોપીએ તેની કંપનીના સેલ્સ હેડને કોલ કરી હવે પછી તેની કંપની વતી કલ્પેશ કાપડિયા વાતચીત કરશે તેમ કહ્યું હતું. એટલું જ નહીં ક્રેડીટ લીમીટ પણ વધારાવી લીધી હતી. ૨૦૨૫ના સાત માસ દરમિયાન આરોપીએ રૂા. ૮.૯૭ કરોડનું કાપડ મંગાવ્યું હતું. જેની સામે રૂા. ૩.૫૨ કરોડનું પેમેન્ટ કર્યું હતું. બાકીના રૂા. ૫.૪૪ કરોડ ચૂકવ્યા ન હતા. ઉઘરાણી કરતાં કહેતો કે તમારો માલ ઈન્ડોનેશિયા એક્સપોર્ટ કર્યો છે, તે માલ ખરાબ છે.

આ પ્રકારના બહાના બતાવતો હતો. જયારે વાસ્તવમાં માલ ખરાબ હતો નહીં. વધુ તપાસમાં આરોપીએ કોઈ માલ એક્સપોર્ટ નહીં કર્યાનું અને લોકલ માર્કેટમાં વેચી દીધાનું જાણવા મળ્યું હતું. જેથી આખરે ફરિયાદ નોંધાવી હતી.

# સુરેન્દ્રનગરમાં માલગાડીના બે વેગન ખડી પડયા, ટ્રેન વ્યવહાર ખોરવાયો

## માલગાડીના ૨ વેગન પાટા પરથી ઉતરી જતાં રાજકોટ ડિવિઝનનો રેલ વ્યવહાર પ્રભાવિત થયો





રાજકોટ : સુરેન્દ્રનગર રેલવે યાર્ડમાં આજે બુધવારે બપોરે માલગાડીના બે વેગન પાટા પરથી ઉતરી જતાં રાજકોટ ડિવિઝનનો રેલ વ્યવહાર પ્રભાવિત થયો હતો. બપોરે ૧.૩૦ વાગ્યે ઉત્તરપ્રદેશના પનકી ધામથી જામનગરના હાપા જતી ખાલી માલગાડી યાર્ડમાં લૂપ લાઈન પરથી મુખ્ય લાઈન તરફ જઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. જો કે, સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી.

આ ઘટનાને પગલે રેલવે તંત્રે ટ્રેનોના માર્ગમાં ફેરફાર કરવાની સાથે બે પેસેન્જર ટ્રેનોને આંશિક રીતે રદ કરી હતી. રેલ વ્યવહારને અસર થતાં ઓખા, પોરબંદર અને વેરાવળ તરફથી આવતી પાંચ એક્સપ્રેસ ટ્રેનોને વૈકલ્પિક માર્ગે દોડાવવાની જાહેરાત કરાઈ હતી. આ ટ્રેનોને થાન, વાંકાનેર, મોરબી, માળિયા મિયાણા અને વિરમગામ થઈને અથવા રાજકોટથી મોરબી, માળિયા મિયાણા અને વિરમગામના માર્ગે ચલાવવાનું આયોજન કરાયું હતું. બીજી તરફ, સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ અને ગુવાહાટી-ઓખા એક્સપ્રેસને પણ વિરમગામ-માળિયા મિયાણા-મોરબી થઈને ચલાવવાનો નિર્ણય લેવાયો હતો.

સુરેન્દ્રનગર-ભાવનગર વચ્ચે દોડતી પેસેન્જર ટ્રેનોના સંચાલન પર પણ અસર પડી હતી. ભાવનગર ટમનસ-સુરેન્દ્રનગર પેસેન્જરને વઢવાણ સિટી સુધી જ ચલાવવાની જાહેરાત કરાઈ હતી, જ્યારે સુરેન્દ્રનગર-ભાવનગર પેસેન્જર વઢવાણ સિટીથી ઉપાડવાનું નક્કી કરાયું હતું. પરિણામે વઢવાણ સિટી-સુરેન્દ્રનગર વચ્ચે બંને ટ્રેનોનો પ્રવાસ રદ રહ્યો હતો.

# રૂ. ૩૪ હજારના મેફેડ્રોન ડ્રગ્સ સાથે રીઢો નશેડી ઝડપાયો: ચોટીલાથી લાવ્યાનું ખુલ્યું

રાજકોટ: રાજકોટ શહેરમાં યુવાધનને નશાના રવાડે ચડતું અટકાવવા અને માદક પદાર્થોનું નેટવર્ક નેસ્તનાબૂદ કરવા શરૂ કરાયેલી ઝુંબેશ અંતર્ગત પોલીસને મોટી સફળતા મળી છે.રાજકોટ શહેર એન્ટી નાર્કોટિક્સ વિંગે રૈયાધાર વિસ્તારમાંથી ૧૧.૬૦ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે એક રીઢા નશેડીને ઝડપી પાડ્યો છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સપ્લાયર તરીકે ચોટીલાના શખસનું નામ ખૂલતાં તેને પકડવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જાણવા મળતી વિગતો મુજબ બાતમીના આધારે એન્ટી નાર્કોટિક્સ વિંગના પીઆઈ બી.બી. જાડેજા, એસઓજી પીઆઈ એન.બી. ચૌધરી અને પીએસઆઈ વી.વી. ધ્રાંગુની ટીમે રૈયાધાર શાંતિનિકેતન મેઈન રોડ, શાંતિનિકેતન ગેટ નજીક આકૃતિ ઓરા એપાર્ટમેન્ટ આગળ વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં એક્ટિવા લઈને નીકળેલા રૈયાધારના મફતિયાપરામાં રહેતા રોહિત ઉર્ફે પીયૂષ પરેશભાઈ ડાભી (ઉં.વ.૨૬)ને કોર્ડન કરી અટકાયત કરવામાં આવી હતી.

પોલીસે પંચોની હાજરીમાં આરોપીની અંગઝડતી લેતાં તેના પેન્ટના ખિસ્સામાંથી રૂ.૩૪,૮૦૦ની કિંમતનું ૧૧.૬૦ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ મળી આવ્યું હતું. એફએસએલ અધિકારી એસ.જે. જોષી દ્વારા સ્થળ પર જ પ્રાથમિક પરીક્ષણ કરી ડ્રગ્સ હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી.પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, આ જથ્થો તે ચોટીલા ખાતે રહેતા મનોજકુમાર ગિરિશભાઈ ચૌહાણ પાસેથી બે દિવસ પહેલાં રૂ.૨૦,૦૦૦ માં લાવ્યો હતો. પોલીસે આરોપીના કબજામાંથી રૂ.૩૪,૮૦૦ના ડ્રગ્સ ઉપરાંત રૂ.૪૦ હજારનું એક્ટિવા, રૂ.૧૦ હજારનો મોબાઈલ તથા રૂ.૩૦૦ની રોકડ સહિત રૂ.૮૫,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ગોંડલમાં યુવાનને ઊંધો લટકાવી પટ્ટા વડે માર મારી, માફી મગાવી

## ૧૯ વર્ષીય બ્રિજેશ જેઠવાને તેની મહિલા મિત્રના પ્રેમી ગૌતમ વાઘેલાએ અન્ય ૩ મિત્રો સાથે મળીને માર્યો





ગોંડલ : ગોંડલનાં રણછોડનગરમાં રહેતા યુવાનને મહિલા મિત્રના ધરાર પ્રેમીએ પટ્ટા વડે બેફામ માર મારી હત્યાના ઈરાદે નદીના પાળે ઉંધો લટકાવીને છરીની અણીએ માફી મગાવી વીડિયો ઉતારી લીધો હતો. એ પછી પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી પણ આપી હતી. જે અંગે ચાર શખસો સામે હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.ચારેયને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

રેલવે સ્ટેશન નજીક લાલપુલ પાસે રહેતા બ્રિજેશ કમલેશભાઈ જેઠવા નામના૧૯વર્ષીય યુવાને નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગૌતમ મહેન્દ્ર વાઘેલા, મિલન ભનુ ઝાલા, સ્મિત ઉર્ફે રાજા હરસુખ પરમાર અને રોનક જયેશ પરમારનું નામ આપ્યું છે.ફરીયાદમાં જણાવ્યું હતુ કે, એક મહીના પહેલા તેની મહિલા મિત્રને ગૌતમ વાઘેલા સંબંધ રાખવા માટે વોટસએપમાં મેસેજ કરતો હતો . તેમજ મહિલા મિત્રની શેરીમાં આંટાફેરા કરતો હોવાથી તેની ફ્રેન્ડે આ બાબતે બ્રિજેશને કહ્યું હતુ કે, હું તેની સાથે સબંધ રાખવા માંગતી નથી એટલે તેને તમે કહી દો કે, મને મેસેજ ના કરે કે અમારી શેરીમાં આંટાફેરા ન કરે તેમ કહી યુવાનને આરોપી ગૌતમનો મોબાઈલ નંબર આપ્યો હતો.

ફોન નંબર મળ્યા પછી યુવાને ગૌતમને ફોન કર્યો ન હતો. એ પછી ગૌતમએ બ્રિજેશના મોબાઈલ નંબર મેળવી તેને ફોન કરી કોલેજ ચોકમા મળવા બોલાવ્યો હતો પણ યુવાન મળવા ગયો ન હતો.આ બનાવ બાદ ગઈ તા.૧૯ સોમવારના બપોરના બ્રિજેશ તથા તેના પાડોશમાં રહેતો મિત્ર વત્સલ જોષી ગોંડલી નદીના કાંઠે મેલડીમાંના મંદીરે સાફ સફાઈ કરવા ગયા હતા. દરમિયાન બપોર એકટીવા તથા એક એકસેસ વાહનમાં ગૌતમ મહેન્દ્રભાઈ વાઘેલા, મીલન ભનુભાઈ ઝાલા, સ્મીત ઉર્ફે રાજા હરસુખભાઈ પરમાર તથા રોનક જયેશભાઈ પરમાર એમ ચાર શખ્સો ધસી આવ્યા હતા.એ બધા મયંક, સ્મીત, બ્રિજેશ ને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. ગૌતમ વાઘેલા તથા મીલન ઝાલાએ કમરના પટ્ટા કાઢી ને મારમાર્યો હતો. દરમિયાન યુવાનનો મીત્ર વત્સલ જોષી બચાવવા વચ્ચે પડતા તેને પણ ઈજા થઈ હતી. સ્મીત ઉર્ફે રાજા પરમારે યુવાનને છરી બતાવી યુવાન પાસે 'તમારા સમાજ વિશે ખરાબ બોલ્યો હતો અને છોકરી બાબતે ઝઘડો કરાવ્યો હતો એટલે મને માર મારેલ છે' તેમ બોલાવી તેનો વીડિયો સ્મીતના મોબાઈલમાં રેકોર્ડ કરી લીધેલ હતો.

# મોરબીના પીપળીયા હાઈવે પર ડમ્પરની અડફેટે કારનો કચ્ચરઘાણ, બે શ્રમિકોના મોત, ૬ ઈજાગ્રસ્ત

## અકસ્માતની હૃદયદ્રાવક ઘટનાને પગલે હાઈવે પર ભારે અફરાતફરી મચી ગઈ





મોરબી: મોરબી જિલ્લાના પીપળીયા હાઈવે પર લુટાવદર ગામ નજીક એક અત્યંત ગમખ્વાર અને ગોઝારો અકસ્માત સર્જાયાના અહેવાલ મળી રહ્યા છે. પુરપાટ ઝડપે આવી રહેલા રેતી ભરેલા એક બેકાબૂ ડમ્પરે આગળ જઈ રહેલી કારને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત એટલો ભયાનક અને ગંભીર હતો કે ટક્કર લાગતાની સાથે જ કાર અને ડમ્પર બંનેની હાલત અત્યંત ખરાબ થઈ ગઈ હતી અને વાહનોના ફુરચા ઉડી ગયા હતા. અકસ્માતની આ હૃદયદ્રાવક ઘટનાને પગલે હાઈવે પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ કારમાં કુલ ૮ જેટલા શ્રમિકો સવાર થઈને જઈ રહ્યા હતા. રેતી ભરેલા ડમ્પરની પ્રચંડ ટક્કરને કારણે કારમાં સવાર શ્રમિકો ગંભીર રીતે ફસાઈ ગયા હતા. સ્થાનિક લોકો અને પોલીસની મદદથી ભારે જહેમત બાદ ઈજાગ્રસ્તોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ભયાનક અકસ્માતમાં ઘટનાસ્થળે જ બે શ્રમિકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૬ શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મૃતકોના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો છે અને સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને રાહત તથા બચાવ કામગીરી હાથ ધરી હતી. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા તમામ ૬ શ્રમિકોની તબિયત નાજુક જણાતા તેમને પ્રાથમિક સારવાર આપીને તાત્કાલિક ધોરણે વધુ સારવાર અર્થે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ પોલીસ દ્વારા અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો અને ડમ્પર ચાલકની લાપરવાહી કેટલી હતી તે અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવી છે.

# શહેરના વાવડી વિસ્તારમાં હૃદયદ્રાવક ઘટના: ૧૭ વર્ષની સગીરાનો ગળેફાંસો ખાઈ આપઘાત

## દીકરી શાકભાજી વેંચી પરિવારને મદદરૂપ થતી હતી, ઘરે એકલી હતી ત્યારે જીવન ટૂંકાવ્યું



રાજકોટ:રાજકોટ શહેરના વાવડી વિસ્તારમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા માટે શાકભાજી વેચતી માત્ર ૧૭ વર્ષની સગીરાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. પરિવારના સભ્યો બહાર એક રેસ્ટોરન્ટના ઉદ્ઘાટન પ્રસંગમાં ગયા હતા તે દરમિયાન પાછળથી ઘરે એકલી રહેલી સગીરાએ આ આત્યંતિક પગલું ભરી લીધું હતું.

ઘટનાની વિગતો અનુસાર, વાવડી ગામ પાછળ આવેલી વિશ્વકર્મા સોસાયટીમાં ચામુંડા હોટલ પાસે રહેતી અને મૂળ મહારાષ્ટ્રના કાનપુરની વતની ૧૭ વર્ષીય કાજલકુમારી રાજુભાઈ નામની સગીરા સાંજના આશરે ૬ વાગ્યાના સુમારે ઘરે એકલી હતી. આ સમયે પરિવારજનો એક રેસ્ટોરન્ટના ઓપનિંગ કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પરિવાર ઘરે પરત ફર્યો ત્યારે કાજલકુમારી ગળેફાંસો ખાધેલી હાલતમાં લટકતી જોવા મળી હતી. આ દ્રશ્ય જોઈ પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જોકે, સ્થળ પર પહોંચેલા ૧૦૮ના તબીબી સ્ટાફે તપાસીને સગીરાને મૃત જાહેર કરી હતી.આ ઘટના અંગે જાણ થતાં જ રાજકોટ તાલુકા પોલીસ મથકનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને જરૂરી પંચનામું કરી સગીરાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે મૃતકના પિતા રાજુભાઈ છૂટક મજૂરીકામ કરે છે. ૧૭ વર્ષની કાજલકુમારી પણ ઘરની આર્થિક સ્થિતિ સુધારવા અને માતા-પિતાને મદદરૂપ થવા માટે શાકભાજી વેચવાનું કામ કરતી હતી. મહેનતુ અને નાની ઉંમરની દીકરીના અકાળે અવસાનથી સ્થાનિક વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

શાકભાજી વેચતી આ પરિશ્રમી સગીરાએ કયા સંજોગોમાં કે કયા અગમ્ય કારણોસર આટલું મોટું અંતિમ પગલું ભરી લીધું તે અંગે પરિવારજનો પણ સંપૂર્ણપણે અજાણ છે. ઘરમાંથી કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી છે કે કેમ તેમજ સગીરા કોઈ માનસિક તણાવમાં હતી કે અન્ય કોઈ અંગત કારણ જવાબદાર હતું, તે દિશામાં તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# ભાયાસર અને ચાડધ્રામાં ખાણ ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડના દરોડા, રૂ.૩ કરોડનો માલ સીઝ



રાજકોટ:રાજકોટ શહેર અને જિલ્લાભરમાં ગેરકાયદેસર ખનિજ ચોરીના બનાવો સતત વધી રહ્યા છે, ત્યારે ખાણ ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે રાજકોટના ભાયાસર અને મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ચાડધ્રા ગામ ખાતે દરોડા પાડીને ૩ કરોડો રૂપિયાનો મુદ્દામાલ સીઝ કરાયો છે.રાજકોટના ભાયાસર ગામ ખાતે ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે અચાનક દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ગેરકાયદેસર હાર્ડમોરમ ખનિજનું ખનન અને વહન કરતાં ૧ જેસીબી કંપનીનું એક્સકેવેટર મશીન તથા ૨ ડમ્પર ઝડપી લેવામાં આવ્યા હતા.

ઘટનાસ્થળે આ વાહનો અને મશીનરી ગેરકાયદે ખનનમાં સંકળાયેલા હોવાનું સ્પષ્ટ જણાતાં ટીમે આશરે રૂ.૧ કરોડનો મુદ્દામાલ સીઝ કરીને આજી ડેમ પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવ્યો છે.ખનિજ ચોરોએ ઉપાડેલા હાર્ડમોરમની માપણી પૂર્ણ કરવામાં આવી છે અને હવે કચેરી દ્વારા આગળની દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બીજા દરોડામાં, મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ચાડધ્રા ખાતે નદી વિસ્તારમાં ગેરકાયદેસર ખનનની ચોક્કસ બાતમી મળતાં ખાણ ખનિજની ટીમે દરોડો પાડ્યો હતો.મોજે ચાડધ્રા ખાતે ગેરકાયદે સાદી રેતીનું ખનન અને વહન કરતાં ૧ એક્સકેવેટર મશીન અને ૩ ડમ્પર પકડી પાડવામાં આવ્યા હતા. આ કેસમાં આશરે રૂ.૨ કરોડનો મુદ્દામાલ સીઝ કરીને હળવદ પોલીસ સ્ટેશનના હવાલે કરાયો છે. અહીં પણ ખનિજ ખનનની માપણી કામગીરી પૂરી કરી કચેરી ખાતેથી દંડકીય પ્રક્રિયા હાથ ધરાઈ છે.

મદદનીશ નિયામક અંકિત ભટ્ટના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર ઝોનના વિવિધ જિલ્લાઓ જેવા કે મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ અને જામનગરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. બ્લેકટ્રેપ, સાદી રેતી, ફાયરક્લે, સેન્ડસ્ટોન, હાર્ડમોરમ અને એમ-સેન્ડ વગેરે ખનિજના ગેરકાયદેસર વહન સામે હાથ ધરાયેલી ઝુંબેશમાં કુલ ૧૯ ડમ્પર અને ૨ એક્સકેવેટર/જેસીબી મશીનો પકડીને રૂ.૮ કરોડથી વધુનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો છે. આ પૈકી ૧૪ ડમ્પર પકડીને આશરે ૫ કરોડ રૂપિયાનો દંડ કરવાની કડક કામગીરી કરાઈ છે.

# રાજકોટ સિવિલમાં ૭૦ વર્ષના વૃદ્ધા પાસે સ્ટ્રેચર ખેંચાવવા બદલ ફક્ત શોકોઝ નોટિસ



રાજકોટ : રાજકોટની પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં આશરે ૭૦ વર્ષનાં વૃદ્ધા પોતાના સ્વજનને લઈ જવા માટે જાતે સ્ટ્રેચર ખેંચતાં નજરે પડયાં હતાં. જેથી ઉહાપોહ મચી જતાં આખરે અધિકારીઓએ ભૂલ સ્વીકારીને આઉટસૉર્સિંગ સ્ટાફની કોન્ટ્રાક્ટર એજન્સી એમ.જે. સોલંકી અને અન્ય જવાબદાર કર્મચારીઓને શોકોઝ નોટિસ ફટકારીને ખુલાસો માંગ્યો છે. આ સાથે બેદરકારી સાબિત થશે તો લાપરવાહ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવા અને ભવિષ્યમાં આવી ઘટના નહીં બને તેવી ખાતરી આપી છે.

આ ઘટનાના સંદર્ભમાં આરએમઓ ડો. હર્ષદ દુસરાએ સ્વીકાર્યું છે કે, નર્સિંગ સ્ટાફ અને સર્વન્ટ સ્ટાફ હાજર હોવા છતાં નિષ્કાળજી દાખવવામાં આવી હતી. સિનિયર સિટીઝન સાથે હોય ત્યારે તેમની મદદ માટે સર્વન્ટને મોકલવો જોઈતો હતો. આ ઘટનાને ગંભીર ગણીને સંબંધિત નર્સિંગ સ્ટાફ, વોર્ડબોય અને સર્વન્ટ સ્ટાફને રૂબરૂ બોલાવી ઠપકો આપવામાં આવ્યો છે અને કારણદર્શક નોટિસ પણ અપાઈ છે. આ સાથે આજથી દર્દીઓની સાથે એક સર્વન્ટ કર્મચારીને મોકલવાનું શરૂ કરાયું છે.

જ્યારે સિવિલ હોસ્પિટલના હિસાબી અધિકારી ડો. એમ.એસ. રોયે પણ આ ઘટનાને દુઃખદ ગણાવીને ઉમેર્યું છે કે, સિવિલ હોસ્પિટલમાં આઉટસોર્સ સ્ટાફ પૂરો પાડવાની જવાબદારી એમ.જે. સોલંકી એજન્સીની છે, જેથી તેને અને સંબંધિત કર્મચારીઓને નોટિસ આપીને ખુલાસો માગવામાં આવ્યો છે. તપાસમાં કોઈની બેદરકારી સાબિત થશે તો તેમને નોકરીમાંથી દૂર કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે.

# ગોંડલમાં ૨૬ લાખની તોડબાજી કેસના આરોપીઓ જેલહવાલે

## પત્રકાર રવિ રામાણી સહિત ૩ આરોપીઓના રિમાન્ડ પૂરા થતાં રાજકોટ જેલ ધકેલાયા



ગોંડલ:ગોંડલમાં જામીન કરાવવા અને ગુનામાં ફિટ કરી દેવાની ધમકી આપી મહિલા પાસેથી રૂ. ૨૬ લાખની રકમ પડાવવાના મામલે પકડાયેલા પત્રકાર રવિ રામાણી સહિતના ત્રણેય આરોપીઓના એક દિવસના રિમાન્ડ પૂરા થતાં તેમને ગોંડલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે ત્રણેય આરોપીઓને જેલહવાલે કરવાનો હુકમ આપતાં પોલીસે તેમને રાજકોટ જેલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. ગોંડલ બી ડીવીઝન પોલીસે તોડબાજી અને ખંડણી મામલે પત્રકાર રવિ રામાણી, અજય ગોસ્વામી અને મયુર સોનીની ધરપકડ કરી કાયદાકીય કાર્યવાહી કરી હતી.ઘટનાની વિગતો અનુસાર, ગોંડલના એક મહિલાના પતિ ઉચાપતના ગુનામાં જેલમાં હતા. આરોપીઓએ પોલીસ, જેલ અને કોર્ટમાં પોતાની વગ હોવાનું કહી મહિલાને પતિના જામીન કરાવવા અને પરિવારના અન્ય સભ્યોને કેસમાં ફિટ ન કરવાના બહાને ડરાવી-ધમકાવીને કટકે-કટકે કુલ રૂ. ૨૬ લાખની રકમ પડાવી લીધી હતી. આ મામલે પીડિત મહિલાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે મ્નજી ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને તમામ આરોપીઓની ધરપકડ કરી હતી.

આ ઘટના બાદ ગોંડલ બી ડીવીઝન પોલીસ દ્વારા જાહેર જનતાને વિશેષ અપીલ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું છે કે આ આરોપીઓ કે અન્ય કોઈપણ વ્યક્તિ અથવા પત્રકાર દ્વારા તોડબાજી, ખંડણી કે ધમકીનો ભોગ બનેલા નાગરિકો કોઈપણ જાતના ડર વગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનનો રૂબરૂ સંપર્ક કરી ફરિયાદ નોંધાવી શકે છે.

# મિત્રના હેક થયેલા એકાઉન્ટમાંથી આવેલી લિંકે વેપારીને કંગાળ કર્યા

## 'વેડિંગ ઈન્વિટેશન'ની એપીકે ફાઈલ ખોલતાં જ બિલ્ડરના રૂ.૫.૮૫ લાખ સાફ

રાજકોટ:સાયબર માફિયાઓએ હવે લોકોને છેતરવા માટે લગ્નની કંકોત્રીના નામે નવો કીમિયો અપનાવ્યો છે. રાજકોટના કેનાલ રોડ પર રહેતા અને જમીન-મકાન તથા કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી મનીષભાઈ મુળજીભાઈ ઢોલરિયા આવા જ એક સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. ગઠિયાઓએ તેમના બેંક ખાતામાંથી કટકે-કટકે કુલ રૂ.૫,૮૪,૯૯૯ની રકમ સેરવી લેતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર મનીષભાઈના મિત્ર વસંતભાઈ (સદભાવના વાળા)નો મોબાઈલ અગાઉ હેક થઈ ગયો હતો. જેના કારણે તેમના વોટ્સએપ નંબર પરથી મનીષભાઈના મોબાઈલમાં 'Wedding Invitation' નામની એક APK ફાઈલ આવી હતી. મનીષભાઈએ આ ફાઈલ ઓપન કરતાં તેમાં માત્ર કોડિંગ અને આંકડા દેખાતા તેમણે તરત જ ફાઈલ બંધ કરીને ડિલીટ કરી દીધી હતી.

ફાઈલ ડિલીટ કર્યા બાદ ગત તા.૧૩ સપ્ટેમ્બરના રોજ મનીષભાઈના ડી.સી.બી. બેંક એકાઉન્ટમાંથી તેમની જાણ બહાર રૂ.૯,૯૯૯થી લઈને રૂ.૧.૫૦ લાખ સુધીના કુલ ૬ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા રૂ.૫.૮૫ લાખ ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા.

ચોંકી ઉઠેલા વેપારીએ મિત્રને પૂછતાં માલૂમ પડ્યું કે તેમનો ફોન હેક થવાથી તમામ કોન્ટેક્ટ્સમાં આ ફાઈલ આપોઆપ જતી રહી હતી. વેપારીએ તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવ્યા બાદ, રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) તથા IT એક્ટની કલમ ૬૬ (C) હેઠળ ગુનો નોંધી પીઆઈ શુભેન્દુ ફૂલતરિયાએ વધુ તપાસ હાથ ધરી છે.

સાયબર પોલીસે જણાવ્યું હતું કે, કોઈપણ વ્યક્તિને તેના પરિચિતના નામે સોશિયલ મીડિયાના મારફત એપીકે નામની ફાઈલ કે શંકાસ્પદ લિંક મળે તો ખોલવી નહી અને જે-તે વ્યક્તિને ફોન કરીને ખરાઈ કરી લેવી.